વિ. સંવત ૨૦૮૧, અષાઢ સુદ - ૯
FRIDAY
04 JULY 2025
LOKASATTA JANASATTA
VADODARA

(A Leading Gujarati Daily Since 1951)

# લોકસત્તા જનસત્તા

@LoksattaJansatta @loksattajansatta YouTube @theloksatta www.loksattanews.co.in નીડર અને નિષ્પક્ષ

• કુલ પાના ૧૨ • કિંમત ₹ ૫.૦૦ • YEAR-74 • VOL 212 CMD : Sanjay Shah

### ટ્રમ્પ તરફથી લાગુ રેસિપ્રોકલ ટેરિફ ડેડલાઇન ૯ જુલાઈએ પૂરી થશે : ભારતની ભારપૂર્વક માગ છે કે ટેરિફ ૧૦% કે તેથી ઓછો હોવા જોઈએ

# ૪૮ કલાકમાં ટ્રેડ ડીલ, ટેરિફ પણ ઓછો : ટ્રમ્પ

### અમેરિકાની જાહેરાત હમ સાથ સાથ હૈ : ભારત અને અમેરિકા વચ્ચેનો ટ્રેડ ડીલ ૨૦૩૦ સુધીમાં ૪૩ લાખ કરોડ રૂપિયાના વેપારની પ્રથમ કડી હશે

વોશિંગ્ટન ડીસી, તા.૩

ભારત અને અમેરિકા વચ્ચે વચગાળાના વેપાર કરાર થઈ રહ્યા છે. આગામી ૪૮ કલાકમાં મોટી જાહેરાત થઈ શકે છે. ભારત-યુએસ વચ્ચેનો વેપાર કરાર અંતિમ ચરણમાં છે. ડોનાલ્ડ ટ્રમ્પ તરફથી લાગુ રેસિપ્રોકલ ટેરિફ પર ડેડલાઈન ૯ જુલાઈના રોજ પૂરી થઈ રહી છે. અગાઉ બંને દેશો વચ્ચે ટ્રેડ ડીલ પર મહોર વાગવાની હતી, પરંતુ ભારત કૃષિ ક્ષેત્રે પોતાની શરતો પર અડગ રહેતાં ડીલ ખોરંભે પડી હતી.

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે આશા વ્યક્ત કરી છે કે ભારત અને અમેરિકા વચ્ચે ટૂંક સમયમાં ટ્રેડ ડીલ થશે અને ટેરિફ પણ ઓછો હશે. મીડિયા સાથે વાત કરતા ટ્રમ્પે કહ્યું કે, ભારત સાથેની ટ્રેડ ડીલ કંઈક અલગ હશે. ભારત અને અમેરિકા વચ્ચેનો આ ટ્રેડ ડીલ ૨૦૩૦ સુધીમાં ૪૩ લાખ કરોડ રૂપિયાના વેપારની પ્રથમ કડી હશે.

ભારત કોઈપણ દેશને ટેરિફના સંદર્ભમાં કોઈ છૂટ આપતું નથી, પરંતુ મારું માનવું છે કે આ વખતે બંને દેશોને ટ્રેડ ડીલથી ફાયદો થશે. ટ્રમ્પે આ ડીલ માટે ૯ જુલાઈની ડેડલાઈન નક્કી કરી છે.

#### ભારત ડીલ અંગે બે શરતો પર મક્કમ

પહેલી, ટ્રમ્પ દ્વારા ભારત પર લાદવામાં આવેલ ટેરિફ કોઈપણ સંજોગોમાં ૧૦% કે તેથી ઓછો રાખવો જોઈએ. ટ્રમ્પ દ્વારા એપ્રિલમાં ભારત પર લાદવામાં આવેલ ૨૬% ટેરિફ બિલકુલ સ્વીકારવામાં આવશે નહીં.બીજી, ભારતના સ્જીસ્ઈ (માઈક્રો, સ્મોલ અને મીડિયમ એન્ટરપ્રાઈઝ)ને યુએસ માર્કેટમાં અનુકૂળ પરિસ્થિતિઓ પૂરી પાડવી જોઈએ. આમાં લેધર, ગારમેન્ટ, જેમ્સ-જ્વેલરી અને ફાર્મા મુખ્ય છે. ભારતીય ઉત્પાદનો માટે ઝીરો ટેરિફ કેટેગરી હોવી જોઈએ. ભારતનું કહેવું છે કે GSP (જનરલાઈઝ્ડ સિસ્ટમ ઓફ પ્રેફરેન્સ)ની જેમ ભારતીય ઉત્પાદનો માટે ઝીરો ટેરિફ કેટેગરી હોવી જોઈએ. ૨૦૧૯ સુધીમાં, લગભગ ૨૦% ભારતીય ઉત્પાદનોને GSPને કારણે ટેરિફ ચૂકવવો પડતો નહોતો.

#### સંરક્ષણ ડીલ થશે: અમેરિકન રક્ષામંત્રી

અમેરિકાના રક્ષા મંત્રીએ કહ્યું છે કે ભારત દ્વારા કરવામાં આવેલા સંરક્ષણ ડીલ અને અમેરિકા દ્વારા ભારતને આપવામાં આવેલા સંરક્ષણ સાધનોનો ભારતીય સેના દ્વારા સફળતાપૂર્વક ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. હેગસેથે આશા વ્યક્ત કરી કે ટૂંક સમયમાં એક નવો ૧૦ વર્ષનો રક્ષા સમજુતી થશે. હેગસેથે કહ્યું કે બંને દેશો વચ્ચે સૈન્ય સહયોગ વધશે.

#### ૫૦૦ અબજ ડૉલરના વેપારકરાર થશે

બંને પક્ષો આ ટ્રેડ ડીલને ૨૦૩૦ સુધીમાં પ્રસ્તાવિત રૂ. ૪૩ લાખ કરોડ (૫૦૦ અબજ ડોલર) દ્વિપક્ષીય વેપાર કરારના પ્રથમ પગલા તરીકે વિચારી રહ્યા છે. આ ડીલ દ્વિપક્ષીય સમજુતીનો આધાર બનશે. ફેબ્રુઆરીમાં પીએમ મોદીની અમેરિકા મુલાકાત દરમિયાન, બંને દેશો વચ્ચે ટ્રેડ ૨૦૩૦ સમજુતી પર હસ્તાક્ષર થયા હતા.



#### ભારત માટે દરવાજા ખોલી રહ્યા છીએ : ટ્રમ્પ

નિર્મલા સીતારમણ દ્વારા વેપાર કરાર અંગે આપવામાં આવેલા આ નિવેદન પહેલાં અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું હતું કે ભારત-અમેરિકા વેપાર કરાર અંગે ૮ જુલાઈ સુધીમાં ચિત્ર સંપૂર્ણપણે સ્પષ્ટ થઈ જશે. અમે ભારત માટે દરવાજા ખોલી રહ્યા છીએ. વ્હાઈટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેરોલિન લેવિટે પણ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી વચ્ચેના સંબંધોનો ઉલ્લેખ કર્યો હતો અને કહ્યું હતું કે ભારત-અમેરિકા સંબંધો ભવિષ્યમાં પણ સારા રહેશે.

#### અમેરિકાની ભારત પાસે આટલી અપેક્ષા

અમેરિકા ઈચ્છે છે કે ભારત પોતાનું કૃષિ અને ડેરી બજાર અમેરિકા માટે ખોલે, જેથી આ ક્ષેત્ર સાથે સંકળાયેલા અમેરિકન ઉત્પાદનોને ભારત જેવું મોટું બજાર મળી શકે. ભારત સરકાર અમેરિકાની આ માગણી માટે બિલકુલ તૈયાર નથી, તે પોતાના વલણ પર અડગ છે. ભારત કેટલાક અમેરિકન કૃષિ ઉત્પાદનો પર ૧૦૦% ટેરિફ લાદે છે અને અમેરિકા તેને સમાપ્ત કરવાની માગ કરી રહ્યું છે. આનું કારણ એ છે કે જો આવું થશે, તો ભારતીય ખેડૂતોને નુકસાન થશે અને તેમને ઉત્પાદનનો યોગ્ય ભાવ મળશે નહીં.

#### સપ્ટેમ્બર-ઓક્ટોબર સુધીમાં બંને દેશો વચ્ચે ફાઈનલ હસ્તાક્ષર થવાની અપેક્ષા

સપ્ટેમ્બર-ઓક્ટોબર સુધીમાં બંને દેશો વચ્ચે ફાઈનલ હસ્તાક્ષર થવાની અપેક્ષા છે. બંને દેશોના પ્રતિનિધિઓનું કહેવું છે કે વેપાર વધારવા માટે ટેરિફ ઘટાડવા પર સંયુક્ત કાર્યવાહી થવી જોઈએ.

#### ભારતે પણ કેટલાક અમેરિકન પ્રોડક્ટ્સ પર ટેરિફ ઘટાડવાની જાહેરાત કરી

ભારતનું કહેવું છે કે જો અમેરિકા ભારત સાથેની વર્તમાન વેપાર ખાધ ઘટાડવા માગે છે, તો તેણે કેટલાક ક્ષેત્રોમાં ભારતીય ઉત્પાદનો માટે વધુ સારું વાતાવરણ પૂરું પાડવું પડશે. ભારતે પણ કેટલાક અમેરિકન પ્રોડક્ટ્સ પર ટેરિફ ઘટાડવાની જાહેરાત કરી છે. હવે આ બાબતે બધુ અમેરિકાના હાથમાં છે.

#### ટેરિફ યથાવત્ રહે તો ૭ લાખ કરોડ રૂપિયાનો વધારાનો બોજ પડી શકે

જેપી મોર્ગનના રિપોર્ટ અનુસાર, જો ૯ જુલાઈ પછી પણ ઘણા દેશો પર ટ્રમ્પના ટેરિફ યથાવત રહેશે, તો અમેરિકન કર્મચારીઓ પર ૭ લાખ કરોડ રૂપિયાનો વધારાનો બોજ પડી શકે છે.

#### ૯ જુલાઈ સુધીમાં કોઈ ટ્રેડ ડીલ નહીં થાય, તો ભારત પર ૨૬% ટેરિફ લાગશે

૯ જુલાઈ સુધીમાં ભારત અને અમેરિકા વચ્ચે કોઈ સંમજુતી નહીં થાય, તો ભારતને ૨૬% ટેરિફનો સામનો કરવો પડી શકે છે. ટ્રમ્પના સસ્પેંડેડ ટેરિફ આ દિવસથી ફરીથી લાદવામાં આવશે. ૨ એપ્રિલના રોજ ટ્રમ્પે વિશ્વભરના લગભગ ૧૦૦ દેશો પર ટેરિફ વધારવાની જાહેરાત કરી હતી. આમાં ભારત પર ૨૬% ટેરિફ લાદવામાં આવ્યો હતો.

#### FIEO : નિકાસ બમણી થવાની અપેક્ષા, કૃષિ-ડેરી સંવેદનશીલતા

ફેડરેશન ઓફ ઈન્ડિયન એક્સપોર્ટ ઓર્ગેનાઈઝેશન (FIEO) ના CEO અને DG ડૉ. અજય સહાયે જણાવ્યું હતું કે તેઓ આશા રાખે છે કે ૯ જુલાઈ પહેલા આ કરારને અંતિમ સ્વરૂપ આપવામાં આવશે. તેમનો અંદાજ છે કે આ કરાર પછી, આગામી ૩ વર્ષમાં ભારતની અમેરિકામાં નિકાસ બમણી થઈ જશે. ડૉ. સહાયના મતે, કરારના અમલીકરણ પછી ભારતમાંથી અમેરિકામાં નિકાસ થતી વસ્તુઓ પર ટેરિફ 0% થઈ જશે, જેનાથી અમેરિકન બજારમાં ભારતીય નિકાસકારોનો સ્પર્ધાત્મક લાભ ઘણો વધશે. જોકે, તેમણે ભારતની કૃષિ અને ડેરી ઉત્પાદનો પ્રત્યેની સંવેદનશીલતા પર ભાર મૂક્યો હતો અને જણાવ્યું હતું કે આ ક્ષેત્રો અંગે વધુ વાટાઘાટોની જરૂર પડશે, જેના કારણે અમેરિકા કેટલાક ક્ષેત્રોને કરારથી દૂર રાખવાનો પ્રયાસ કરી શકે છે.

#### IACC: મોટાભાગની વસ્તુઓ પર પારસ્પરિક ટેરિફ લાગુ નહીં થાય

ઈન્ડો-અમેરિકન ચેમ્બર ઓફ કોમર્સ (IACC) ના સભ્ય સુનિલ જૈને જણાવ્યું છે કે ભારત અને અમેરિકા વચ્ચે "વચગાળાના વેપાર સોદા" અંગે લગભગ એક કરાર થઈ ગયો છે, પરંતુ કૃષિ ઉત્પાદનો અંગે હજુ પણ વાટાઘાટો ચાલી રહી છે. તેમણે આશા વ્યક્ત કરી હતી કે જો આ કરાર પર સંમતિ સધાય છે, તો ૯ જુલાઈ પછી ભારતમાંથી નિકાસ થતી મોટાભાગની વસ્તુઓ પર ૨૬% પારસ્પરિક ટેરિફ લાગુ પડશે નહીં.

#### APEC: કપડાંની નિકાસ $15 બિલિયન સુધી પહોંચવાની શક્યતા

એપેરેલ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ (APEC) ના પ્રમુખ સુધીર સેખરીએ જણાવ્યું છે કે તેમને આશા છે કે અમેરિકા શ્રમ સઘન ક્ષેત્રોમાં પારસ્પરિક ટેરિફ ઘટાડવા માટે સંમત થશે. આ કરારના અમલીકરણ અને MFN ટેરિફ દૂર કરવાથી, ભારતથી અમેરિકામાં કપડાંની નિકાસ વર્તમાન $5.2 બિલિયનથી વધીને $15 બિલિયન થઈ શકે છે. ઉપરાંત, જ્યારે યુએસ સાથે BTA, યુકે સાથે FTA અને EU L સાથે FTA સંપૂર્ણપણે લાગુ કરવામાં આવશે, ત્યારે ભારતનો કપડાં નિકાસ વ્યવસાય ૨૦૩૦ સુધીમાં વર્તમાન $16 બિલિયનથી વધીને $40 બિલિયન થઈ શકે છે.

**ફ્રન્ટ પેજ સ્ટોરી**

### કેન્દ્રીય કર્મીઓનું મોંઘવારી ભથ્થું ૪% વધી શકે છે

નવી દિલ્હી : કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને પેન્શનરો માટે સારા સમાચાર છે. હાલમાં ૮મા પગાર પંચની રાહ જોવાઈ રહી છે, પરંતુ તે પહેલાં મોંઘવારી ભથ્થામાં વધારો થઈ શકે છે. સરકાર જુલાઈ ૨૦૨૫થી ડીએમાં ૩થી ૪ ટકાનો વધારો કરી શકે છે. મોંઘવારી ભથ્થું એટલે જે સરકાર તેના કર્મચારીઓને મોંઘવારીની અસરથી રાહત આપવા માટે આપે છે. જેમ-જેમ વસ્તુઓના ભાવ વધે છે, તેમ-તેમ ડીએમાં પણ વધારો કરાયછે. આ વધારો વર્ષમાં બે વખત થાય છે. પહેલીવાર વધારો જાન્યુઆરીમાં કરવામાં આવે છે.બીજો ૧ જુલાઈથી લાગુ થાય છે. સરકાર જ્યારે પણ ડીએ વધારવાની જાહેરાત કરે, પરંતુ તે ૧ જાન્યુઆરી અથવા ૧ જુલાઈથી જ લાગુ ગણાય છે.

### ટોકારામાં ૧૪ દિવસમાં ભૂકંપના ૧ હજાર આંચકા

ટોક્યો : જાપાનના ટોકારામાં બુધવારીની રાત્રે ૫.૫ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. છેલ્લા બે અઠવાડિયામાં જાપાનના ટોકારા ટાપુઓની આસપાસ એક હજારથી વધુ ભૂકંપ આવ્યા છે. જાપાન હવામાન એજન્સી અનુસાર, આ ભૂકંપ ૨૧ જૂનથી શરૂ થયા હતા અને હજુ પણ ભૂકંપના આંચકા આવી રહ્યા છે. બુધવારે રાત્રે લગભગ ૩ વાગ્યે અહીં ૫.૫ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો, ત્યારબાદ એજન્સીએ ભારે ભૂકંપની ચેતવણી જાહેર કરી છે. આ સાથે લોકોને સલામત સ્થળે જવાની સૂચના આપવામાં આવી છે. જાપાન વિશ્વના સૌથી વધુ ભૂકંપગ્રસ્ત દેશોમાંનો એક છે. તે ચાર મુખ્ય ટેક્ટોનિક પ્લેટો પર વસેલું છે અને પેસિફિક મહાસાગરના 'રિંગ ઓફ ફાયર'નો ભાગ છે.

**સુપ્રીમનો મહત્ત્વનો નિર્ણય**

### વાહન સ્પીડથી ચલાવતાં ડ્રાઈવરનું મૃત્યુ થાય તો વીમા કંપની પૈસા આપશે નહીં

નવી દિલ્હી, તા.૩

સુપ્રીમ કોર્ટે એક મહત્વના નિર્ણયમાં કહ્યું કે, જો કોઈ ડ્રાઈવર પોતાની લાપરવાહી કે સ્પીડમાં વાહન કે સ્ટંટ કરી અથવા ખોટી રીતે વાહન ચલાવવાથી મૃત્યું થાય છે. તો તેના પરિવારને વળતર ચૂકવવા માટે બંધાયેલી રહેશે નહીં. જસ્ટિસ પી.એસ,નરસિમ્હા અને આર.મહાદેવનની બેંચે એક મામલામાં મૃતકની પત્ની, દીકરો અને માતા-પિતા દ્વારા દાખલ કરાયેલ વળતરની માંગને ફગાવી દીધી હતી. પહેલા પણ સુપ્રીમ કોર્ટે આવા કેસોમાં વળતરની માંગણીઓને ફગાવી દીધી છે.કોર્ટે આ નિર્ણય એક વ્યક્તિ સાથે જોડાયેલા કેસમાં આપ્યો છે. જે સ્પીડ અને બેદરકારીથી કાર ચલાવી અકસ્માતનો શિકાર બન્યો હતો. આ અકસ્માત ૧૮ જૂન ૨૦૧૪ના રોજ થયો હતો. જ્યારે એન.એસ રવિશ પોતાની કારથી કર્ણાટક સ્થિત મલ્લાસાંદ્રા ગામથી અરસીકેરે શહેર જઈ રહ્યો હતો. તેની સાથે તેની બહેન, પિતા અને બાળકો પણ હતા. રવિશે સ્પીડમાં અને લાપરવાહીથી ગાડી ચલાવી અને ટ્રાફિકના નિયમો તોડ્યા હતા. માયલાનહલ્લી ગેટની પાસે તેમણે ગાડી પર કાબુ ગુમાવ્યો હતો. જેનાથી કાર પલટી ગઈ હતી. આ અકસ્માતમાં રવિશનું મૃત્યું થયું હતુ.રવિશના પરિવારે યુનાઈટેડ ઈન્ડિયા ઈન્શ્યોરન્સ કંપની પાસેથી ૮૦ લાખ રૂપિયાના વળતરની માંગણી કરી હતી. પરિવારનો દાવો છે કે કોન્ટ્રાક્ટર તરીકે, રવિશ દર મહિને ૩ લાખ કમાતો હતા. પરંતુ પોલીસની ચાર્જશીટમાં એ સ્પષ્ટ કહેવામાં આવ્યું હતુ કે, આ અકસ્માત રવિશની બેદરકારી અને સ્પીડમાં કાર ચલાવવાથી થયું છે. મોટર એક્સીડન્ટ ટ્રિબ્યુનલે પરિવારની માંગને રદ કરી હતી. કર્ણાટક હાઈકોર્ટે પણ ૨૩ નવેમ્બર ૨૦૨૪ના રોજ પરિવારની અપીલ નકારી કહ્યું જ્યારે અકસ્માત મૃતકની ભૂલથી થાય છે. તો પરિવાર વીમા વળતરની માંગણી કરી શકતો નથી.

**ગિલે ટેસ્ટમાં બેવડી સદી નોંધાવી તેંડૂલકરને પાછળ છોડી દીધો**

### શુભમન ગિલ સૌથી મોટી ટેસ્ટ ઈનિંગ રમનાર ભારતીય કેપ્ટન બન્યો



નવી દિલ્હી, તા.૩

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે પાંચ મેચની ટેસ્ટ શ્રેણીની બીજી મેચ બર્મિંગહામના એજબેસ્ટન મેદાન પર રમાઈ રહી છે. આ મેચમાં ભારતીય ટીમના પ્રથમ દાવમાં કેપ્ટન શુભમન ગિલનો દબદબો રહ્યો. શુભમને ૩૮૭ બોલમાં ૨૬૯ રન બનાવ્યા, જેમાં ૩૦ ચોગ્ગા અને ૨ છગ્ગાનો સમાવેશ થાય છે. ગિલે યાદગાર ઈનિંગ રમીને શ્રેણીબદ્ધ રેકોર્ડ બનાવ્યા છે. ગિલે વિરાટ કોહલીનો એક મોટો રેકોર્ડ પણ તોડ્યો. શુભમન ગિલ હવે ટેસ્ટ ક્રિકેટમાં સૌથી મોટી ઈનિંગ્સ રમનાર ભારતીય કેપ્ટન બની ગયો છે. ગિલે પોતાનો ૨૫૫મો રન બનાવતાની સાથે જ આ સિદ્ધિ મેળવી હતી. અગાઉ આ રેકોર્ડ ટીમ ઈન્ડિયાના ભૂતપૂર્વ કેપ્ટન વિરાટ કોહલીના નામે હતો. કોહલીએ ઓક્ટોબર ૨૦૧૯માં દક્ષિણ આફ્રિકા સામે પુણે ટેસ્ટ મેચમાં અણનમ ૨૫૪ રન બનાવ્યા હતા.શુભમન ગિલનો કેપ્ટન તરીકે આ ફક્ત બીજો ટેસ્ટ મેચ છે. તેણે કેપ્ટન તરીકેની ત્રીજી ઈનિંગમાં કોહલીનો આ રેકોર્ડ તોડ્યો. શુભમને ઈંગ્લેન્ડ સામે લીડ્સ ટેસ્ટ મેચમાં કેપ્ટન તરીકે પોતાની ટેસ્ટ કારકિર્દીની નવી શરૂઆત કરી. લીડ્સ ટેસ્ટ મેચમાં શુભમને પહેલી ઈનિંગમાં ૧૪૭ રન અને બીજી ઈનિંગમાં ૮ રન બનાવ્યા. રોહિત શર્માએ ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધા બાદ ગિલને ક્રિકેટના સૌથી મોટા ફોર્મેટમાં ભારતીય ટીમનો કેપ્ટન બનાવવામાં આવ્યો હતો. રોહિત શર્માએ મે મહિનામાં ટેસ્ટ ક્રિકેટને અલવિદા કહ્યું. તે જ મહિનામાં કોહલીએ પણ આ ફોર્મેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી. કોહલીની નિવૃત્તિ પછી, ગિલે ત્રીજા સ્થાને બદલે ચોથા સ્થાને રમવાનું શરૂ કર્યું છે, જ્યાં તેણે શાનદાર પ્રદર્શન કર્યું છે.

#### ફેક્ટ ફાઈલ

**250**થી વધુ ઈનિંગ્સ રમનારા મુલાકાતી ટેસ્ટ કેપ્ટનો (ઈંગ્લેન્ડમાં)

**311** - બોબ સિમ્પસન (ઓસ્ટ્રેલિયા), ઓલ્ડ ટ્રેફોર્ડ, ૧૯૬૪
**277** - ગ્રીમ સ્મિથ (દક્ષિણ આફ્રિકા), એજબેસ્ટન, ૨૦૦૩
**269** - શુભમન ગિલ (ભારત), એજબેસ્ટન, ૨૦૨૫
**259** - ગ્રીમ સ્મિથ (દક્ષિણ આફ્રિકા), લોર્ડ્સ, ૨૦૦૩

**ભારતમાં લોકશાહી સિસ્ટમ નહીં, સંસ્કૃતિ**

### અમે વિશ્વ માટે શક્તિસ્તંભ, ઘાનામાં રાષ્ટ્રીય પુરસ્કાર મેળવવો એ સન્માનની વાત : નરેન્દ્ર મોદી

ઘાના, તા.૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે ઘાનાની સંસદને સંબોધિત કરી હતી. તેમણે કહ્યું, આજે આ પ્રતિષ્ઠિત ગૃહને સંબોધન કરવાનો મને ગર્વ છે. ઘાનામાં હોવું એ એક સૌભાગ્યની વાત છે. આ લોકશાહીની ભાવનાથી ભરેલી ભૂમિ છે. ઘાના સમગ્ર આફ્રિકા માટે પ્રેરણાનું કેન્દ્ર છે. ભારત લોકશાહીની માતા છે. અમારા માટે, લોકશાહી માત્ર એક વ્યવસ્થા નથી, તે મૂળભૂત મૂલ્યોનો એક ભાગ છે. ભારતમાં ૨,૫૦૦થી વધુ રાજકીય પક્ષો, વિવિધ રાજ્યોમાં ૨૦ અલગ અલગ પક્ષોની સરકારો, ૨૨ સત્તાવાર ભાષાઓ અને હજારો બોલીઓ છે.



મોદીએ કહ્યું, આફ્રિકા ભારતની ઘણી ગૌરવપૂર્ણ ક્ષણો સાથે સંકળાયેલું છે. જ્યારે ભારતે ચંદ્રયાનને ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર ઉતાર્યું હતું, ત્યારે હું તે દિવસે પણ આફ્રિકામાં હતો. આજે જ્યારે એક ભારતીય અવકાશયાત્રી માનવતાના ઉજ્જવળ ભવિષ્ય માટે અવકાશ મથકમાં છે, ત્યારે હું ફરી એકવાર અહીં છું. આ કોઈ સામાન્ય સંયોગ નથી. પીએમ મોદીએ કહ્યું, ભારત અને ઘાનાના ઈતિહાસમાં વસાહતી શાસનના નિશાન છે, પરંતુ આપણો આત્મા હંમેશા સ્વતંત્ર અને નિર્ભય રહ્યો છે. આપણે આપણા સમૃદ્ધ વારસામાંથી શક્તિ અને પ્રેરણા મેળવીએ છીએ.

પીએમ મોદી ૨ જુલાઈથી ૧૦ જુલાઈ સુધી વિદેશ પ્રવાસ પર છે. આ સમય દરમિયાન તેઓ ૫ દેશોની મુલાકાત લેશે. ઘાના તેમનો પહેલો પડાવ છે. બુધવારે વડાપ્રધાન મોદીને ઘાનાનો સર્વોચ્ચ સન્માન 'ધ ઓફિસર ઓફ ધ ઓર્ડર ઓફ ધ સ્ટાર ઓફ ઘાના' એનાયત કરવામાં આવ્યો. બંને દેશોએ ૪ અલગ-અલગ એમઓયુ પર પણ હસ્તાક્ષર કર્યા.

#### બંને દેશ વચ્ચે ૪ MoU પર હસ્તાક્ષર થયા

બંને દેશોએ ચાર મહત્ત્વપૂર્ણ કરારો પર હસ્તાક્ષર કર્યા. વિદેશ મંત્રાલયના સચિવ દમ્મુ રવિએ જણાવ્યું હતું કે આ કરારો બંને દેશો વચ્ચેના સંબંધોને વધુ મજબૂત બનાવશે. પ્રથમ કરાર: વિદેશ મંત્રાલય સ્તરે સંયુક્ત કમિશન બેઠકની સ્થાપના. બીજો કરાર: બંને દેશો પરંપરાગત દવાના ક્ષેત્રમાં તાલીમ અને નિષ્ણાતોના અનુભવનું આદાનપ્રદાન કરશે. ત્રીજો કરાર: સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ સાથે સંબંધિત છે, જે સાંસ્કૃતિક કાર્યક્રમો અને પર્યટનને પ્રોત્સાહન આપશે. ચોથો કરાર: માનક સેટિંગ (ઉત્પાદનો અને સેવાઓ માટે ગુણવત્તાના નિયમો નક્કી કરવા) જે આર્થિક સહયોગમાં વધારો કરશે.

#### વડાપ્રધાન મોદીને ઘાનાનું રાષ્ટ્રીય સન્માન

વડાપ્રધાન નરેન્દ્ર મોદી બુધવારે ઘાના પહોંચ્યા હતા. રાજધાની અકરામાં એક કાર્યક્રમ દરમિયાન રાષ્ટ્રપતિ મહામાએ વડાપ્રધાન મોદીને ઘાના દેશના સર્વોચ્ચ નાગરિક સન્માન 'ધ ઓફિસર ઓફ ધ ઓર્ડર ઓફ ધ સ્ટાર ઓફ ઘાના' થી સન્માનિત કર્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ સન્માન ભારતના નાગરિકોને સમર્પિત કર્યું હતું. આ તકે તેમણે તેને ગર્વની ક્ષણ ગણાવી અને કહ્યું કે, હું તેને પ્રાપ્ત કરીને ખૂબ જ સન્માનિત અનુભવું છું. જણાવી દઈએ કે, વડાપ્રધાનના કાર્યકાળ દરમિયાન, મોદીને ૨૪ વૈશ્વિક પુરસ્કારોથી સન્માનિત કરવામાં આવ્યા છે. અફઘાનિસ્તાન, રશિયા અને પેલેસ્ટાઈન જેવા ઘણા દેશોએ તેમને તેમના દેશના સર્વોચ્ચ પુરસ્કારોથી સન્માનિત કર્યા છે.

**ભારતીય શેરબજારમાં રોકાણકારોની સંખ્યામાં દિનપ્રતિદિન વધારો**

### શેરબજારમાં ગુજરાતનો ધમાકો રોકાણકારોની સંખ્યા ૧ કરોડને પાર

#### ગુજરાત હવે એક કરોડનો આંકડો પાર કરનાર ત્રીજું રાજ્ય

અમદાવાદ, તા.૩

ભારતીય શેરબજારમાં નોંધાયેલા રોકાણકારોની સંખ્યા દિવસેને દિવસે વધી રહી છે. ઘણા લોકો નિયમમિત રોકાણ કરીને સારી આવક પણ મેળવી રહ્યા છે. નિફ્ટીના ડેટા મુજબ, મહારાષ્ટ્ર અને ઉત્તર પ્રદેશ પછી, હવે ગુજરાતે નોંધાયેલા રોકાણકારોમાં એક કરોડનો આંકડો પાર કરી લીધો છે. મે ૨૦૨૫ સુધીના ડેટા મુજબ, ભારતમાં નોંધાયેલા રોકાણકારોની કુલ સંખ્યા ૧૧.૫ કરોડની નજીક પહોંચી ગઈ છે. ભારતમાં શેરબજારમાં જોડાનારા લોકોની સંખ્યા સતત વધી રહી છે. ગુજરાત હવે નોંધાયેલા રોકાણકારોમાં એક કરોડનો આંકડો પાર કરનાર ત્રીજું રાજ્ય બન્યું છે. આ માહિતી નેશનલ સ્ટોક એક્સચેન્જના ડેટા પરથી પ્રાપ્ત થઈ છે.મે ૨૦૨૫ સુધીના એનએસઈ ડેટા દર્શાવે છે કે ભારતમાં નોંધાયેલા રોકાણકારોની કુલ સંખ્યા ૧૧.૫ કરોડની નજીક પહોંચી ગઈ છે. ફક્ત મે મહિનામાં જ ૧૧ લાખથી વધુ નવા રોકાણકારો જોડાયા. આ ૯ ટકાનો માસિક વધારો દર્શાવે છે, જે નવી નોંધણીઓમાં સતત ચાર મહિનાના ઘટાડા પછી મજબૂત ઉછાળો દર્શાવે છે.પ્રદેશવાર જોઈએ તો, ઉત્તર ભારત ૪.૨ કરોડ નોંધાયેલા રોકાણકારો સાથે ટોચ પર છે, જ્યારે પશ્ચિમ ભારતમાં ૩.૫ કરોડ રોકાણકારો છે. દક્ષિણ ભારતમાં ૨.૪ કરોડ રોકાણકારો છે. પૂર્વ ભારતમાં ૧.૪ કરોડ રોકાણકારો છે. છેલ્લા ૧૨ મહિનામાં ઉત્તર અને પૂર્વ ભારતમાં નોંધપાત્ર વૃદ્ધિ નોંધાઈ છે. ઉત્તર ભારતમાં ૨૪ ટકા અને પૂર્વ ભારતમાં ૨૩ ટકાનો વધારો થયો છે. દક્ષિણ ભારતમાં ૨૨ ટકા અને પશ્ચિમ ભારતમાં ૧૭ ટકાનો વધારો જોવા મળ્યો છે.

**ઇન્ડોનેશિયાના બાલી નજીક ૬૫ પર્યટકને ટાપુ પર લઈ જતી હતી**

### બાલીમાં રજા માણી રહેલાં લોકોની બોટ ડૂબી, ૪નાં મોત, ૩૮થી વધુ ગુમ

#### બોટ બાલી સ્ટ્રેટમાં ૧૪ ટ્રક સહિત ૧૨ વાહનો પણ હતાં

બાલી, તા.૩

ઈન્ડોનેશિયાના એક મહત્ત્વપૂર્ણ પર્યટન સ્થળ બાલી નજીક એક મોટી દુર્ઘટના સર્જાઈ હતી. બુધવારે (બીજી જુલાઈ) રાત્રે ૫૩ મુસાફરો અને ૧૨ ક્રૂ સભ્યો સહિત લગભગ ૬૫ લોકોને ટાપુ પર લઈ જતી એક બોટ પલટી ગઈ હતી. આ દુર્ઘટનામાં ચારના મૃત્યુ નીપજ્યાં છે, ૩૮ ગુમ છે અને ૨૩ લોકોને બચાવી લેવામાં આવ્યા છે. જ્યારે ગુમ થયેલા લોકોની શોધખોળ ચાલુ છે.





અહેવાલો અનુસાર, બોટના મેનિફેસ્ટ ડેટામાં કુલ ૫૩ મુસાફરો અને ૧૨ ક્રૂ સભ્યો હતા. સુરાબાયા સર્ચ એન્ડ રેસ્ક્યૂ એજન્સીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે બુધવારે રાત્રે લગભગ ૧૧:૨૦ વાગ્યે ઈન્ડોનેશિયાના મુખ્ય ટાપુ જાવાથી દૂર લોકપ્રિય રજા સ્થળ તરફ જતી વખતે બોટ બાલી સ્ટ્રેટમાં ડૂબી ગઈ હતી. આ બોટમાં ૧૪ ટ્રક સહિત ૧૨ વાહનો પણ હતા. માર્ચમાં પણ અકસ્માત સર્જાયો હતો ઉલ્લેખનીય છે કે, ૧૭,૦૦૦ ટાપુઓ ધરાવતા દક્ષિણપૂર્વ એશિયાઈ દ્વીપસમૂહ ઈન્ડોનેશિયામાં દરિયાઈ અકસ્માતો નિયમિત બને છે, જેનું કારણ સલામતીના નબળા ધોરણો છે. માર્ચમાં બાલીના દરિયાકાંઠે ઉબડખાબડ પાણીમાં ૧૬ લોકોને લઈ જતી એક હોડી પલટી ગઈ, જેમાં એક ઓસ્ટ્રેલિયન મહિલાનું મોત થયું હતી.

### ગાંધીનગરવાળા દૂધે ધોયેલા નથી, ભાજપ-કોંગ્રેસ બધાને હપ્તા મળ્યા : મનસુખ વસાવાનો આક્ષેપ

# મનરેગામાં ભ્રષ્ટાચાર મામલે મનસુખનું મનદુ:ખ

## મનરેગાનું કામ કરનારી એજન્સી દ્વારા નેતાઓને રૂપિયા અપાયા હતા, જેમાં વિપક્ષના નેતાઓનો સમાવેશ



રાજપીપળા, તા.૩

નર્મદા, ભરૂચ સહિત ગુજરાતના આદિવાસી વિસ્તારમાં મનરેગામાં મસમોટુ કૌભાંડ થયું હોવાનો ગંભીર આક્ષેપ ડેડિયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાએ લગાવ્યો છે.ત્યારે બીજી તરફ ભરૂચ સાંસદ મનસુખ વસાવાએ પણ મનરેગા કૌભાંડ મુદે ગંભીર આક્ષેપો લગાવ્યા છે.મનસુખ વસાવાએ આ કૌભાંડમાં મોટો ધડાકો કરતા જણાવ્યું છે કે, કામ કરનારી એજન્સી દ્વારા વિવિધ પક્ષોના નેતાઓને રૂપિયા આપવામાં આવ્યા હતા, જેમાં વિપક્ષના નેતાઓનો પણ સમાવેશ થાય છે.કૌભાંડ આચરનારી એજન્સીના કેટલાક માણસો મને મળવા આવ્યા હતા.મેં રાજપીપળા ગેસ્ટ હાઉસમાં બોલાવીને જાહેરમાં મીટિંગ કરી હતી.આ મીટિંગ દરમિયાન એજન્સીના માણસોએ મને એક યાદી બતાવી હતી, જેમાં કૌભાંડના ભાગરૂપે દરેક પક્ષના નેતાઓને ચૂકવવામાં આવેલા રૂપિયાનો ઉલ્લેખ હતો.

મનસુખ વસાવાએ આક્ષેપ કરતા કહ્યું કે, ''વિપક્ષના નેતાઓ જે આક્ષેપ કરી રહ્યા છે, તેમાંથી જ કેટલાક શાહુકાર બન્યા છે. વિપક્ષના નેતાઓએ પણ રૂપિયા લીધા છે.''આ ઉપરાંત 'સ્વર્ણિમ' નામની એજન્સીએ પણ મનરેગા હેઠળ કામો કર્યા છે.આ એજન્સીના કામોની પણ વિગતવાર તપાસ થવી જોઈએ.

મનરેગા યોજના હેઠળ થયેલા કામોની દરેક જિલ્લામાં સી.આઈ.ડી ની ટીમ દ્વારા તપાસ કરાવવામાં આવે. આ કૌભાંડમાં ગાંધીનગર લેવલનું ''સેટિંગ'' થયું છે. જેમાં એજન્સીને કામ મળે ત્યાં સુધીનું આયોજન થયું છે.અધિકારીઓ, પદાધિકારીઓ સહિત તમામને ફંડ આપવામાં આવ્યું છે, અને આ મામલે ગાંધીનગરથી તપાસની શરૂઆત થવી જોઈએ.''

**વિપક્ષના નેતાઓ જે આક્ષેપ કરી રહ્યા છે, તેમાંથી જ કેટલાક શાહુકાર બન્યા છે : મનસુખ વસાવા**

ગાંધીનગર વાળા દૂધે ધોયેલા નથી'' અને ''દીવા તળે અંધારુ છે એ જોતા નથી.''આ કૌભાંડમાં બધાને ટકાવારી મળી છે, જેમાં દરેક પક્ષના લોકો, મંત્રીઓ, સચિવો અને અધિકારીઓનો પણ સમાવેશ થાય છે.

માત્ર ભરૂચ કે નર્મદા જ નહીં, પરંતુ આખા ગુજરાતમાં મનરેગાના કામોની તપાસ થવી જોઈએ. આ મામલે આપ ના સરપંચો અને પદાધિકારીઓના ક્ષેત્રમાં તપાસ થવી જોઈએ.સ્વર્ણિમ નામની એજન્સીની ખાસ તપાસ થવી જોઈએ.

### નવા યાર્ડ એકતાનગરમાં દૂષિત પાણીથી રોગચાળાનો ભય





નવા યાર્ડ વિસ્તારમાં આવેલા એકતાનગરમાં દૂષિત પાણીથી કંટાળેલી મહિલાઓએ વિરોધ પ્રદર્શન કર્યું હતું. મહિલાઓએ આરોપ લગાવ્યો હતો કે, છેલ્લાં કેટલાંક દિવસથી અમારે ત્યાં નળમાં ગંદુ પાણી આવે છે જેનાથી લોકો બીમાર પડી રહ્યા છે. ચોમાસામાં દર વર્ષે અમારા વિસ્તારમાં દૂષિત પાણીની સમસ્યા ઊભી થાય છે. કોર્પોરેશનના અધિકારીઓ કશું કરતા નથી.

### ગેરકાયદેસર ચાલતા ઢોરવાડા પર કોર્પોરેશનનો સપાટો

# પશુઓની લે-વેચ થતી હોવાથી ઢોરવાડાને સીલ કરવામાં આવ્યાં

## ૬ ઢોરવાડાને નોટિસ આપી રૂા. ૪૦,૦૦૦ દંડ ફટકારવામાં આવ્યો



વડોદરા, તા. ૩

વડોદરા મહાનગરપાલિકા દ્વારા ગેરકાયદેસર ચાલતા ઢોરવાડા સામે તવાઈ બોલાવવામાં આવી હતી. બરાનપુરામાં ગેરકાયદેસર ઢોરવાડા બનાવી પશુઓ ખરીદ-વેચાણ કરતા બે ઢોરવાડા સીલ કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત નવાપુરામાં લાઈસન્સ વગર ઢોરવાડો ચલાવતા ૬ માલિકોને રૂપિયા ૪૦ હજારનો દંડ ફટકારવામાં આવ્યો હતો.

મ્યુનિસિપલ કમિશનર અરુણ બાબુની સુચનાથી માર્કેટ સુપ્રીટેન્ડન્ટ ડો. વિજય પંચાલની આગેવાનીમાં આજે ગેરકાયદે ઢોરવાડા મામલે તંત્રએ કાર્યવાહી હાથ ધરી હતી. બરાનપુરા ચુનારાવાસમાં રવિ શંકરભાઈ ચુનારા અને રાકેશ રાજેશભાઈ સોનારાના ગેરકાયદેસર ચાલતા ઢોરવાડા સીલ કરવામાં આવ્યા હતા. આ ગેરકાયદેસર ઢોરવાડામાં પશુઓની લે-વેચ થતી હોવાથી ઢોરવાડા સીલ કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત નવાપુરા વોર્ડ નંબર ૧૩ના હદ વિસ્તારમાં આવેલા અનઅધિકૃત ૬ ઢોરવાડાને નોટિસ આપી રૂપિયા ૪૦,૦૦૦ દંડ ફટકારવામાં આવ્યો હતો અને એક પશુ કબજે કરવામાં આવ્યું હતું. દંડ ફટકારવામાં આવેલા પશુપાલકોમાં વિહાભાઈ સોમાભાઈ રબારી, કનુભાઈ ખોડાભાઈ રબારી, દિનેશભાઈ ખોડાભાઈ રબારી, લાલાભાઈ ખોડાભાઈ રબારી, હર્ષદભાઈ મહેશભાઈ રબારી અને ગોવિંદભાઈ કાલીદાસ રબારીનો સમાવેશ થાય છે. માર્કેટ સુપ્રિટેન્ડેન્ટ ડો. વિજય પંચાલે જણાવ્યું હતું કે, ઢોરવાડાના લાઈસન્સ અંગે અમે વારંવાર માલિકને નોટિસ આપી હતી. તેમ છતાં તેણે નોટિસને અવગણીને ઢોરવાડાનું લાઈસન્સ લેવાની પ્રક્રિયા કરી ન હતી. દરમિયાન આજે તેના ઢોરવાડાઓ સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

### નાગપુર રેલવે સ્ટેશન 52 દિવસના બ્લોકને કારણે

# અમદાવાદ-નાગપુર પ્રેરણા એક્સપ્રેસ અજની સુધી ચલાવાશે

વડોદરા, તા. ૩

મધ્ય રેલ્વેના નાગપુર સ્ટેશન પર મેજર અપગ્રેડેશન કાર્ય માટે ૫૨ દિવસના પ્રસ્તાવિત બ્લોકને કારણે અમદાવાદ-નાગપુર-અમદાવાદ પ્રેરણા એક્સપ્રેસ અજની અને નાગપુર સ્ટેશનો વચ્ચે આંશિક રીતે રદ કરવામાં આવી છે.

**૨૧મી ઓગસ્ટ સુધી અજની સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે**

તા. ૩ જુલાઈ એટલે આજથી તા.૨૧ ઓગસ્ટ સુધી ટ્રેન નંબર ૨૨૧૩૮ અમદાવાદ-નાગપુર પ્રેરણા એક્સપ્રેસ અજની સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે અને અજની-નાગપુર વચ્ચે આંશિક રીતે રદ રહશે . તા.૫ જુલાઈ ૨૦૨૫ થી ૨૪ ઓગસ્ટ ૨૦૨૫ સુધી ટ્રેન નંબર ૨૨૧૩૭ નાગપુર-અમદાવાદ પ્રેરણા એક્સપ્રેસ અજની સ્ટેશનથી ઉપડશે અને નાગપુર-અજની વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

રેલવે તંત્ર દ્વારા નગપુર રેલવે સ્ટેશન ઉપર મેજર અપગ્રેડેશનની કામગીરી હાથ ધરી છે. મધ્ય રેલવેના નાગપુર ડિવિઝન દ્વારા રેલવે લેન્ડ ડેવલોપમેન્ટ ઓથોરિટી દ્વારા નાગપુર રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નં-૭ ઉપર મહત્વના વિકાસના કામો હાથ ધરવામાં આવનાર છે. આ કામગીરી માટે પ્લેટફોર્મ નં-૭ ૫૨ દિવસ માટે બંધ કરવામાં આવનાર છે. જેના પગલે મધ્ય રેલવેની સહિત કેટલીક ટ્રેનો અજની રેલવે સ્ટેશને થી ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.ઉલ્લેખનિય છે કે, રેલવે તંત્ર દ્વારા વિવિધ સ્ટેશનો પર આધુનિક સુવિધા ઉભી કરવામાં આવી રહી છે.

### ઈલેક્ટ્રિકલ રેસિસ્ટિવિટી ટોમોગ્રાફી પદ્ધતિના ઉપયોગ સાથે

# ૧૩૫ વર્ષ જૂના આજવા સરોવર ડૅમની મજબૂતી ચકાસવા માટે સર્વે શરૂ કરાયો

## આગામી ત્રણ મહિનામાં સર્વે પૂર્ણ થયા બાદ રિપોર્ટ જાહેર કરાશે



વડોદરા, તા.૩

વિશ્વામિત્રી પ્રોજેક્ટ અંતર્ગત રૂા. ૧.૫૦ કરોડના ખર્ચે ઈલેક્ટ્રિકલ રેસીસ્ટીવીટી સિસ્ટમથી ૧૩૫ વર્ષ જુના આજવા સરોવરની મજબૂતી અને સરોવરના પાળાનો સર્વે શુ કરવામાં આવ્યો છે. સર્વે આગામી ત્રણ માસમાં પૂર્ણ કરવામાં આવશે.

આ અંગે એડિશનલ સિટી એન્જિનિયર અને પાણી પુરવઠા વિભાગના કાર્યપાલક ઈજનેરે જણાવ્યું હતું કે, ૧૩૫ વર્ષ જુના માટીના પાળાથી બનેલા આજવા સરોવરના સર્વેમાં ઈલેક્ટ્રિકલ રેસીસ્ટીવીટી ટોમોગ્રાફી સિસ્ટમનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, આ સર્વેની કામગીરી ૧૦ દિવસ પૂર્વે શરૂ કરવામાં આવી છે. આ સર્વેની કામગીરી ત્રણ માસમાં પૂર્ણ થશે. ત્યારબાદ ૨૦ દિવસમાં સરોવરના પાળા અને ડેમનો રિપોર્ટ જાહેર કરવામાં આવશે.ગત વર્ષે આવેલા વિનાશક પૂર બાદ આજવા સરોવરની ક્ષમતા, પાયા અને માટીનું ધોવાણ હવે ફરીથી ચકાસવું જરૂરી છે. સુરક્ષા જાળવી રાખવા માટે ડેમની અંદરથી લીકેજ છે કે કેમ? તે માટે ઈલેક્ટ્રિકલ રેસીસ્ટીવીટી ટોમોગ્રાફી એ એક વૈજ્ઞાનિક પદ્ધતિ છે. તેના દ્વારા સર્વે કરાઈ રહ્યો છે. જેમાં જમીનમાં વિવિધ સ્તરે વિદ્યુત પ્રવાહ છોડવામાં આવે છે અને જમીનની વિદ્યુત પ્રત્યારોધ માપી તેની રચનાની અંદર શું છે તે જાણી શકાય છે. આ પદ્ધતિથી માટી કે પથ્થરના ભિન્ન ભિન્ન તબક્કાઓ, ભીની જગ્યાઓ, લીકેજ છે કે નહીં ? તેની જાણકારી મળી શકશે. વિશ્વભરમાં ડેમ સેફટી માટે આ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે.

### છોટાઉદેપુર જિલ્લામાં દીપડાના હુમલાની બે ઘટનાથી લોકોમાં ફફડાટ

# વેલાડી ગામે ગાય અને જલોદામાં બાળક પર દીપડાનો હિંસક હુમલો

## વન વિભાગે ગામમાં પિંજરાં ગોઠવી દીપડાને પકડે તે જરૂરી




નસવાડી,બોડેલી, તા.૩

નસવાડી તાલુકાના વેલાડી ગામે દીપડાએ ગાય ઉપર અને છોટાઉદેપુર તાલુકાના જલોદા ગામે ઘરમાં ઘુસીને બાળક ઉપર હુમલો કરવાની બે ઘટના નોંધાઈ છે. છોટાઉદેપુર જિલ્લાના નસવાડી તાલુકાના વેલાડી ગામે છેલ્લા ૧૫ દિવસથી દીપડો વેલાડી ગામની સીમમાં ફરી રહ્યો છે. જેનાથી લોકોમાં ફફડાટ વ્યાપો હતો. દીપડાએ ગાય ઉપર હુમલો કરતા તેને સારવાર માટે પશુ ચિકિત્સા અધિકારીઓની ટીમો ગામ ઉપર પહોંચી સારવાર કરી છે. દીપડાના ભયથી ખેડૂતો ખેતરમાં જતા ડરી રહ્યા છે.વન વિભાગ વેલાડી ગામમાં પિંજરા ગોઠવે અને દીપડાને પકડે તે જરૂરી બન્યું છે. વનવિભાગના કર્મચારીઓ પેટ્રોલિંગ કરે તે પણ જરૂરી બન્યું છે. છોટાઉદેપુરના જલોદા ગામે ચાર વર્ષના બાળક કિશનભાઈ જસવંત ભાઈ રાઠવા ઉપર ઘરમાં ઘુસીને દીપડા એ હુમલો કરતા બાળકને ઈજાઓ થઈ હતી લોકો બૂમાબૂમ કરતા દીપડો ભાગી ગયો હતો ઈજાગ્રસ્ત બાળક ને છોટાઉદેપુર ખાતે સારવાર માટે લાવવામાં આવ્યો હતો છોટાઉદેપુર જિલ્લામાં નસવાડી અને છોટાઉદેપુર તાલુકામાં દીપડાના હુમલાની ઘટના બનતા લોકોમાં ડર ફેલાયો છે. દીપડાઓ માનવભક્ષી બનતા માનવ વસ્તી તરફ આવી રહ્યા છે. વન વિભાગ નક્કર પ્લાન બનાવી અને દીપડાને પાંજરે પૂરે તે જરૂરી બન્યું છે.

### કોર્પોરેશનમાં આમ આદમી પાર્ટીએ કરેલી ગંદકી સાફ કરવાનું કામ શરૂ

# મેયરની કેબિનને ફરી રંગરોગાન કરાયું

## પ્રાથમિક સુવિધા જેવા વિવિધ મુદ્દાઓને લઈને આમ આદમી પાર્ટીએ વિરોધ નોંધાવ્યો હતો



વડોદરા, તા. ૩

વડોદરા મહાનગરપાલિકામ બે દિવસ પહેલા આમ આદમી પાર્ટી દ્વારા ભારે વિરોધ પ્રદર્શન કરીને મેયરની તાકતી તોડી નાખવામાં આવી હતી અને કાળો કૂચડો ફેરવવામાં આવ્યો હતો. મેયરની કેબિનની બહાર કાળી સહી ફેંકી ગંદકી ફેલાવવામાં આવી હતી જેને હાલમાં સાફ કરવાનું કામ ચાલી રહ્યું છે. મેયરની કેબિનની બહાર રંગરોગાન કરવામાં આવી રહ્યું છે.તો મેયરના નામની નવી તાકતી પણ લગાવી દેવામાં આવી છે.

આમ આદમી પાર્ટી દ્વારા શહેરના વિવિધ મુદ્દાઓને લઈને વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. કાર્યકરોએ મેયરની કેબિનની બહાર કાળી શાહી નાખી હતી અને મેયરની તાકતી ઉપર કાળો કૂચડો ફેરવી તેને તોડી પાડવામાં આવી હતી જો કે ત્યાર બાદ કાર્યકરો સામે ફરિયાદ પણ નોંધાવવામાં આવી હતી. આ ઘટના બાદ આજે કોર્પોરેશન ખાતે મેયર કેબિનની બહાર રંગરોગાન કરવામાં આવ્યું હતું. કાળી શાહીના ધબ્બા સાફ કરવા માટે નવો કલર લગાવવામાં આવ્યો હતો. તો મેયરના નામની નવી તકતી પણ લગાવી દેવામાં આવી છે. હાલ મેયર દિલ્હીના પ્રવાસે છે ત્યારે તેઓ આવે તે પહેલા તમામ ગંદકીની સફાઈ કરી દેવામાં આવશે.

### આમ આદમી પાર્ટીએ મહિલા મેયરનું અપમાન કર્યું છે : ચેરમેન

સ્થાયી સમિતિના ચેરમેન ડો. શીતલ મિસ્ત્રીએ જણાવ્યું હતું કે, આમ આદમી પાર્ટી જો રજૂઆત કરવા માંગતી હોત તો પદાધિકારીઓ હાજર હતા ત્યારે આવવાનું હતું. પરંતુ કોર્પોરેશમાં મેયર કે અન્ય પદાધિકારીઓ હાજર ન હતા ત્યારે આવીને વિરોધ પ્રદર્શન કર્યો છે. તેઓએ મેયરના નામ ઉપર કાળો કૂચડો લગાવ્યો છે તે મહિલા સશક્તિકરણનું અપમાન છે. ભાજપે મહિલાઓને સુકાન સોંપ્યું છે ત્યારે આ વર્તન અશોભનીય છે.

### મોડલ ગ્રામ પંચાયતઃ પંચાયત વીઝ ગુડ ગવર્નન્સમાં શ્રેષ્ઠ સ્કોર સાથે નારપુરા શ્રેષ્ઠ ગ્રામ પંચાયત

# સાવલીની નારપુરા પંચાયતને પ્રથમ સ્થાન મળ્યું

## ગામમાં રહેતા નાગરિકોને ઘેરબેઠાં આવક, વૃદ્ધ પેન્શન સહિતના દાખલા મળી જાય છે



વડોદરા, તા.૩

વડોદરા જિલ્લાના સાવલી તાલુકાના નારપુરા ગ્રામ પંચાયતની રાજ્યમાં શ્રેષ્ઠ પંચાયત તરીકે પસંદગી થઈ છે. સુશાસન, ડિજિટલ સેવાઓ અને વિકાસના માપદંડોમાં આ ગામે રાજ્યકક્ષા એ શ્રેષ્ઠતાની ઓળખ બનાવી છે.

નારપુરા ગ્રામ પંચાયતના સરપંચ મધુબેન રમેશભાઈ વાઘેલા અને તલાટી કમ મંત્રી દિલીપ વણકર એ માહિતી આપતા જણાવ્યું કે, પંચાયતી રાજ મંત્રાલય દ્વારા તૈયાર કરવામાં આવેલ પી.એ.આઈ (પંચાયત એડવાન્સમેન્ટ ઈન્ડેક્ષ) હેઠળ કુલ ૯ થીમ આધારિત મૂલ્યાંકન કરવામાં આવે છે. જેમાંથી થીમ નંબર ૮ - પંચાયત વીથ ગુડ ગવર્નન્સ એટલે સુશાસન સાથે સરપંચ હેઠળ નારપુરા ગામે ૮૧.૫૬ નો સ્કોર સાથે રાજ્યમાં પ્રથમ સ્થાન મેળવ્યું છે. આ થીમ હેઠળ સુશાસન અને ગ્રામ વિકાસ માટેના ૨૬ માપદંડોને આધારે પંચાયતનું મૂલ્યાંકન થાય છે. જેમાં ગ્રામ પંચાયત ડેવલોપમેન્ટ પ્લાન બાબતની ગુણવત્તામાં સુધારો થાય તેવી બાબતો જેમ કે, કેટલા વિભાગો મારફત જીપીડીપી તૈયાર થાય છે - જેમાં શિક્ષણ, પોષણ, આરોગ્ય વગેરેનો સમાવેશ થાય છે.

નારપુરા ગામ ડિજિટલ બન્યું છે જેમાં ગ્રામ પંચાયતમાં, કમ્પ્યુટરાઈઝ્ડ કામગીરી, ઈન્ટરનેટ કનેક્ટિવિટી, ઓનલાઈન પોર્ટલ પર ખાતાઓનું નિયમિત અપડેશન, GPDP યોજના અંતર્ગત હાથ ધરાયેલા વિકાસકાર્યોનો ખુલ્લો હિસાબ વગેરેની સાથે અહીં વિકાસની દરેક યોજનામાં લોકોની સીધી ભાગીદારી અને માહિતીની પારદર્શિતા છે. ઉપરાંત, પંચાયતની સ્વભંડોળ આવકમાં પણ સતત વધારો થયો છે.

નારપુરા ગામના નાગરિકોને આજે ઘેર બેઠા – ૭/૧૨ અને ૮અના દાખલા, આવકના દાખલા, જન્મ-મરણના દાખલા, વૃદ્ધ પેન્શન, વિધવા સહાય, રેશનકાર્ડ, ખેડૂત પોર્ટલ, આયુષ્માન કાર્ડ જેવી વિવિધ સેવાઓ સમયમર્યાદામાં સરળતાથી મળી જાય છે.

### બાળકોને ચોરીના રવાડે ચઢાવનારો પકડાયો

# ટ્રેનોમાં પ્રવાસીઓનો સામાન તફડાવવા બાળ ગુનેગારોનો ઉપયોગ

## મુસાફરોનો સામન ચોરીમાં કિશોરની ધરપકડ બાદ વધુ એક ઝડપાયો

વડોદરા, તા.૩

ટ્રેનોમાં પ્રવાસ દરમિયાન મુસાફરોનો કિંમતી સામાન ચોરી કરવા માટે હવે રીઢા ગુનેગારો નાના બાળકોનો પણ ઉપયોગ કરી રહ્યા છે.

ગોધરા તેમજ સુરતમાં ટ્રેનોમાં થયેલી ચોરીના ગુનામાં રેલ્વે પોલીસે એક કિશોરની ધરપકડ કરી હતી. ત્યારબાદ વધુ એકની ધરપકડ કરવામાં આવી છે.

વડોદરા રેલ્વે સ્ટેશન ઉપર રેલ્વે એલસીબીનો સ્ટાફ દ્વારા શંકાસ્પદ મુસાફરો ઉપર વોચ ગોઠવી હતી. દરમિયાન પ્લેટફોર્મના દક્ષિણ છેડા તરફથી આશરે ૧૬ વર્ષનો એક કિશોર આવતા પોલીસે તેને રોક્યો હતો. તેની શંકાસ્પદ હરકતોના કારણે પોલીસે તેની પાસેનો સામાન ચેક કરતા તેની પાસેથી ચોરીનો રૂ.૧૪,૦૦૦ કિંમતનો મુદ્દામાલ મળી આવ્યો હતો.

પોલીસે તેની પૂછપરછ કરતા તેને કબુલાત કરી હતી કે ગોધરામાં તેના સાગરીતો સાથે મળીને પ્રવાસીઓનો સામાન તફડાવ્યો હતો. આ અંગે ગોધરામાં બે ગુના પણ દાખલ થયા છે. બંને સાગરીતોના નામ ગોધરાના સિંગલ ફળિયામાં મિમ મસ્જિદ પાસે રહેતા યાસીન ઉર્ફે ભાણો અને હુસેન હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસે યાસીન ઉર્ફે ભાણાની પણ ધરપકડ કરી હતી.

તપાસ દરમિયાન એવું જાણવા મળ્યું હતું કે સુરતમાં પણ એક રેલવે પ્રવાસીનો મોબાઈલ તફડાવ્યો હતો.આમ હવે ટ્રેનોમાં મુસાફરોના સામાન તફડાવવામાં કિશોરોનો ઉપયોગ કરવામાં આવતો હોવાની વિગતો પ્રકાશમાં આવી છે.

Printed and Published by Sanjay Pravinkumar Shah on behalf of Inkpot Publication Private Limited, Printed at 530 & 533, Narsinh Estate, OPP. Lubi Gel LLP, Near Bus Stand, village Manjusar, Taluka Savli, Dist. Vadodara, Gujarat - 391775 and Published at: 3rd Floor, Satva Avenue, Beside Avsar Party Plot, Sama-Savli Main Road, Vadodara-390008. • Editor*: Sanjay Pravinkumar Shah • RNI NO: 1667/57

All rights reserved Reproduction in any manner, electronic or otherwise, in whole or in part, without prior written permission of the Editor is prohibited.

For News Contact : E-mail : pressnote@loksattajansatta.com | For Advertisement Contact : E-mail : advt@loksattajansatta.com

### સિંધરોટના જમીન કેસમાં જિલ્લા કલેક્ટર દ્વારા સરકારમાં રિપોર્ટ કરાયો હતો

# કલેક્ટર કચેરીમાં તપાસ કરવા એસીબીને ગાંધીનગરથી આદેશ

વડોદરા, તા.૩

જિલ્લા કલેક્ટર કચેરીમાં મહેસૂલ વિભાગમાં ચાલી રહેલા ભ્રષ્ટાચારની રમતને ડામવા માટે જિલ્લા કલેક્ટર દ્વારા પગલાં લેવાની શરૂઆત કરાઇ છે. ત્યારે સિંધરોટની જમીનના મામલે ખાનગી ડેવલોપરની ઓફિસમાં જનાર ત્રણ ના. મામલતદારને જિલ્લા કલેક્ટર દ્વારા સસ્પેન્ડ કરી બદલી કરવામાં આવી હતી. તેમજ ડે. કલેક્ટર અમિત પરમાર અને ત્રણ ના. મામલતદાર વિરુદ્ધ સરકારમાં રિપોર્ટ પણ કરવામાં આવ્યો હતો. જેને લઈને રાજ્ય સરકારના મહેસૂલ વિભાગ દ્વારા વડોદરા એસીબીને સત્તાવાર પત્ર લખી તપાસ કરવા આદેશ કરવામાં આવ્યો છે. જેમાં એસીબી દ્વારા ભ્રષ્ટ અધિકારી, મામલતદાર, ના. મામલતદાર, કારકૂન અને એજન્ટો બધા સામે તપાસ કરવામાં આવશે તેમ જાણવા મળે છે.

વડોદરા જિલ્લાના સિંધરોટની જમીનને બિનખેતી કરવાની અરજી દરફતે થયા બાદ ત્રણ નાયબ મામલતદાર ખાનગી ડેવલોપરની ઓફિસે મળવા ગયા હતા. જેમાં નાણાકીય વ્યવહાર પણ થયો હોવાની વાતો વહેતી થઈ હતી. જે વાત જિલ્લા કલેક્ટર ડૉ. અનિલ ધામેલિયાના ધ્યાને આવી હતી. ડૉ. ધામેલિયા દ્વારા પ્રાથમિક પુરાવન આધારે જમીન સુધારણા કચેરીના બે નાયબ મામલતદાર હર્ષિલ પટેલ અને મહાવીર સીનોલને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. તેમની સાથે જનાર આરટીએસ વિભાગના નાયબ મામલતદાર મહાવીરસિંહ ગોહિલને પણ સસ્પેન્ડ કરવાનો આદેશ કરાયો હતો. જે બાદ જિલ્લા કલેક્ટર દ્વારા એસીબીના સ્થાનિક અધિકારી સાથે એક બેઠક પણ કરવામાં આવી હતી. જોકે, આ સમગ્ર ઘટનાનો રિપોર્ટ જિલ્લા કલેક્ટર દ્વારા જીએડી તેમજ મહેસૂલ વિભાગમાં કરવામાં આવ્યો હતો.

જિલ્લા કલેક્ટરના રિપોર્ટ બાદ આજરોજ રાજ્ય સરકાર દ્વારા વડોદરા એસીબીને સત્તાવાર પત્ર લખવામાં આવ્યો છે. જેમાં સિંધરોટ પ્રકરણ સહિત સમગ્ર મહેસૂલ વિભાગની તપાસનો આદેશ આપવામાં આવ્યો છે. જે આદેશ બાદ હવે, વડોદરા એસીબી દ્વારા આવતીકાલથી તપાસ શરૂ કરવામાં આવનર હોવાનું જાણવા મળે છે. પ્રાપ્ત વિગતો અનુસાર જિલ્લા કલેક્ટર કચેરીના ભ્રષ્ટ અધિકારીઓ, મામલતદાર, ના. મામલતદાર, કારકૂનની તપાસ શરૂ કવામાં આવશે. એટલું જ નહીં કલેક્ટર કચેરીમાં ફરી જમીન બિનખેતી કરવાની ફાઈલ ચલાવતા અને અધિકારીઓનો વહીવટ કરતાં એજન્ટોને પણ સકંજામાં લેવામાં આવશે.

એસીબી દ્વારા સિંધરોટના જમીન કિસ્સામાં નાણાકીય વ્યવહાર થયો છેકે કેમ તેની તપાસ કરવામાં આવનાર છે. તે ઉપરાંત જિલ્લા કલેક્ટર કચેરીમાં રૂપિયાથી ચાલતા ભ્રષ્ટ અધિકારીઓની રમતની તપાસ પણ કરવામાં આવશે. એસીબીની તપાસમાં ફાઈલ મંજૂર કરવા માટે અથવા તો ખોટી રીતે અભિપ્રાય આપવા માટે તગડી રકમ વસુલતા તમામ ભ્રષ્ટ અધિકારીઓ અને કમર્ચારીઓનો ખેલ ખુલ્લો પડશે.

### રાજ્ય સરકાર દ્વારા શનિવારને નો બેગ-ડે તરીકે ઉજવવા નિર્ણય લેવાયો

# સરકારના 'નો બેગ-ડે'ના નિર્ણયનો અમલ કરવો આચાર્ય અને સંચાલકો માટે પડકાર

### ૫૦% શાળા પાસે ગ્રાઉન્ડ નથી : અભ્યાસક્રમ પૂર્ણ કરવામાં મુશ્કેલી આવશે

વડોદરા, તા.૩

રાજ્ય સરકાર દ્વારા વિદ્યાર્થીઓને ભાર મૂક્ત ભણતર આપવા તેમજ નવી શિક્ષણ નીતિ ૨૦૨૦ના અમલ અંતર્ગત એક મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. જે હેઠળ રાજ્યની તમામ સરકારી, ગ્રાન્ટ ઈન એડ તેમજ ખાનગી શાળામાં મહિનાના દરેક શનિવારને નો બેગ ડે તરીકે ઉજવવાનો નિર્ણય લેવાયો છે.

રાજ્ય સરકારના નો બેગ ડેના નિર્ણયને વડોદરાની શાળાના આચાર્યો તેમજ સંચાલકો દ્વારા આવકારવામાં આવ્યો છે. પરંતુ તેની સામે કેટલાક પડકારો પણ છે. એક શાળાના સંચાલકે જણાવ્યું હતું કે, રાજ્ય સરકારનો નિર્ણય ઉત્તમ છે, બાળકોને પણ આવા સમયની જરૂર હતી. પરંતુ પ્રશ્ન છેકે, વડોદરા શહેરની વાત કરીએ તો ૫૦ ટકા જેટલી શાળામાં રમત-ગમતના ગ્રાઉન્ડ જ નથી. એટલું જ નહીં અનેક શાળામાં વ્યાયામ અને રમત-ગમતના શિક્ષકો પણ નથી. તે ઉપરાંત અભ્યાસ ક્રમ પૂર્ણ કરવામાં પણ મુશ્કેલી આવે તેમ છે. ત્યારે આ પરિસ્થિતિમાં સરકારના નો બેગ ડેના નિર્ણયના અમલીકરણમાં મુશ્કેલી આવી શકે છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, શનિવારે લગભગ તમામ શાળામાં અભ્યાસના ૬ પિરિયડ હોય છે. તે સમય દરમિયાન વિદ્યાર્થીઓને શું પ્રવૃતિ કરાવવી તે શાળાના આચાર્ય, શિક્ષકો અને સંચાલકો માટે એક મોટો પડકાર બની રહેશે.

#### શિક્ષણ સમિતિ દ્વારા વોકેશનલ વર્ગો શરૂ કરાશે

રાજ્ય સરકારના શનિવારને નો બેગ ડે તરીકે ઉજવવાના નિર્ણય બાબતે વડોદરા મ્યુનિ. કોર્પોરેશન સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન નિશિધ દેસાઈએ જણાવ્યું હતું કે, પહેલાના સમયમાં વિદ્યાર્થીઓને શાળામાં સિવણ, મિસ્ત્રી કામ, ઈલેક્ટ્રિક કામ જેવા વોકેશન અભ્યાસ ક્રમોનો અભ્યાસ કરવો ફરજિયાત હતો. જોકે, હાલ આ અભ્યાસ ક્રમો આઈટીઆઈ હેઠળ ચાલે છે. ત્યારે કેન્દ્ર સરકારની નવી શિક્ષણ નીતિ ૨૦૨૦ હેઠળ બાળકોને આત્મનિર્ભર કરવા માટે વોકેશન અભ્યાસ ક્રમ પર ભાર મૂકવામાં આવ્યો છે. એવા સમયે રાજ્ય સરકારના નો બેગ ડેના નિર્ણયને સમિતિ આવકારે છે. આ નિર્ણયના પગલે હવે, સમિતિ દ્વારા શનિવારે બાળકોને સિવણ, યોગા સહિતના વોકેશન અભ્યાસ ક્રમનું શિક્ષણ આપવામાં આવશે. જેથી બાળક અભ્યાસની સાથે સાથે પગભર થાય અને રોજગારી પણ મેળવી શકે.

### ટોઈંગ કરેલ ટ્રકને જમા કરાવવા માટે જઈ રહેલા

# ટીઆરબી જવાનનું અપહરણ કરીને ધમકી આપતાં ટ્રકચાલક સામે ફરિયાદ

### સયાજીગંજના બદલે ટ્રકને અટલાદરા તરફ લઈ જઈ ટ્રકચાલક ભાગી છૂટ્યો

વડોદરા, તા.૩

ટ્રાફિક પોલીસે ડિટેઈન કરેલા ટ્રકને સયાજીગંજમાં જમા કરાવવા માટે જઈ રહેલા ટીઆરબી જવાનનું અપહરણ કરીને ટ્રકને અટલાદરા વિસ્તારમાં લઈ જઈ તેમજ ટીઆરબી જવાનને ધમકી આપ્યા બાદ ટ્રકને છોડીને ફરાર થયેલા ટ્રકચાલકે ટ્રાફિક પીએસઆઈને પણ ધમકી આપતા તેના વિરુધ્ધ ટ્રાફિક પીએસઆઈએ ફરિયાદ નોંધાવી હતી.

ટ્રાફિક શાખાના પશ્ચિમ વિભાગના પીએસઆઈ વી જે પટેલ સહિતના સ્ટાફે ગઈ કાલે સવારે કલાલી ત્રણ રસ્તા પાસેથી બે આઈશર ટ્રકને વાહન પ્રવેશબંધીના જાહેરનામાના ભંગ બદલ ઝડપી પાડી હતી. આ બંને ટ્રકને ડિટેઈન કરવા માટે સયાજીગંજ ટ્રાફિક ઓફિસ ખાતે મોકલવાની હોઈ બંને ટ્રકોને ટીઆરબી જવાનો સાથે સયાજીગંજ રવાના કરાઈ હતી.

આ પૈકીની એક ટ્રકચાલક સયાજીગંજના બદલે અટલાદરા ગામ તરફ ટ્રક લઈ જતાં તેમાં બેઠેલા ટીઆરબી જવાન અજયભાઈ નિનામાએ ટ્રકચાલકને ટ્રકને સયાજીગંજ તરફ લઈ જવા જણાવ્યું હતું પરંતું ટ્રકચાલકે તેનો ઈનકાર કર્યો હતો અને હું તને મારી સાથે લઈ જવું છું તેમ કહી અજયભાઈનું અપહરણ કર્યું હતું અને ટ્રકને સાયંરગ હાઈટ્સ પાસે લઈ ગયો હતો.

આ અંગે અજયભાઈએ તુરંત પીએસઆઈ પટેલને જાણ કરતાં ટ્રકચાલકે તેને ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપી હતી અને ત્યારબાદ તેનો ફોન અને રોકડા ૭૨૩૦ તેમજ ટ્રકની ચાવી ત્યાં જ મુકી તે ફરાર થયો હતો. આ બનાવની જાણ થતાં પીએસઆઈ પટેલ સહિતનો સ્ટાફ ઘટનાસ્થળે દોડી ગયો હતો અને ટ્રક ડિટેઈન કરી હતી.

ત્યારબાદ ટ્રકનો ડ્રાઈવર લોકેશકુમાર શર્મા અને તેના એક સાગરીતે પીએસઆઈ પટેલ સાથે કલાલી ત્રણ રસ્તા પાસે બોલાચાલી કરી અપશબ્દો કહ્યા હતા. આ બનાવની પીએસઆઈ પટેલે ટ્રકચાલક અને તેના સાગરીત વિરુધ્ધ અપહરણ તેમજ સરકારી ફરજમાં અડચણ અને ધમકીની અટલાદરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

### સેન્ટ્રલ જેલમાં ફરી કેદી મોબાઈલ સાથે ઝડપાયો

# હત્યાના ગુનામાં સજા કાપતા કેદી પાસેથી મોબાઈલ ફોન મળી આવ્યો

વડોદરા, તા. ૩

શહેરની સેન્ટ્રલ જેલમાં હત્યાના ગુનામાં સજા ભોગવતા પાકા કામનો કેદી મોબાઈલ સાથે ઝડપાતા તેના વિરુધ્ધ જેલરે રાવપુરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

અત્રેની સેન્ટ્રલ જેલના જેલર ગ્રુપ-૨ જયંતિભાઈ પરમાર સહિતના સ્ટાફે ગઈ કાલે બપોરે સવા અગિયાર વાગે સિનિયર જેલર તેમજ સ્થાનીક ઝડતી સ્કોવોર્ડની ટીમ સાથે આકસ્મિત ઝડપી હાથ ધરી હતી. આ ઝડતી દરમિયાન આઉટ સર્કલ વિભાગ રંગ ખોલીમાં પ્રવેશતા પાકા કામના કેદી દિલીપ પ્રભાતભાઈ પગી અચાનક જેલ સ્ટાફને જોઈ ચોંકી ઉઠ્યો હતો અને તેણે ત્યાંથી આઘાપાછા થવાની શરૂઆત કરી હતી. દરમિયાન તેની શંકાસ્પદ હરકતને જોતાં જેલ સ્ટાફે તેને પકડી તેની અંગજડતી કરી હતી જેમાં તેના કમરના ભાગે શર્ટ નીચે છુપાવેલો બેટરી અને સીમકાર્ડ વગરનો એક સફેદ રંગનો સેમસંગ કંપનીનો મોબાઈલ ફોન મળી આવ્યો હતો.

પ્રાથમિક પૂછતાછમાં તેણે આ મોબાઈલ ફોનનો પોતે ઉપયોગ કરી રહ્યો હોવાની કબુલાત કરી હતી. આ અંગની જેલર જયંતિભાઈએ મોબાઈલ સાથે ઝડપાયેલા પાકા કામના કેદી દિલીપ પગી વિરુધ્ધ રાવપુરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યું હતું આ મોબાઈલની એફએસએલમાં ચકાસણી થાય તો ઘણી બાબતોનો ખુલાસો થઈ શકે તેમ છે તેમજ જેલ પ્રતિબંધિત વિસ્તારમાં મોબાઈલ કેવી રીતે ઘુસાડવામાં આવ્યો છે અને મોબાઈલ ઘુસાડવામાં જેલ ખાતાના કોઈ કર્મચારી કે અન્ય કોઈની સંડોવણી છે કે કેમ તેની તપાસ થવી જરૂરી હોઈ તેની તપાસ કરવામાં આવે.

### વાઘોડિયાના મડોધર ગામમાં બે વર્ષ પહેલાંના બનાવમાં

# દલિત યુવકને જાતિવિરુદ્ધ શબ્દો બોલનાર બે યુવકોને ૩ વર્ષની કેદ

### ભત્રીજા સાથે ઝઘડો કરવાની અદાવતમાં અપશબ્દો બોલીને હુમલો કરાયો હતો

વડોદરા, તા. ૩

વાઘોડિયા તાલુકાના મડોધર ગામમાં બે વર્ષ અગાઉ ભત્રીજા સાથે ઝઘડો કરવાની અદાવતમાં યુવક અને તેના એક મિત્રએ દલિત યુવકને જાહેરમાર્ગ પર જાતિ વિરુધ્ધ અપમાનજનક શબ્દો કહ્યા બાદ જાહેરમાં દંડા વડે માર મારવાના બનાવમાં અત્રેની અદાલતે બંને હુમલાખોર યુવકોને ત્રણ વર્ષની કેદની સજા ફટકારી રોકડ દંડ ભરવાનો આદેશ કર્યો હતો.

વાઘોડિયા તાલુકાના મડોધર ગામમાં રહેતા ૨૨ વર્ષીય કરણસિંહ પ્રમોદસિંહ સોલંકી (દરબાર) અને કામનાથ મોહલ્લો, કમાટીબાગ અતિથીગૃહની પાછળ રહેતાં ૨૪ વર્ષીય મયુરસિંહ વિજયસિંહ રાઠોડ (દરબાર)એ ૧૬-૦૫-૨૦૨૨ના સાંજે દલિત સમાજના એક યુવકના ભત્રીજા સાથે આગલા દિવસે થયેલા ઝઘડાની અદાવતમાં યુવકને રસ્તામાં આંતર્યો હતો. આ બંને યુવકોએ દલિત યુવકને તેની જાતિ વિરુધ્ધ અપમાનજનક શબ્દો કહ્યા હતા અને ત્યારબાદ બંનેએ તેને જાહેરમાર્ગ પર દંડા વડે માર માર્યો હતો.

**બંને આરોપીઓને આઠ-આઠ હજાર રૂપિયાનો દંડ ભરવાનો કોર્ટનો આદેશ**

આ બનાવની ઈજાગ્રસ્ત યુવકે વાઘોડિયા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે કરણસિંહ અને મયુરસિંહ વિરુધ્ધ હુમલો અને એટ્રોસિટી એક્ટ હેઠળ ગુનો નોંધી બંનેની ધરપકડ કરી હતી.

આ કેસ સાવલી કોર્ટના એડી. ડિસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ જજ તેમજ સ્પેશ્યલ એટ્રોસિટી જજ એ. એમ.વર્માની કોર્ટમાં ચાલી જતાં સરકારી વકીલ સી.જી.પટેલની દલીલોને ગ્રાહ્ય રાખી કોર્ટે બંને આરોપીઓને કસુરવારન ઠેરવ્યા હતા અને બંનેને ત્રણ વર્ષની કેદની સજા ફટકારી અલગ અલગ ગુનામાં કુલ આઠ આઠ હજારનો દંડ ભરવાનો આદેશ કર્યો હતો.

### વિશ્વામિત્રી પુલની નીચેથી ખોપરી મળી આવી



શહેરના અમિતનગર સર્કલથી સમા-સાવલી રોડ તરફ જવાના માર્ગે આવેલા બ્રિજની નીચે એક ખોપરી મળી આવી હતી. આ ખોપરી (સ્કલ) માનવની હોવાની આશંકાએ પોલીસે બોલાવવામાં આવી હતી. પોલીસે એફએસએલની મદદ લેતાં ખોપરી માણસની નહીં પરંતુ વાંદરાની હોવાનું બહાર આવ્યું હતું. વેટરનરી ડોક્ટરે પણ સ્કલને વાંદરાનું હોવાનો રિપોર્ટ આપ્યો હતો. જેને આધારે પોલીસે તપાસ બંધ કરી હતી. જો કે, માણસની ખોપરી હોવાનું શરૂઆતમાં ફેલાતા પોલીસમાં દોડધામ અને ઉત્તેજના પણ વ્યાપી ગઈ હતી.

### વર્ષ ૨૦૨૫-૨૬નું શૈક્ષણિક વર્ષ શરૂ થયા બાદ ૨૦૨૪-૨૫ની સ્કોલરશિપનું વિતરણ

# MSUના ૧૫૫૨ વિદ્યાર્થીને ૯૧.૨૭ લાખની સ્કોલરશીપ

### સૌથી મોટી ફેકલ્ટી કોમર્સમાં સૌથી વધારે રૂા. ૩૬.૬૩ લાખની સ્કોલરશિપ

વડોદરા, તા.૩

એમ. એસ. યુનિવર્સિટીમાં ૨૦૨૫-૨૬નું શૈક્ષણિક વર્ષ શરૂ થયા બાદ હવે, ૨૦૨૪-૨૫ના વર્ષની સ્કોલરશિપની રકમ વિદ્યાર્થીઓના બેંક એકાઉન્ટમાં જમા થઈ રહી છે. સ્કોલરશિપ આપવા માટેની પ્રક્રિયા શરૂ કરવામાં થયેલા વિલંબના કારણે વિદ્યાર્થીઓને સ્કોલરશિપ પણ વિલંબથી મળી છે.

સત્તાધીશોએ જાહેર કરેલા આંકડા અનુસાર, ૨૦૨૪-૨૫ના વર્ષમાં આર્થિક રીતે નબળા કુલ ૧૫૫૨ વિદ્યાર્થીઓને રૂ. ૯૧.૨૭ લાખની સ્કોલરશિપ અપાઈ છે. જેમાં ૮૦૯ વિદ્યાર્થી અને ૭૪૩ વિદ્યાર્થિનીનો સમાવેશ થાય છે. યુનિવર્સિટી દ્વારા ૨૦૧૨થી આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓને તેમણે ભરેલી ફી અંશતઃ અથવા પૂરેપૂરી પરત આપવા ખાસ યોજના શરૂ કરી હતી.

યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓની સંખ્યાની દ્રષ્ટિએ કોમર્સ ફેકલ્ટી સૌથી મોટી છે, જેથી સૌથી વધારે રૂ. ૩૬.૬૩ લાખની સ્કોલરશિપ કોમર્સ ફેકલ્ટીના ૬૪૯ વિદ્યાર્થીઓને મળી છે. રૂ. ૧૬.૩૩ લાખની સ્કોલરશિપ સાથે ટેકનોલોજી ફેકલ્ટીના વિદ્યાર્થીઓ બીજા ક્રમે છે. સ્કોલરશિપ મેળવનારા કુલ વિદ્યાર્થીઓમાં ૩૫૨ હાયર પેમેન્ટ કોર્સના છે, જ્યારે ૧૨૦૦ રેગ્યુલર કોર્સના છે.

#### ૨૦૨૪-૨૫માં કઈ ફેકલ્ટીમાં કેટલી શિષ્યવૃત્તિ અપાઈ

| ફેકલ્ટી/કોલેજ | રકમ | ફેકલ્ટી/કોલેજ | રકમ |
|---|---|---|---|
| આર્ટસ | ૪,૪૯,૧૮૫ | મેડિસિન | ૪,૦૯,૩૭૫ |
| કોમર્સ | ૩૬,૬૩,૧૭૪ | પાદરા કોલેજ | ૧,૯૪,૧૪૫ |
| એજ્યુકેશન | ૨,૯૪,૮૬૫ | પરફોર્મિંગ આર્ટસ | ૮૩,૬૯૫ |
| હોમ સાયન્સ | ૪,૪૪,૪૦૪ | ફાર્મસી | ૨,૦૯,૧૫૭ |
| ફાઈન આર્ટસ | ૧,૨૯,૬૨૮ | પોલિટેકનિક | ૩,૫૫,૧૯૨ |
| જર્નાલિઝમ | ૩૧,૯૮૫ | સાયન્સ | ૮,૭૧,૧૫૨ |
| લો | ૧,૪૭,૯૯૨ | સોશિયલ વર્ક | ૧,૫૩,૨૬૭ |
| મેનેજમેન્ટ | ૫૭,૦૩૦ | ટેકનોલોજી | ૧૬,૩૩,૬૪૯ |

ખાસ કિસ્સાઓમાં, જેમણે માતા અથવા પિતા ગુમાવ્યા છે તેવા ૬૯ વિદ્યાર્થીઓને તેમજ એક પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીને ૧૦૦ ટકા સ્કોલરશિપ અપાઈ છે. ઈન્ચાર્જ વાઈસ ચાન્સેલર પ્રો. ધનેશ પટેલે જણાવ્યું હતું કે, આ વર્ષે સ્કોલરશિપ આપવાની પ્રક્રિયા ઓક્ટોબર કે નવેમ્બરમાં જ શરૂ કરી દેવાશે. જેથી વિદ્યાર્થીઓને શૈક્ષણિક વર્ષ પૂરું થાય તે પહેલા આર્થિક સહાય મળી જશે અને વિલંબનો સામનો કરવો પડશે નહીં.

#### ફેકલ્ટી પ્રમાણે સ્કોલરશિપ

| વર્ષ | વિદ્યાર્થી | રકમ |
|---|---|---|
| ૨૦૧૨-૧૩ | ૧૩૮ | ૪,૩૯,૯૨૦ |
| ૨૦૧૩-૧૪ | ૪૫૯ | ૨૨,૫૧,૬૮૩ |
| ૨૦૧૪-૧૫ | ૮૫૫ | ૫૫,૫૬,૮૭૩ |
| ૨૦૧૫-૧૬ | ૧૫૪૬ | ૧,૪૩,૫૧,૨૭૬ |
| ૨૦૧૬-૧૭ | ૧૬૧૬ | ૧,૦૨,૭૪,૪૨૪ |
| ૨૦૧૭-૧૮ | ૩૩૩૧ | ૭૭,૭૪,૭૮૬ |
| ૨૦૧૮-૧૯ | ૩૫૩૭ | ૮૨,૬૦,૧૬૬ |
| ૨૦૧૯-૨૦ | ૩૧૦૭ | ૯૦,૫૫,૨૩૬ |
| ૨૦૨૦-૨૧ | ૨૦૦૪ | ૯૦,૪૦,૪૯૦ |
| ૨૦૨૧-૨૨ | ૨૧૨૧ | ૯૮,૭૬,૮૩૧ |
| ૨૦૨૨-૨૩ | ૨૦૬૯ | ૧,૦૦,૯૫,૯૧૫ |
| ૨૦૨૩-૨૪ | ૧૪૯૮ | ૮૫,૭૨,૦૩૪ |
| ૨૦૨૪-૨૫ | ૧૫૫૨ | ૯૧,૨૭,૮૯૫ |

### ડભોઇમાં શિક્ષકોની શરાફી મંડળીની કચેરીમાં

# લાંચ પ્રકરણમાં ઝડપાયેલા બે આચાર્ય અને બે નિવૃત્ત શિક્ષકોને બે દિવસના રિમાન્ડ

### ઓડિટમાં ક્વેરી નહીં કાઢવા સરકારી ઓડિટરને ૪૦ હજાર આપવાના હતા

વડોદરા, તા.૩

ડભોઇ તાલુકામાં કુલ ૨૦ ગ્રુપ પ્રાથમિક શાળાઓ આવેલી છે અને આ શાળાઓનું વર્ષ ૨૦૨૧-૨૨નું ઓડિટ સરકારી ઓડિટર જયશ્રીબેન હીરાભાઇ સોલંકી (રહે. ગોત્રી) દ્વારા મે-૨૦૨૫માં કરવામાં આવ્યું હતું. દરેક શાળાના આ ઓડિટમાં કોઇ ક્વેરી નહી કાઢવા માટે વસઇ પ્રાથમિક શાળાના આચાર્ય ઘનશ્યામભાઇ ભૂપેન્દ્રભાઇ પટેલે એક ગૃપ શાળાના રૂા.૨ હજાર પ્રમાણે ૨૦ ગૃપ શાળાઓ માટે ઓડિટરને ૪૦ હજાર આપવા માટે ડભોઇ તાલુકાના તમામ ગ્રુપ આચાર્યોને શાળા દિઠ બે હજાર ચુકવવાની વોટ્સએપ ગ્રુપમાં જાણ કરી હતી.

દરમિયાન આ વીસ પૈકીના એક આચાર્ય લાંચ પેટે બે હજાર આપવા માંગતા ન હોઇ તેમણે આ અંગેની નર્મદા ભવન સ્થિત એસીબી કચેરીમાં ફરિયાદ કરી હતી જેથી નાયબ નિયામક પી. એચ. ભેંસાણીયાના માર્ગદર્શન હેઠળ પીઆઇ એ.જે. ચૌહાણ તેમજ સ્ટાફે ડભોઇમાં આવેલી ડભોઇ તાલુકા પ્રાથમિક શિક્ષકોની સહકારી સરાફી મંડળીની કચેરીમાં છટકું ગોઠવ્યું હતું. ફરિયાદ કરનાર ગૃપ આચાર્યએ છટકા મુજબ ૨ હજાર લાંચની રકમ ઘનશ્યામભાઇ પટેલને આપી હતી અને ઘનશ્યામભાઇએ આ રકમ ઓફિસમાં બેસેલ નિવૃત્ત શિક્ષક બુધ્ધિસાગર સોમાભાઇ પટેલને આપી હતી. બાદમાં બુધ્ધિસાગરે લાંચના પૈસા મહેન્દ્રસિંહ ગણપતસિંહ સોલંકી (રહે.ખૂંધિયાપુરા પ્રાથમિક શાળા આચાર્ય)ને આપ્યા બાદ તેમણે નિવૃત્ત શિક્ષક મુકુંદભાઇ બાબુભાઇ ચૌહાણને આપ્યા હતાં. બાબુભાઇએ લાંચની આ રકમ અન્ય આચાર્યો દ્વારા આવેલા રૂા.૧૪ હજારની સાથે એક ચિઠ્ઠીમાં લખી તેને ગડી વાળી પોતાની પાસે રાખેલ. આ સાથે જ એસીબીએ દરોડો પાડી ચારેયને રંગે હાથ ઝડપી પાડયા હતાં. દરમિયાન ઘનશ્યામભાઇએ ઓડિટર જયશ્રીબેન સોલંકીને ફોન કરી પૈસા આવી ગયા છે તેમ કહ્યું હતું. એસીબીએ આ અંગે શિક્ષકો સામે ભ્રષ્ટાચાર અધિનિયમ હેઠળ ગુનો દાખલ કરી ચારેયની અટકાયત કર્યા બાદ મહિલા ઓડિટર જયશ્રીબેનને ઝડપી પાડવાની કાર્યવાહી હાથ ધરી હતી. આ લાંચ પ્રકરણમાં ઝડપાયેલા બંને આચાર્ય અને બે નિવૃત્ત શિક્ષકો સહિત ચારેય આરોપીઓને આજે કોર્ટમાં રજુ કરાયા હતા જ્યાં મુખ્ય સરકારી વકીલ અનિલ દેસાઇની દલીલોને ગ્રાહ્ય રાખીને કોર્ટે ચારેય આરોપીઓને બે દિવસના રિમાન્ડ પર સોંપવાનો આદેશ કર્યો હતો.

### વડોદરા જિલ્લાના સમગ્ર વિસ્તારમાં ડ્રોન ઉડાડવા પર પ્રતિબંધ

વડોદરા, તા.૩

પ્રવર્તમાન સુરક્ષા પરિસ્થિતિને ધ્યાને લેતા વડોદરા જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં લોકો વચ્ચે ભય જેવી પરિસ્થિતિ ઉભી ન થાય તેમજ લોકોની જાન માલની સુરક્ષાને ધ્યાને લઈ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે હુકમ જાહેર કરાયો છે. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામા અંતર્ગત કોઈ પણ પ્રકારે જાહેર વ્યવસ્થા ન ખોરવાય તે માટે વડોદરા શહેર પોલીસ કમિશનરની હકુમત સિવાયના વડોદરા ગ્રામ્ય જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તથા શહેર પોલીસ કમિશનરની હદ વિસ્તાર સિવાયના વડોદરા મહાનગર પાલિકામાં સમાવિષ્ટ વિસ્તારમાં તમામ પ્રકારના માનવ રહિત હવાઈ વાહન કે, ડ્રોન ઉડાડવા પર તા. ૧૨મી જુલાઈ ૨૦૨૫ સુધી પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ શિક્ષાને પાત્ર થશે.

### MSU કોમર્સના ટીવાયના વિદ્યાર્થી બે વર્ષથી માર્કશીટની રાહમાં

# કોમર્સમાં ૨૦૨૩-૨૪થી ૨૮૦૦૦થી વધુ માર્કશીટનું વિતરણ હજી પણ બાકી

### આજે શુક્રવારથી પહેલા વર્ષની માર્કશીટનું વિતરણ કરવામાં આવશે

વડોદરા, તા.૩

એમ. એસ. યુનિવર્સિટીની કોમર્સ ફેકલ્ટીમાં બે વર્ષથી માર્કશીટની રાહ જોતાં ત્રીજા વર્ષના વિદ્યાર્થીઓને હવે, પહેલા વર્ષની માર્કશીટનું આવતીકાલથી વિતરણ કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, પહેલા અને બીજા વર્ષના કુલ ચાર સેમિસ્ટરની ૨૮૦૦૦થી વધુ માર્કશીટનું વિતરણ હજી બાકી છે.

કોમર્સ ફેકલ્ટીના વિદ્યાર્થીઓ પહેલા પ્રવેશથી પરિણામ સુધી હેરાન થતાં હતા. જોકે, છેલ્લા એક વર્ષથી વિદ્યાર્થીઓને પડતી મુશ્કેલીમાં ઘટાડો થયો છે. જોકે, હાલમાં ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ આજે પણ પહેલા અને બીજા વર્ષની માર્કશીટની રાહ જોઈ રહ્યા છે. પ્રાપ્ત માહિતી અનુસાર છેલ્લા બે વર્ષથી વિદ્યાર્થીઓને માર્કશીટ આપવામાં આવી નથી. જેની પાછળનું કારણ માર્કશીટ પ્રિન્ટ થઈ ન હોવાનું જાણવા મળે છે.

ફેકલ્ટીના સૂત્રોમાંથી મળતી માહિતી અનુસાર નવી શિક્ષણ નીતિ ૨૦૨૦ અંતર્ગત વિદ્યાર્થીઓને સેમિસ્ટર દીઠ માર્કશીટ આપવાની છે. જેથી પહેલા અને બીજા વર્ષના ચાર સેમિસ્ટરની માર્કશીટનું વિતરણ કરવાનું બાકી છે. ૨૦૨૩-૨૪માં કોમર્સ ફેકલ્ટીમાં પહેલા વર્ષમાં અભ્યાસ કરનાર ૭૦૦૦થી વધુ વિદ્યાર્થીને માર્કશીટ આપવામાં આવી ન હતી. એટલું જ નહીં આ વિદ્યાર્થીઓએ ગત વર્ષે ૨૦૨૪-૨૫માં બીજા વર્ષના બે સેમિસ્ટરની પરીક્ષા આપી હતી જેની પણ માર્કશીટ તેમને આપવામાં આવી નથી. જે પ્રમાણે ૭૦૦૦થી વધુ વિદ્યાર્થીને ૨૮૦૦૦થી વધુ માર્કશીટ આપવાની બાકી છે.

જોકે, પહેલા વર્ષની માર્કશીટ આખરે પ્રિન્ટ થઈને આવી જતાં આવતીકાલથી તેનું વિતરણ શરૂ કરવામાં આવનાર છે. જ્યારે બીજા વર્ષના ત્રીજા અને ચોથા સેમિસ્ટરની માર્કશીટ હજી પ્રિંટિંગમાં હોવાનું જાણવા મળે છે.

### દુકાન સંચાલક રાત્રે ટ્રેક્ટર દ્વારા અનાજ લઈ જઈ રહ્યો હતો, ઘઉં-ચોખા-ખાંડનો જથ્થો જપ્ત : ગ્રામજનોએ રેડ કરી કૌભાંડ પકડી પાડ્યું

# બોડેલીના બાંગાપુરામાં સરકારી અનાજ સગેવગેનો પર્દાફાશ

### બોડેલી મામલતદારને જાણ કરતાં વહીવટી નાયબ મામલતદાર બાંગાપુરા ખાતે પહોંચી જઈ ઝડપેલા ઘઉં, ચોખા અને ખાંડનો જથ્થો કબજે લઈ સીલ કરાયો

બોડેલી, તા.૩

છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકાના બાંગાપુરા ગામે સરકારી રેશનના અનાજની સગે વગે કરવામાં આવી રહેલા કૌભાંડનો પર્દાફાશ થતાં ચકચાર મચી ગઈ છે. પંડિત દિનદયાળ ગ્રાહક ભંડારના સંચાલક હસમુખભાઈ બારિયા રાત્રે દસ વાગ્યે ટ્રેક્ટર દ્વારા અનાજ લઈ જઈ રહ્યા હતા ત્યારે સ્થાનિક ગ્રામજનોએ શંકા આવતા રેડ કરી તેમને પકડી પાડ્યા હતા.ગ્રામજનોની તાત્કાલિક જાણ બાદ વહીવટી તંત્ર અને પોલીસ સ્થળ પર દોડી ગઈ હતી. મામલતદાર, નાયબ મામલતદાર અને પુરવઠા વિભાગના અધિકારીઓએ સ્થળ પર પહોંચીને તપાસ હાથ ધરી હતી. દરોડા દરમિયાન ઘઉં, ચોખા અને ખાંડનો મોટો જથ્થો મળી આવ્યો હતો, જેને કબજે લઈ સીલ કરવામાં આવ્યો છે.

બોડેલીના બાંગપુરા ખાતેની સસ્તા અનાજની દુકાનમાંથી સગેવગે થતો ઘઉં,ચોખા,ખાંડનો ટ્રેક્ટર ભરીને સગેવગે થતો જનતા રેડ કરીને ઝડપી પાડ્યો છોટાઉદેપુર જીલ્લાના બાંગાપુરા ખાતેની સસ્તા અનાજની દુકાનમાંથી ટ્રેક્ટર ભરીને ઘઉં,ચોખા,અને ખાંડનો જથ્થો રાત્રે સગેવગે થતો હતો,જેની જાણ ગ્રામજનોને થતા ગ્રામજનોએ જનતા રેડ કરીને સગેવગે થતો માલ ઝડપી પાડીને મામલતદારને સોંપ્યો હતો. બોડેલી તાલુકાના બાંગાપુરા ગામ માં પંડિત દીનદયાલ ગ્રાહક ભંડાર માંથી ગત રાત્રી દરમિયાન લગભગ સાડા દસ વાગ્યાના અરસામાં ઘઉં ચોખા અને ખાંડનો જથ્થો દુકાનદાર ટ્રેક્ટર ભરીને માલ સગેવગે કરવાની તૈયારીઓ ચાલતી હતી,ત્યારે આ વાતની જાણ ગામના લોકોને થતા ગ્રામજનોએ દ્વારા સસ્તા અનાજની દુકાન પર પહોંચી જનતા રેડ કરવામાં આવી હતી.અને બોડેલી પોલીસને જાણ કરવામાં આવી હતી.ત્યારબાદ બોડેલી મામલતદારને જાણ કરતા બોડેલી વહીવટી નાયબ મામલતદાર બાંગાપુરા ખાતે પહોંચી જઈ ગ્રામજનોએ ઝડપેલા ઘઉં ચોખા અને ખાંડનો જથ્થો કબ્જે લઈ એક રૂમમાં મૂકીને સીલ કરી દીધો હતો.





અનાજની દુકાન પર પહોંચી જનતા રેડ કરવામાં આવી હતી. અને બોડેલી પોલીસને જાણ કરવામાં આવી હતી.ત્યારબાદ બોડેલી મામલતદારને જાણ કરતા લગભગ સવા અગિયાર વાગ્યે બોડેલી વહીવટી નાયબ મામલતદાર બાંગાપુરા ખાતે પહોંચી જઈ ગ્રામજનોએ ઝડપેલા ઘઉં ચોખા અને ખાંડનો જથ્થો કબ્જે લઈ એક રૂમમાં મૂકીને સીલ કરી દીધો હતો.જ્યારે વહીવટી નાયબ મામલતદાર દ્વારા દુકાનદારને ઘટનાસ્થળે બોલાવવામાં આવતા તે આવ્યો ન હતો.જેથી વહીવટી નાયબ મામલતદાર દ્વારા રોજકામ કરીને કાર્યવાહી હાથ ધરી હતી.ઉલ્લેખનીય છે કે, આ દુકાન અંગે અગાઉથી પણ અનાજની હેરાફેરી સંબંધિત ફરિયાદો ગ્રામજનો દ્વારા કરવામાં આવી હતી. જ્યારે સરકાર દ્વારા ગરીબોને મફતમાં અનાજ ઉપલબ્ધ કરાવવાની યોજના અમલમાં છે, ત્યારે આવા કૌભાંડો ગરીબોનો હક છીનવી લેવાના પ્રયાસ તરીકે જોવામાં આવી રહ્યા છે.આ ઘટનાને પગલે તંત્રએ તપાસ શરૂ કરી છે અને આગળની કાયદેસર કાર્યવાહી ચાલી રહી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### શહેરાના પાદરડી ગામની માધ્યમિક શાળા ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો



શહેરા :શહેરાના પાદરડી ગામની માધ્યમિક શાળા ખાતે આર. એ. આર. ફાઉન્ડેશનના દ્વિતીય સ્થાપના દિવસને લઈને વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. શાળાના મેદાનમાં ૯ ૯ ૯ જેટલા વિવિધ છોડોનું વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. શહેરા તાલુકાના પાદરડી ગામની માધ્યમિક શાળા ખાતે આર એ આર ફાઉન્ડેશનના દ્વિતીય સ્થાપના દિવસને લઈને વૃક્ષારોપણ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. માધ્યમિક શાળા ખુલ્લા મેદાનમાં આર. એ.આરના સભ્યો અને શાળાના પરિવાર તેમજ આ શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના હસ્તે ગુલાબ, સીસમ, મયુર પંખ, લીમડો , આંબળા, સરગવો, ગુલમહોર સહિત સહિતના ૯ ૯ ૯ છોડોનું વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતુ. શાળા ખાતે આર.એ. આરના ફાઉન્ડેશન ના જિલ્લાના સભ્યો વનરાજસિંહ સોલંકી, કુલદીપ સિંહ ગોહિલ, રાહુલભાઈ સેલોત સહિતના અન્ય સભ્યો તેમજ આચાર્ય જે.કે.પુવારએ વૃક્ષોનું મહત્વ અને પર્યાવરણને બચાવવા વૃક્ષોનું નિકંદન થતું અટકાવી સૌ કોઈને એક વૃક્ષ વાવીને તેનું જતન કરવાની અપીલ કરી પર્યાવરણને લગતો સંદેશો આપ્યો હતો.

### છોટાઉદેપુર એલસીબીએ ચાર વર્ષથી નાસતો ફરતો વોન્ટેડ આરોપીને ઝડપી પાડ્યો



બોડેલી : સંખેડા પોલીસ સ્ટેશનના પ્રોહિબિશનના ગુનાના રાજય બહારના છેલ્લા ચાર વર્ષથી નાસતા ફરતા આરોપીને પકડી પાડતી છોટાઉદેપુર લોકલ ક્રાઈમ બ્રાન્ચ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન બાતમી મળેલ કે, સંખેડા પોલીસ સ્ટેશનના ગુનાના કામે નાસતો ફરતો આરોપી ધુંધરીયા ઉર્ફે સુદરીયાભાઈ ચિમાભાઈ તોમર રહે.છોટી ઉતાવળી તા.સોંઢવા જી. અલીરાજપુર (મધ્યપ્રદેશ) હાલ પાનવડથી છોટાઉદેપુર આવનાર છે તેવી બાતમીના આધારે છોટાઉદેપુર જિલ્લા પંચાયતની સામે રોડ ઉપર વોચમાં હતા. બાતમીમાં જણાવ્યા મુજબના વર્ણનવાળો માણસ મળી આવતા તેને કોર્ડન કરી પકડી લીધેલ અને નામઠામ પૂછતા તેણે પોતાનું નામ ધુંધરીયા ઉર્ફે સુદરીયાભાઈ ચિમાભાઈ તોમર રહે.છોટી ઉતાવળી તા.સોંઢવા જી.અલીરાજપુર (મધ્યપ્રદેશ)નો હોવાનું જણાવેલ જેથી તેને ગુન્હા બાબતે પુછતાં તેણે જણાવેલ કે, ચાર વર્ષ અગાઉ દારૂના કેસમાં તેનુ નામ ખુલેલ ત્યારથી પોલીસ તેને પકડી જશે તે બીકથી આજદીન સુધી નાસતો ફરતો હોવાની હકિકત જણાવી ગુનાનો એકરાર કરતો હોય જે અંગે શરીર સ્થિતીનું પંચનામું કરી તેની અટકાયત કરી છે.

### કાલોલ નગરપાલિકાના સફાઈ કર્મચારીઓએ મામલતદારને આવેદનપત્ર આપ્યું



કાલોલ :કાલોલ નગરપાલિકાના સફાઈ કર્મચારીઓ ઉપરવોર્ડ નં ૯માં સફાઈ કામગીરી દરમ્યાન ત્યાંના સ્થાનિકો દ્વારા જાતિ વિષયક અપમાન કરી લાકડીઓ અને લોખંડની પાઈપ વડે હુમલો કરતા ત્રણ સફાઈ કર્મચારીઓ ઈજાગ્રસ્ત થયા હતા. જેની કાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે પરંતુ આરોપીઓ પકડાયા નથી તેવો આક્ષેપ કરી આજરોજ કાલોલ મામલતદારને સફાઈ કર્મચારીઓ દ્વારા આવેદનપત્ર આપી વોર્ડ નં ૯માં સફાઈની સ્થગિત કરવા માંગ કરી છે, અને જ્યા સુધી તેઓને ન્યાય ન મળે ત્યાં સુધી કોઈ કર્મચારીને વોર્ડ નં ૯માં સફાઈ કરવા મોકલવા નહી, જો મોકલવામાં આવે તો ચીફ ઓફિસર અને સુપરવાઈઝર દ્વારા લેખિતમાં બાહેધરી આપવામાં આવે તેવી માંગ કરી આવેદનપત્ર આપ્યું છે. બીજી તરફ કાલોલ પોલીસ મથકે તપાસ માટે આવેલ નાયબ પોલીસ અધિક્ષક એસસી એસટી સેલના બી.બી. જાડેજાએ જણાવ્યું હતું કે ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરી તપાસ શરૂ કરવામાં આવી છે.

### બોડેલીમાં વીજલાઇનની કામગીરી દરમિયાન

## બાપુનગરમાં પાણીની લાઈન તૂટી જતાં લોકોને પાણી ન મળ્યું

### ખૂલ્લા વીજવાયરોથી લોકોને અકસ્માત ભય

બોડેલી, તા.૩

બોડેલી ટાઉનમાં એમજીવીસીએલ દ્વારા અંડર ગ્રાઉન્ડ વીજલાઈનની કામગીરી પાંચેક દિવસથી ચાલી રહી છે. બાપુનગરમાં વીજ લાઈનની કામગીરી દરમિયાન પાણીની લાઈન વચ્ચે આવી જતાં તેમાં ભંગાણ સર્જાતાં સમગ્ર વિસ્તાર પાણી વિના રહ્યો હતો. બોડેલી વિભાગ વીજ એકમ દ્વારા બોડેલી ટાઉનમાં પ્રાયોગિક ધોરણે અંડર ગ્રાઉન્ડ વીજ વાયરો નાખવા માટે ખાડા ખોદી પાઈપ નાખવા માટેની કામગીરી ચાલી રહી છે. ત્યારે સ્થાનિક પંચાયતને કહ્યા વિના ખાડા ખોદતાં બાપુનગરમાં પાણીની લાઈન તૂટી જતાં સમગ્ર વિસ્તારને પાણી આપી શકાયું નથી. તેમ સરપંચ જણાવ્યું હતું. બાપુનગર સાથે ગોવર્ધનનગર, શારનેશ્વર સહિતનો વિસ્તાર પાણી વિના રહ્યો હતો. સરપંચના જણાવ્યા મુજબ થોડાક દિવસ અગાઉ પણ પાણીની લાઈન તૂટતાં જમના પાર્ક, કેસરબા સોસાયટી વિસ્તારમાં બે દિવસ પાણી આવ્યું ન હતું. બોડેલી નગરમાં ઠેરઠેર ખુલ્લા વીજ વાયરો જોખમી રીતે હોય તેમ જોવા મળે છે.

મુખ્ય વીજલાઈન પણ મકાનો પાસેથી પસાર થઈ રહી છે. વીજ તંત્ર દ્વારા અંડર ગ્રાઉન્ડ વીજ લાઈનની કામગીરી ચાલે છે તે આવકાર્ય છે, પણ સ્થાનિક પંચાયતનું ધ્યાન દોરીને ખાડા ખોદવામાં આવે તેમ કહ્યું હતું, જોકે બોડેલી વીજ કચેરીના નાયબ ઈજનેર ડી. કે. રાઠવાનો સંપર્ક સાધતાં તેમણે કહ્યું કે સ્થાનિક પંચાયતને જાણ કરીને જ કામગીરી ચાલી રહી છે, પણ પાણીની લાઈન ક્યાંથી પસાર થાય છે તે ચોક્કસ ખબર ન હતી.

### સ્થાનિકો તેમજ રાહદારીઓ ને ગંદા પાણીમાં થી પસાર થવું પડે છે

## કાલોલ કોલેજ વિસ્તારમાં વરસાદી પાણીના નિકાલને અભાવે સ્થાનિકો હેરાન-પરેશાન

### પાણીનો નિકાલ કરી કાયમી ધોરણે ઉકેલ લાવવા માગણી

કાલોલ, તા.૩

કાલોલ નગરપાલિકા વોર્ડ નં ૧ મા આવેલા કાલોલ કોલેજ વિસ્તારમાં દર વર્ષે ચોમાસામાં વરસાદ ને કારણે પાણીની સમસ્યા સર્જાય છે વરસાદી પાણીના નિકાલ ને અભાવે ગંદકી ફેલાઈ રહી છે પાણી ભરાઈ જતા રોગચાળો ફેલાય તેવી સંભાવના છે સ્થાનિકો તેમજ રાહદારીઓ ને ગંદા પાણીમાં થી પસાર થવું પડે છે. અત્રેના ઓમકારેશ્વર સોસાયટીના સ્થાનિક રહીશ રાજેન્દ્ર ડી પટેલ દ્વારા નગરપાલિકાને રજુઆતો કરી છે ઉપરાંત પ્રાદેશિક કમિશનર તથા મ્યુનિસિપલ કમિશનર ને પણ રજૂઆત કરી છે અને જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં પણ માહિતી માંગી છે વધુમાં માહિતી આયોગ સમક્ષ પણ પાણીના નિકાલ બાબતે રજૂઆત કરી



છે . કોલેજ થી શુભાલય સોસાયટીના રોડ કોઈ પણ પ્રકારના લેવલ કર્યા વગર બનાવ્યા છે તેમજ કોઈ પણ પ્રકારની ગુણવતા પણ જાળવી નથી તેવી રજુઆત કરવામાં આવી છે. આ વિસ્તારમા કોલેજ આવેલી છે અને કોલેજ મા પુરાણ કરવામાં આવતા કોલેજમાં ભરાતું પાણી પણ આ વિસ્તારમાં આવી રહ્યું હોવાનુ જણાવ્યું છે. અગાઉ ગટર બનાવેલ હતી તે કોઈક કારણસર પુરી દેવામાં આવતા પાણીનો નિકાલ થતો નથી ત્યારે કાલોલ નગરપાલિકા દ્વારા પાણીનો નિકાલ કરી કાયમી ધોરણે ઉકેલ લાવવામાં આવે તેવી આ વિસ્તારના લોકોની માંગ છે.

### દાહોદના ભવાની કોમ્પ્લેક્સમાં વીજ મીટર ભડકે બળ્યાં

દાહોદ, તા.૩

દાહોદ જુના ઈન્દોર રોડ પર આવેલ માતંગી નગર-૨ માં આવેલ ભવાની કોમ્પલેક્ષમા આજે વહેલી સવારમાં પાણીનો વારો હતો. તે સમયે તે કોમ્પ્લેક્ષના ૧૦ થી ૧૨ જેટલા વીજ મીટરોમાં ભડાકા થતા વીજ મીટર ભડકે બળી ગયા હતા. ઘટનાની જાણ દાહોદ ફાયર સ્ટેશનમાં કરતા ફાયર બ્રિગેડના લાશ્કરો ફાયર ફાઈટર સાથે ઘટના સ્થળે દોડી આવ્યા હતા. અને પાણીનો મારો ચલાવી વધુ નુકસાન થતું અટકાવ્યું હતું. વીજ મીટરો બળી જતા ભવાની કોમ્પ્લેક્ષના મકાનોમાં રહેતા રહીશોને પાણીનો પુરવઠો ન મળતા મુશ્કેલીમાં મુકાયા છે. ચાર દિવસ પહેલા પણ પાણીનો વારો હતો, તે દિવસે પણ એકાએક વીજ લાઈનમાં ખામી સર્જાતા સિંગલ ફેસ થઈ જતા તે કોમ્પ્લેક્સ ના રહીશોને પાણી વિના રહી જવું પડ્યું હતું. રહીશોને વીજ લાઈનમાં રહેલી ક્ષતિઓને કારણે છેલ્લા દસ દિવસથી પાણી વિના તકલીફો વેઠવી પડી રહી છે.

### સાંજના ભોજન બાદ ૬૦ વિદ્યાર્થિનીઓને ફૂડ પોઈઝનિંગની અસર : લીમખેડા હોસ્પિટલમાં ખસેડાઈ

## દાહોદના લુખડિયા ગર્લ્સ રેસિડેન્શિયલ સ્કૂલમાં વિદ્યાર્થિનીઓને ફૂડ પોઈઝનિંગ

### છ વિદ્યાર્થિનીની તબિયત વધુ લથડતાં દાહોદ ઝાયડસ હોસ્પિટલ ખાતે ખસેડાઈ

લીમખેડા, તા.૩

ધાનપુર તાલુકાની મંડોર રેસીડેન્સીયલ સ્કૂલ હાલમાં તેના મકાનના થઈ રહેલા બાંધકામને કારણે લીમખેડાની મોડલ સ્કૂલના કેમ્પસમાં શિફ્ટ કરવામાં આવી છે ગત રાત્રે ગર્લ્સ રેસીડેન્સીયલ સ્કૂલની ૩૬૦ જેટલી વિદ્યાર્થીનીઓ રાતનું ભોજન લીધા બાદ પોતાના રૂમમાં પરત આવી ગઈ હતી. તેની થોડી મિનિટોમાં જ એક બે છોકરીઓને પેટમાં દુખાવાની તેમજ ઉલ્ટીની તકલીફ ઊભી થઈ હતી. આ બનાવની જાણ થતા જ ૧૦૮ એમ્બ્યુલન્સ વાન બોલાવી હતી. ત્યાં સુધીમાં તો ૧૨ જેટલી



વિદ્યાર્થીની ઓની તબિયત બગડી હતી. જેના પગલે તાત્કાલિક તમામને સારવાર અર્થે લીમખેડા સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડવામાં આવી હતી. પરંતુ એક પછી એક ૬૦ જેટલી વિદ્યાર્થીનીઓની પણ તબિયત લથડતા દોડધામ મચી જવા પામી હતી. અને એમ્બ્યુલન્સ મારફતે ૫૯ જેટલી વિદ્યાર્થીનીઓને લીમખેડા સરકારી દવાખાનામાં લઈ જવામાં આવી હતી. જ્યારે અન્ય વિદ્યાર્થીનીઓની હોસ્ટેલમાં સારવાર શરૂ કરવામાં આવી હતી.

બનાવને પગલે પ્રાંત અધિકારી, જિલ્લા આરોગ્ય અધિકારી સહિત આરોગ્ય વિભાગની ટીમો દોડી આવી હતી. અને પ્રાંત અધિકારીએ જરૂરી માહિતી મેળવી વિદ્યાર્થીનીઓની સારવારની વ્યવસ્થા ગોઠવી હતી. ફુડ પોઈઝનિંગના અસરગ્રસ્તોની સંખ્યા વધતી જતી હતી. જેથી અગમચેતીના પગલા રૂપે દાહોદની ઝાયડસ હોસ્પિટલ ખાતે પણ આગવી વ્યવસ્થા તૈયાર કરાવવામાં આવી હતી. સાથે જ તમામનું સ્ક્રિનિંગ અને જરૂરી દવાઓની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી.

### સુખસરમાં લેન્ડગ્રેબિંગનો ગુનો નોંધાયો

## ફતેપુરાના જવેસી ગામે બે મહિલા સહિત ૬ જણે જમીન પચાવી પાડી

### ઝઘડો કરી વારંવાર ધમકી આપતા હતા

દાહોદ, તા.૩

ફતેપુરા તાલુકાના જવેસી ગામના હોળી ફળિયામાં રહેતા ૭૪ વર્ષીય વીરાભાઈ પુંજાભાઈ વસૈયા તથા તેમના કુટુંબીજનોની જવેસી ગામે આવેલ વડીલો પારજિત ખાતા નંબર ૧૮૭ના મૂળ જુનો રેવન્યુ સર્વે નંબર-૨૨૨ અને હાલનો રેવન્યુ સર્વે નંબર-૧૧ અને જુનો સર્વે નંબર-૬૪ વાળી જમીન જેનું કુલ ક્ષેત્રફળ ૦૨ ૮૫ ૩૩ હેક્ટર આરે ચોમી તથા ૨ ખાતા નંબર ૨૩૦ના મૂળ જુનો રેવન્યુ સર્વે નંબર ૨૩૧ હાલનો રેવન્યુ સર્વે નંબર ૧૩ અને જુનો સર્વે નંબર ૧૭ વાળી જમીન જેનું કુલ ક્ષેત્રફળ ૦૦ ૮૯ ૪૮ હેક્ટર આરે ચોમી પૈકી આશરે દોઢ એકર જેટલી જમીનમાં જવેસી ગામના હોળી ફળિયામાં રહેતા વસૈયા પરિવારના રામસિંગભાઈ ફતાભાઈ, શંકરભાઈ રામસિંગભાઈ, ખુમસીંગભાઈ રામસિંગભાઈ, ચેતનભાઈ મલજીભાઈ, સવિતાબેન રામસિંગભાઈ ફતાભાઈ તથા જગલીબેન શંકરભાઈ રામસિંગભાઈ વગેરેએ સને ૧૯૯૭થી ગેરકાયદેસર રીતે ખેતી વિષયક દબાણ કરી તથા ઘર તેમજ ઝુંપડું બનાવી જમીન પચાવી પાડી હતી. અને વીરાભાઈ પુંજાભાઈ વસૈયા તથા તેમના પરિવારજનોને તે જમીનમાં ખેતી કરવા નહીં દઈ ઝઘડો તકરાર કરી દાગ ધમકી આપતા હતા. જેથી આ સંબંધે જવેસી ગામના હોળી ફળિયામાં રહેતા ૭૪ વર્ષીય વીરાભાઈ પુંજાભાઈ વસૈયાએ સુખસર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતાગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી તેઓની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે.

### રૂા.૭૧ કરોડના કૌભાંડ બાદ સરકાર સક્રિય : સ્થાનિક ૨૮૨ કર્મચારીઓ પણ તપાસ ટીમોને મદદ કરશે

## દાહોદ ચકચારી મનરેગા કૌભાંડ: 2282 કામોની સ્થળતપાસ કરાશે

### દેવગઢબારિયા અને ધાનપુર તાલુકાના ૧૦૦થી વધુ ગામોમાં ચાલી રહેલા કામોની હકીકત તપાસવા ૧૨ જિલ્લામાંથી ૩૦ અધિકારીઓ તહેનાત

દાહોદ, તા.૩

દાહોદના બહુચર્ચિત મનરેગા કૌભાંડમાં દાખલ થયેલ ફરિયાદ સંબંધિત આખરે સ્થળ પર થયેલા કામો અંગે હકીકતલક્ષી અહેવાલ તૈયાર કરવા દેવગઢબારિયા અને ધાનપુર તાલુકાના વિવિધ ગામોમાં મનરેગા અંતર્ગત કામોની સ્થળ તપાસણી માટે રાજ્ય સરકાર દ્વારા ૧૦ તપાસ ટીમોની નીમુંણક કરવામાં આવી હતી. જેમા એકલા દે. બારીયાના ૮૦ ગામોમાં ૨૨૮૨ કામો ની તપાસ હાથ ધરશે. આ તપાસ ને અનુસંધાને રાજ્ય સરકાર દ્વારા ૧૨ જિલ્લામાંથી ૩૦ સરકારી અધિકારી કર્મચારીઓને તપાસ માટે મૂકવામાં આવ્યા છે.જેમા સ્થાનિક તલાટી, ટેક્નિકલ આસિસ્ટન્ટ, તેમજ ર્એજી મળી ૨૮૨ મનરેગાના કર્મચારીઓ બહારથી આવતી તપાસ ટીમોને મદદ કરશે.

દાહોદ જિલ્લા સહીત ગુજરાતભરમાં ચકચાર મચાવનાર મનરેગા કૌભાંડમાં ત્રણ ફરિયાદો દાખલ કરવામાં આવી હતી. જેમા દેવગઢ બારીયાના કુવા, રેઢાણા, ધાનપુરના સીમામોઈ માં ૭૧ કરોડના કામોમાં ગેરરીતી સામે આવી હતી.આ સિવાય ધાનપુરના ભાણપુરના ૩૩ લાખ તેમજ દેવગઢ બારીયાના લવારીયાના ૧૮.૪૧ લાખના કામોમાં કૌભાંડ સંદર્ભે પોલીસ ફરિયાદ નોંધાઈ હતી.જે બાદ પોલીસે આ ગુનાઓમાં ૧૨ સરકારી કર્મચારીઓ, તેમજ મંત્રી પુત્ર સહિત ૪ એજન્સીઓના માલિક મળી કુલ ૧૯ લોકોની ધરપકડ કરવામાં આવી હતી. આ



સિવાય ૩૧ એજન્સીઓ સામે હાલ તપાસો ચાલી રહી છે. દરમિયાન રાજ્ય સરકાર દ્વારા એફઆઈઆર સંદર્ભે કામોમાં બહારની ટીમો દ્વારા તપાસ કરવાનો નિર્ણય કર્યો છે. જેના અનુલક્ષીને કમિશનર ગ્રામ વિકાસ કચેરી ગાંધીનગર દ્વારા દેવગઢ બારીયાના જ ૨૨૮૨ કામોની તેમજ ધાનપુરના વિવિધ ગામોમાં મનરેગા માં થયેલા કામોમાં જિલ્લા બહારની ૧૦ ટીમોને તપાસ માટે નિમણૂક કરવામાં આવી છે. આ દરેક ટીમમાં ત્રણ સભ્યો હશે. આ સાથે સ્થાનિક કર્મચારીઓ તપાસમાં મદદરૂપ થશે. આ તમામ કામોમાં મનરેગાના કામોમાં તપાસ કર્યા બાદ તપાસ નો અહેવાલ રાજ્ય સરકારને સુપરત કરવામાં આવશે.

### રાજ્ય મનરેગાના કામોમાં ૧ ૨ જિલ્લામાંથી ટીમોની રચના કરી

રાજ્ય સરકાર દ્વારા જિલ્લા વિકાસ અધિકારી દાહોદના પત્ર, અને કચેરીની ફાઈલ નોંધ પર મળેલી મંજૂરીના આધારે રાજ્યના ૧ ૨ જિલ્લામાંથી ૩૦ અધિકારીઓની નિમણૂક કરી છે. જેમાં અમદાવાદ, અરવલ્લી, આણંદ, ગીર સોમનાથ, અમરેલી, જામનગર ,મહેસાણા નવસારી, મહીસાગર, સુરત, છોટાઉદેપુર તેમજ ગાંધીનગરથી ૩૦ જેટલા અધિકારીઓની તપાસ ટીમની નિમણૂક કરી છે. આ ૩૦ અધિકારીઓ અલગ અલગ ૧૦ ટીમોમાં વહેંચાઈ જશે. જેમાં એપીઓ ટેકનિકલ આસિસ્ટન્ટ, જિલ્લા કો-ઓર્ડીનેટર, ડીડીપીસી, રૈંજી ઓપરેટર તેમજ આસિસ્ટન્ટ વર્ક મેનેજરનો સમાવેશ કરવામાં આવ્યો છે. તપાસ ટીમ માટે દાહોદ જિલ્લામાંથી મનરેગાના ૨ ૮ ૨ જેટલા સ્થાનિક કર્મચારીઓ તપાસ ટીમને મદદ કરશે. જેમાં સ્થળ વિઝીટ, અને અન્ય રીતે મદદ કરશે આ ૨ ૮ ૨ સ્થાનિક કર્મચારીઓમાં ૯૪ જેટલા તલાટી, ૯૪ ટેકનિકલ આસિસ્ટન્ટ, તેમજ ૯૪ ગ્રામ રોજગાર સેવકનો નો સમાવેશ કરવામાં આવ્યો છે. આ તમામ કર્મચારીઓ રાજ્ય સરકાર દ્વારા નિમણૂક કરવામાં આવેલી ૧૦ ટીમોમાં વહેંચાઈને તપાસ ટીમો સાથે સ્થળ પર હાજર રહી તપાસમાં મદદરૂપ થશે.

**કોલેજોને માન્યતા આપવાના મુદ્દે કરોડોની લાંચ લેવાના આરોપોને લઈને સીબીઆઇએ મોન્ટુના ઘર-ઓફિસે મોટી કાર્યવાહી હાથ ધરાઇ**

# ફાર્મસી કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના અધ્યક્ષ મોન્ટુ પટેલના ઘરે સીબીઆઈના દરોડા

**સીબીઆઇએ ગુપ્ત માહિતીના આધારે ઝુંડાલ ખાતે મોન્ટુ પટેલના બંગલા, દિલ્હીમાં PCIની ઓફિસ અને અન્ય સ્થળો પર દરોડા પાડ્યા. તપાસ દરમિયાન દસ્તાવેજો, ઈલેક્ટ્રોનિક ઉપકરણો અને અન્ય સામગ્રી જપ્ત**

અમદાવાદ તા.૩

કેન્દ્રીય તપાસ બ્યુરોએ અમદાવાદમાં ફાર્મસી કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના અધ્યક્ષ મોન્ટુ પટેલ સામે ભ્રષ્ટાચારના આરોપોની તપાસ હેઠળ મોટી કાર્યવાહી હાથ ધરી છે. કોલેજોને માન્યતા આપવાના મુદ્દે લાંચ લેવાના આરોપોને લઈને સીબીઆઈએ અમદાવાદના ઝુંડાલ વિસ્તારમાં મોન્ટુ પટેલના બંગલા પર દરોડા પાડ્યા છે. આ ઉપરાંત, દિલ્હીમાં PCIની ઓફિસ અને મોન્ટુ પટેલના નિવાસસ્થાને પણ તપાસ હાથ ધરવામાં આવી છે.સીબીઆઈના અધિકારીઓનો મોટો કાફલો આ તપાસમાં જોડાયો છે, જે ભ્રષ્ટાચારના ગંભીર આરોપોની તપાસને લઈને ચાલી રહ્યો છે.

સીબીઆઈની કાર્યવાહી PCI દ્વારા ફાર્મસી કોલેજોને માન્યતા આપવાની પ્રક્રિયામાં થયેલી કથિત ગેરરીતિઓને લઈને શરૂ કરવામાં આવી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, મોન્ટુ પટેલ અને PCIના અન્ય અધિકારીઓ પર આરોપ છે કે તેમણે કેટલીક કોલેજોને માન્યતા આપવા માટે લાંચની માંગણી કરી હતી. આ મામલે સીબીઆઈએ ગુપ્ત માહિતીના આધારે ઝુંડાલ ખાતે મોન્ટુ પટેલના બંગલા, દિલ્હીમાં PCIની ઓફિસ અને અન્ય સ્થળો પર દરોડા પાડ્યા. તપાસ દરમિયાન દસ્તાવેજો, ઈલેક્ટ્રોનિક ઉપકરણો અને અન્ય સામગ્રી જપ્ત કરવામાં આવી હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે.સીબીઆઈએ કેસ નોંધ્યો – RC નં. ૨૧૯૨૦૨૫૭૦૦૧૦ અમદાવાદના ઝુંડાલ વિસ્તારમાં મોન્ટુ પટેલના બંગલા પર સીબીઆઈની ટીમે વહેલી સવારે દરોડા પાડ્યા હતા. આ ઉપરાંત, દિલ્હીમાં PCIની મુખ્ય ઓફિસ અને મોન્ટુ પટેલના નિવાસસ્થાને પણ તપાસ હાથ ધરવામાં આવી. સીબીઆઈના અધિકારીઓનો મોટો કાફલો આ કામગીરીમાં સામેલ હતો, જેમાં દસ્તાવેજોની ચકાસણી, ફાઈનાન્સિયલ ટ્રાન્ઝેક્શન્સની તપાસ અને લાંચના આરોપો સાથે સંકળાયેલા પુરાવાઓ એકત્ર કરવામાં આવ્યા. આ કાર્યવાહીએ શૈક્ષણિક સંસ્થાઓની માન્યતા પ્રક્રિયામાં પારદર્શિતા અને ભ્રષ્ટાચારના મુદ્દાઓ પર ફરી એકવાર પ્રશ્નો ઉભા કર્યા છે. સીબીઆઈની આ તપાસ ફાર્મસી શિક્ષણના નિયમનમાં થયેલી કથિત ગેરરીતિઓને ઉજાગર કરે છે. મોન્ટુ પટેલ અને PCIના અન્ય અધિકારીઓ પર લાંચ લઈને અયોગ્ય રીતે કોલેજોને માન્યતા આપવાના આરોપોની તપાસ ચાલી રહી છે. આ



ઘટનાએ શૈક્ષણિક સંસ્થાઓની માન્યતા પ્રક્રિયામાં પારદર્શિતા અને જવાબદારીની જરૂરિયાતને રેખાંકિત કરી છે.

સીબીઆઈએ આ મામલે વધુ પુરાવાઓ એકત્ર કરવા અને સંડોવાયેલા અન્ય વ્યક્તિઓની ઓળખ કરવા માટે તપાસને વેગ આપ્યો છે. ભાજપના આગેવાન અને હાલ ભારતીય ફાર્માસ્યુટિકલ કાઉન્સિલના પ્રમુખ તરીકે કાર્યરત મોન્ટુ પટેલ ફરી એકવાર ચર્ચાના કેન્દ્રમાં છે. તેમના પર ચાર્જ છે કે તેમણે કાઉન્સિલના પદને સત્તા માટે ઉપયોગ કર્યો, કેટલીક દવાઓને મંજૂરી આપવા માટે નિયમોને વાંકી રીતે વણાંવી, અને પોતાના નજીકના વ્યક્તિઓને લાભ પહોંચાડ્યો.

આ વિવાદની શરૂઆત થઈ હતી ત્યારે એક આરટીઆઈ સામે આવી જેમાં કેટલીક દવા કંપનીઓને માત્ર હાથેળી ઉપર મંજૂરી મળી હોવાનો દાવો થયો. આરોપો છે કે મોન્ટુ પટેલે કેટલીક પૃથ્વીપ્રથમ તપાસને અવગણીને ફાઈલ ક્લિયર કરી, અને તેથી અનેક નાની કંપનીઓને વધુ સમય મંજૂરી મળી જતી રહી.

મોન્ટુ પટેલ વિરુદ્ધના આક્ષેપોમાં વધુ એક મુદ્દો એવો છે કે તેમણે પરીક્ષા પ્રક્રિયામાં પણ ખામી ઉપજાવી. કાઉન્સિલ દ્વારા લેવાતી ફાર્માસ્યુટિકલ લાઈસન્સ પરીક્ષાઓમાં બિનમુલ્યાંકન અને પીપર લીક થવાની ઘટનાઓ સામે આવી હતી. કહેવાય છે કે કાઉન્સિલના અંદરના ચોક્કસ માણસો પોતાના નાતાગોતાને પેપર લીક કરી મારજીએ કરાવતા હતા. મોન્ટુ પટેલે આ તમામ આક્ષેપોને સિરેઈખ ખોટા ગણાવ્યા છે. તેમણે સ્પષ્ટ કહ્યું છે કે તેમને રાજકીય પ્રેરણા હેઠળ બદનામ કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે. Patel એ દાવો કર્યો છે કે તમામ મંજૂરીઓ નિયમ મુજબ થઈ છે અને કાઉન્સિલની બોર્ડ મીટિંગોમાં સર્વસંમતિથી નિર્ણય લેવાયા હતા.હવે પ્રશ્ન એ છે કે આ સમગ્ર મુદ્દે તપાસ કેટલો સમય લેશે, અને શું યોગ્ય કાર્યવાહી થશે?

જો આક્ષેપો સાચા સાબિત થશે તો ફાર્માસ્યુટિકલ કાઉન્સિલ જેવી મહત્ત્વની સંસ્થાની ખાતરી કટઘરામાં ઉભી થશે.અત્યારે જંતાના સ્વાસ્થ્ય સાથે જોડાયેલી આ સંસ્થાની ચોકસાઈ મહત્વની છે — જો આવા પદો પર રહેલા વ્યક્તિઓ જ દુરુપયોગ કરશે તો આ વ્યવસ્થા સામે કોણ લડે? આવનારા દિવસોમાં તપાસનો દોર કઈ દિશામાં જશે તે જોવાનું રહેશે.

આરોપીઓ પર નીચેની કલમો લગાવવામાં આવી AuIPCની કલમ ૧૨૦B (ગુનાહિત કાવતરું),કલમ ૪૨૦,PC એક્ટ ૧૯૮૮ (ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ) ની કલમ ૭ અને ૭છ (લાંચ સંબંધિત) સીબીઆઈની AC-1 શાખામાં કેસ નોંધવામાં આવ્યો છે.તપાસ ચાલી રહી છે અને મોટા ખુલાસા થવાની અપેક્ષા છે.ટૂંક સમયમાં અન્ય એજન્ટો સામે કાર્યવાહી કરવામાં આવશે!

**છેલ્લા બે વર્ષમાં રૂ. ૬૯૯ કરોડના ખર્ચે વિવિધ ડેમોની મરામત અને જાળવણીના કામો કરાયા**

# રૂ.૫૦૧ કરોડના ખર્ચે રાજ્યના વિવિધ ડેમો અને જળાશયોની મરામત કરાશે

**જળ સંપત્તિ વિભાગ હેઠળ રાજ્યમાં ૧૯ મોટા, ૯૦ મધ્યમ અને ૧૦૦૬ નાના ડેમ મળી કુલ ૧૧૧૫ ડેમ**

ગાંધીનગર તા.૩

કોઈપણ રાજ્યમાં પીવાના પાણી અને સિંચાઇ માટે ડેમ-જળાશયો સૌથી મહત્વનો સ્રોત-માધ્યમ છે ત્યારે કેન્દ્ર સરકારની માર્ગદર્શિકા મુજબ સમયાંતરે તેની મરામત-જાળવણી કરવી જરૂરી છે. નેશનલ ડેમ સેફ્ટી અંતર્ગત ગુજરાતમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન સિંચાઇ યોજનાઓમાં રૂ.૩૩૩ કરોડના ખર્ચે તેમજ વર્ષ ૨૦૨૪-૨૫માં રૂ. ૩૬૬ કરોડ એમ મળીને કુલ રૂ. ૬૯૯ કરોડના ખર્ચે ડેમ-જળાશયોની મરામત અને જાળવણીના કામો પૂર્ણ કરાયા છે. જ્યારે ચાલુ વર્ષ ૨૦૨૫-૨૬માં સિંચાઇ યોજનાઓમાં રૂ.૫૦૧ કરોડના ખર્ચે આ કામગીરી હાથ ધરવામાં આવનાર છે. આ માટે રાજ્યના બજેટમાં રૂ. ૫૦૧ કરોડની જોગવાઇ પણ કરાઈ છે. આ કામગીરીઓમાં ડેમના દરવાજાનું કલર કામ, સ્પિલ વે મરામત, માટી પાળાની મરામત, સિક્યોરિટી કેબિનના કામ તેમજ ડેમ સેફ્ટી સંબંધિત અત્યાધુનિક ઈન્સ્ટ્રુમેન્ટેશનના કાર્યો વગેરેનો સમાવેશ થાય છે. ગુજરાતમાં જળ સંપત્તિ વિભાગ હેઠળ ૧૯ મોટા, ૯૦ મધ્યમ અને ૧૦૦૬ નાના ડેમ મળી કુલ ૧૧૧૫ ડેમ આવેલા છે, જેમાંથી ૫૨૪ સ્પેસીફાઈડ ડેમ જ્યારે અન્ય વિભાગના ૮ સ્પેસીફાઈડ ડેમ છે. આ સ્પેસીફાઈડ ડેમને ડેમ સેફ્ટી એક્ટ હેઠળ આવરી લેવાયા છે. રાજકોટ જિલ્લાના કોટડા ગામ પાસે સુખ ભાદર નદી પર આવેલ પનેલીયા ડેમ ગુજરાતમાં સૌથી જૂનો સ્પેસીફાઈડ ડેમ છે. આ ડેમ ૬૪૦ મીટર લાંબો અને ૧૧ મીટરની ઊંચાઈ ધરાવે છે. આ ડેમનો કેચમેન્ટ એરિયા ૨૫.૯૦



ચોરસ કિલોમીટર છે. જેની કુલ સંગ્રહ ક્ષમતા ૩.૪૪ મિલિયન ઘનમીટર છે. જ્યારે નર્મદા જિલ્લાના નવાગામ પાસે આવેલ સરદાર સરોવર ડેમ ગુજરાત સૌથી નવો સ્પેસીફાઈડ ડેમ છે.જળ સંપત્તિ વિભાગ દ્વારા કેન્દ્ર અને ગુજરાત સ્ટેટ ડેમ સેફ્ટી ઓર્ગેનાઈઝેશનની માર્ગદર્શિકા મુજબ હાથ ધરવામાં આવતા બંધ સલામતીના કામોથી પાણીનો સંગ્રહ તેમજ સિંચાઈમાં સુદઢતા આવે છે. સીપેજ દ્વારા થતા પાણીનો બગાડ ઓછો થવાથી કમાન્ડ વિસ્તારના ખેડૂત ખાતેદારોને સિંચાઈ માટે વધુ પાણી ઉપલબ્ધ થાય છે. બંધ-જળાશયોની મરામત કરવાથી તેની સુરક્ષા અને આયુષ્યમાં વધારો થાય છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાષ્ટ્રીય સ્તરે ડેમ સેફ્ટી અંતર્ગતના કાર્યો માટે ભારત સરકાર દ્વારા વર્ષ-૨૦૨૧માં ડેમ સેફ્ટી એક્ટ લાગુ કરાયો હતો. જેના અંતર્ગત રાષ્ટ્રીય કક્ષાએ નેશનલ ડેમ સેફ્ટી ઓથોરિટી (એનડીએસએ) અને નેશનલ કમિટી ડેમ સેફ્ટી (એનસીડીએસ) અસ્તિત્વમાં આવી છે. જે અન્વયે નેશનલ કમિટી ડેમ સેફ્ટી (એનસીડીએસ)ની મુખ્યત્વે કામગીરી ડેમ સલામતી માટેની નીતિઓ બનાવવી, જરૂરી નિયમોની ભલામણ કરવી, ડેમોની સલામતી ધોરણો નક્કી કરવાની છે. જ્યારે નેશનલ ડેમ સેફ્ટી ઓથોરિટી (એનડીએસએ)ની મુખ્યત્વે કામગીરી નેશનલ કમિટી ડેમ સેફ્ટી (એનસીડીએસ) દ્વારા ઘડાયેલ નીતિઓ, જરૂરી નિયમો અને ડેમ-જળાશયોની સલામતીના ધોરણોનું અમલીકરણ તેમજ મોનિટરિંગ કરવાનું છે.આ ડેમ સેફ્ટી એક્ટ અંતર્ગત નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ દ્વારા ગુજરાત સ્ટેટ ડેમ સેફ્ટી ઓર્ગેનાઈઝેશન (જીએસડીએસઓ)ની વર્ષ-૨૦૨૨માં રચના કરવામાં આવી છે. જેમાં મુખ્યત્વે દરેક સ્પેસીફાઈડ ડેમના નિરીક્ષણ, સંચાલન, સર્વેલન્સ અને જાળવણી સંબંધિત કાર્યો કરાય છે. એનડીએસએની માર્ગદર્શિકા મુજબ ડેમની સેફ્ટીને ધ્યાને લઈને રાજ્ય સ્તરે અમલીકરણ કરાવવું અને સમયાંતરે આ કામગીરીનું નેશનલ ડેમ સેફ્ટી ઓથોરિટી સમક્ષ મોનિટરિંગ કરાવવાની વ્યવસ્થા સુનિશ્ચિત કરાય છે.

**મુખ્યમંત્રી-પાટિલની ઉપસ્થિતિમાં નવા ચૂંટાયેલા સરપંચો-સભ્યોનો અભિવાદન સમારોહ યોજાશે**

# મુખ્યમંત્રીના હસ્તે ૭૬૧ સમરસ ગ્રામ પંચાયતોને આજે રૂ. ૩૫ કરોડથી વધુની ગ્રાન્ટ ફાળવાશે

**રાજ્યમાં કુલ ૫૬ મહિલા સમરસ ગ્રામ પંચાયત. નવા ચૂંટાયેલા ૪૮૭૬ સરપંચ, ૬૦૦ સભ્યો જોડાશે**

ગાંધીનગર તા.૩

ગાંધીનગરમાં આવતીકાલે તા. ૪ જુલાઈના રોજ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી. આર. પાટિલની ઉપસ્થિતિમાં રાજ્યના નવા ચૂંટાયેલા સરપંચો તથા સદસ્યોના અભિવાદન સમારોહનું આયોજન કરાયું છે. ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે બપોરે ૩ વાગ્યે યોજાનાર આ કાર્યક્રમમાં નવા ચૂંટાયેલા ૪૮૭૬ સરપંચો તેમજ મહિલા સમરસ ગ્રામ પંચાયતોના સભ્યો સામેલ થશે. તાજેતરમાં યોજાયેલી ગ્રામ પંચાયતની ચૂંટણીમાં ૫૬ મહિલા સમરસ ગ્રામ પંચાયત જાહેર કરાઈ છે. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ૭૬૧ સમરસ ગ્રામ પંચાયતોને રૂ. ૩૫ કરોડથી વધુની ગ્રાન્ટ વર્ચ્યુઅલી ફાળવવામાં આવશે. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા સમરસ ગ્રામ પંચાયતોને ગ્રાન્ટની ફાળવણી સિવાય પંચાયત એડવાન્સમેન્ટ ઈન્ડેક્સ અંતર્ગત નવ થીમ દીઠ પ્રથમ ક્રમાંક ધરાવતી ગ્રામ પંચાયતોના સરપંચોને સર્ટિફિકેટનું વિતરણ કરવામાં આવશે. આ સિવાય યોજનાકીય ગ્રાન્ટની જાહેરાત પણ કરવામાં આવશે. પ્રોત્સાહક અને વિવિધ યોજનાઓની ગ્રાન્ટ અંતર્ગત કુલ રૂ. ૧૨૩૬ કરોડથી વધુની જોગવાઈ કરવામાં આવી છે.

**થીમ આધારિત પ્રથમ ક્રમાંક ધરાવતી ગ્રામ પંચાયતો**

ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં અસાધારણ કામગીરી બદલ અમુક ગ્રામ પંચાયતોને પંચાયત એડવાન્સમેન્ટ ઈન્ડેક્સ અંતર્ગત નવ થીમ દીઠ પ્રથમ ક્રમાંક અપાયો છે. દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકાના જવાનપર ગામને "ગરીબી મુક્ત અને ઉન્નત આજીવિકા ધરાવતી પંચાયત" તરીકે પસંદ કરાયું છે. ગીર સોમનાથના વેરાવળ તાલુકાના નાખડા ગામની "સ્વસ્થ પંચાયત" તરીકે પસંદગી થઈ છે. "બાળ મૈત્રીપૂર્ણ પંચાયત" તરીકે અમદાવાદના દસ્ક્રોઈ તાલુકાના કણિયાલ ગામની પસંદગી કરાઈ છે. આણંદ તાલુકાના રાસનોલ ગામને "પર્યાપ્ત પાણી ધરાવતી પંચાયત" થીમમાં પ્રથમ ક્રમ મળ્યો છે. પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકાના નવા ભુણીંદ્રા ગામની "સ્વચ્છ અને હરિયાળી પંચાયત" તરીકે પસંદગી કરાઈ છે. આણંદના સોજિત્રા તાલુકાની ત્રંબોવાડ ગ્રામ પંચાયતે "માળખાગત સુવિધા ધરાવતી પંચાયત" થીમમાં પ્રથમ સ્થાન મેળવ્યું છે. પંચમહાલ જિલ્લાના ઘોઘંબા તાલુકાની દાંતોલ ગ્રામ પંચાયતે "સામાજિક રીતે ન્યાયી અને સામાજિક રીતે સુરક્ષિત પંચાયત" થીમમાં શીર્ષ સ્થાન પ્રાપ્ત કર્યું છે. વડોદરાના સાવલી તાલુકાના નરપુરા ગામને "સુશાસિત પંચાયત"ની થીમમાં સ્થાન પ્રાપ્ત થયું છે અને પંચમહાલના શહેરા તાલુકાના છોગાળા ગામને "મહિલા મૈત્રીપૂર્ણ પંચાયત"ની થીમમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત થયું છે.

**સૌથી વધારે સમરસ ગ્રામ પંચાયતો ભાવનગરમાં, મહિલા સમરસ ગ્રામ પંચાયતોમાં મહેસાણા ટોચ પર**

આ વર્ષે યોજાયેલી ગ્રામ પંચાયતની ચૂંટણીમાં સૌથી વધારે સમરસ ગ્રામ પંચાયતો ભાવનગર જિલ્લામાં છે, જેની કુલ સંખ્યા ૧૦૩ છે. મહિલા સમરસ ગ્રામ પંચાયતોની વાત કરીએ તો સૌથી વધારે ૯ ગ્રામ પંચાયત મહેસાણા જિલ્લામાં જાહેર કરાઈ છે. ટોપ ૫ સમરસ ગ્રામ પંચાયતોમાં ભાવનગર બાદ મહેસાણામાં (૯૦), પાટણમાં (૭૦), બનાસકાંઠામાં (૫૯) અને જામનગરમાં (૫૯)નો સમાવેશ થાય છે. મહિલા સમરસ ગ્રામ પંચાયતોની ટોપ-૫ યાદીમાં મહેસાણામાં (૯), પાટણમાં (૭), ભાવનગરમાં (૬), બનાસકાંઠામાં (૬) અને વડોદરામાં (૪) સામેલ છે.



**તાપી શુદ્ધિકરણ પ્રોજેક્ટ પાછળ કરોડોનો ખર્ચ કરાયા બાદ હવે ખાડીને તાપીમાં ડાયવર્ઝન આપવા વિચારણા**

# શહેરને ખાડીપૂરથી બચાવવા ખાડી ડાયવર્ઝન પાછળ રૂા. ૩૦૦ કરોડનાં ખર્ચની સંભાવના

સુરત, તા.૩

સુરત શહેરમાં સતત છેલ્લા સાત વર્ષથી આવી રહેલાં ખાડી પૂરને કારણે હજારો લોકોને કરોડો રૂપિયાનું નુકસાન થાય છે. આ વર્ષે ચોમાસાની શરૂઆતમાં જ પહેલા વરસાદમાં જ ખાડીપૂર આવી જતા પાલિકા પર માછલા ધોવાયા હતા જેના કારણે સુરત મહાનગર પાલિકાએ ખાડીપૂરનું કારણ જાણવાની કોશિષ કરી હતી. સૌપ્રથમ ઝીંગા તળાવોનો મુદ્દો ભારે ગાજ્યો હતો પરંતુ બાદમાં આ મુદ્દો હવે સાઈડ પર રહી ગયો છે અને ખાડીને ડાયવર્ઝન કરીને તાપી નદીમાં ડાયવર્ટ કરવાનું સૂચન શાસકો દ્વારા પાલિકાને કરવામાં આવતા પાલિકા દ્વારા તે દિશામાં પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. એક અંદાજ મુજબ પાલિકાને ખાડી ડાયવર્ટ કરવાનો આ પ્રોજેક્ટ રૂપિયા ૩૦૦ કરોડનાં આંકને પણ વટાવી જાય તેમ છે. આટલી મોટી રકમ કોણ આપશે અને ક્યાંથી આવશે તેવા સવાલો વચ્ચે પણ આગળની કામગીરી હાથ ધરવામાં આવશે કે કેમ તે અંગે પણ શાસકો દ્વારા વિચારણા કરવામાં આવશે.

સુરત શહેરમાં છેલ્લા સાત વર્ષથી દર વર્ષે ખાડીપૂર આવે છે જેના કારણે લોકોમાં રોષ ભભુકી ઉઠ્યો છે. ખાસકરીને મીઠીખાડી અને સીમાડાખાડી ઓવરફ્લો થવાને કારણે હજારો લોકોના ઘરમાં, દુકાનોમાં તથા ટેક્સટાઈલ માર્કેટમાં પાણી ઘુસી જતા હોવાથી કરોડો રૂપિયાનું નુકસાન પણ થાય છે. આ વર્ષે ચોમાસાની પહેલા જ વરસાદમાં ખાડીપુર આવ્યા બાદ પાંચ દિવસ સુધી ખાડીપૂરનાં પાણી લોકોનાં ઘર અને દુકાનોમાં રહેતા ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ ખાડી પૂરને કેવી રીતે ખાળી શકાય તેના માટે સુરત મહાનગરપાલિકા દ્વારા નવા રોડ મેપ તૈયાર કરવામાં આવી રહ્યા છે. પાલિકા દ્વારા હાલમાં મીઠી ખાડીને ડાયવર્ટ કરી તાપી નદીમાં જોડાણ કરવા માટે વિચારણા કરવામાં આવી રહી છે અને શાસકો દ્વારા પણ તેના માટે નોંધ લખવામાં આવી છે. ત્યારે હવે પાલિકા દ્વારા તૈયાર કરવામાં આવતા અંદાજમાં સુરત મહાનગર પાલિકાને પ્રતિ કિલોમીટર અંદાજિત ૭ કરોડ રૂપિયાનો ખર્ચ ખાડીનાં ડાયવર્ઝન પાછળ થવા જઈ રહ્યો છે. જેથી કુલ ૧૬ કિલોમીટરનાં ડાયવર્ઝનમાં પાલિકાને અંદાજિત ૧૧૫ કરોડ ખર્ચ થવાનો અંદાજ છે. બીજી તરફ ખાડીનાં આ પાણીને સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં ટ્રીટ કર્યા બાદ તાપી નદીમાં છોડવા માટેનો પ્લાનિંગ કરવામાં આવી રહ્યું છે. જેથી સુરત મહાનગર પાલિકાને સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ પાછળ પણ અંદાજિત રૂપિયા ૧૫૦ કરોડ કરતાં પણ વધારે ખર્ચ થવાનો છે. આ સિવાય અન્ય ખર્ચ સાથે સુરત મહાનગર પાલિકાને અંદાજિત ૩૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ ખાડીના ડાયવર્ઝન પાછળ થવાની સંભાવના છે. આ ઉપરાંત દર વર્ષે આ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટને ચલાવવા માટે ખર્ચ પણ કરવો પડશે. જેથી પાલિકા માટે દર વર્ષે એક નવો ખર્ચ પણ માથે આવશે તે નક્કી છે. જોકે હવે આ ૩૦૦ કરોડ રૂપિયા પાલિકાને કોણ આપશે અને પ્રોજેક્ટ આગળ વધારવો કે કેમ તેના માટે પણ વિચારણા ચાલી રહી છે.

**માતબર રકમ ક્યાંથી આવશે તે અંગે પણ અવઢવ, પ્રોજેક્ટ ઉપર અમલ કરવો કે કેમ તે અંગે ચર્ચા કરાશે**

### ખાડી પર થયેલા દબાણો પણ ખાડીપૂર માટે જવાબદાર

શહેરમાં લિંબાયત ઝોન અને વરાછા ઝોન વિસ્તારમાંથી પસાર થતી મીઠી ખાડી તથા સીમાડા ખાડીની ઉપર જ ખૂબ મોટા પાયે ગેરકાયદે દબાણો કરવામાં આવ્યા છે. ખાડીની આજુબાજુમાં ૯ મીટરની જગ્યા છોડીને બાંધકામ કરવાની જગ્યાએ કેટલીક જગ્યા ઉપર ખાડીની ઉપર જ બાંધકામ કરી દેવામાં આવ્યું છે. જેના કારણે ખાડીના વહેણ અવરોધાયો હોવાથી પણ ખાડી પૂરને શક્યતાને નકારી શકાતી નથી. જોકે પાલિકા દ્વારા આજ સુધી આવા મિલકતદારો સામે કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી.

### પાલિકા દ્વારા ફિઝિબિલિટી પણ ચકાસશે

ખાડી ડાયવર્ઝન માટે જે રોડ મેપ તૈયાર કરવામાં આવી રહ્યો છે તે ખરેખર શક્ય છે કે કેમ તેના માટે સુરત મહાનગર પાલિકા દ્વારા ફિઝિબિલિટી પણ ચેક કરવામાં આવશે. જો ફિઝિબિલિટી રિપોર્ટ પોઝિટિવ આવશે તો આ પ્રોજેક્ટ માટે આગળ વિચારણા કરવામાં આવશે કારણ કે ખાડી ડાયવર્ઝન માટે તૈયાર કરવામાં આવતા રોડ મેપને આધારે અનેક અલગ અલગ સરકારી વિભાગની પરવાનગી પણ સુરત મહાનગર પાલિકાએ મેળવવી પડશે.

### ઝીંગા તળાવનો મુદ્દો સાઈડમાં રહી ગયો

સુરત મહાનગર પાલિકા દ્વારા શરૂઆતમાં ખાડીપુર માટે શહેરના છેવાડે આવેલા ઝીંગા તળાવોને જવાબદાર ઠેરવવામાં આવ્યા હતા. પરંતુ હવે આ ઝીંગા તળાવ નો મુદ્દો સાઈડમાં રહી ગયો છે. કારણ કે કલેક્ટર દ્વારા ઝીંગા તળાવો તોડી પાડવા માટે આદેશ આપવામાં આવ્યો છે પરંતુ તેના માટે જરૂરી મશીનરી આપવા માટે સુરત મહાનગર પાલિકા દ્વારા હાલની પરિસ્થિતિ પ્રમાણે ના પાડવામાં આવી છે. જેથી આ ઝીંગા તળાવો યથાવત રહેવા પામ્યા છે.

**નેશનલ અને ઇન્ટરનેશનલ કનેક્ટિવિટી વધારવા પ્રયાસ**

# સુરતથી દિલ્હી અને બેંગલુરુની બંધ થયેલી બંને ફ્લાઈટ ફરી શરૂ થશે: સી.આર. પાટિલ

સુરત, તા.૩

ઈન્ટરનેશનલ દરજ્જાનું એરપોર્ટ બન્યા પછી સુરત એરપોર્ટથી લોકલ અને ઈન્ટરનેશનલ એમ બંને પ્રકારની કનેક્ટિવિટી વધવી જોઈએ તેની જગ્યાએ ફ્લાઈટો ઘટવા માંડી છે. તાજેતરમાં ઈન્ડિગો અને એર ઈન્ડિયા એક્સપ્રેસ દ્વારા સુરતની દિલ્હી અને બેંગલુરૂની ફ્લાઈટો રદ કરી દેવામાં આવી હતી. સુરતના લોકોની લાગણી હતી કે આ પ્રકારે ફ્લાઈટ બંધ થવી ન જોઈએ. જેને પગલે સુરતનાં રહેવાસી અને નવસારીનાં સાંસદ કેન્દ્રીય મંત્રી સી.આર. પાટિલે દિલ્હી ખાતે નાગરિક ઉડ્ડયન મંત્રી રામ મોહન નાયડુને રૂબરૂ મળીને રજૂઆતો કરી હતી કે સુરત દિલ્હી સુરત અને દિલ્હી સુરત બેંગલુરુ એમ બન્ને બંધ થયેલી ફ્લાઈટ સુરત એરપોર્ટ માટે અત્યંત જરૂરી છે. સેંકડો લોકો માટે આ ફ્લાઈટ આશીર્વાદ રૂપ હોઈ એર ઈન્ડિયા એક્સપ્રેસ અને ઈન્ડિગો એરલાઈન્સ બંનેને આ બંધ કરી દેવાયેલી ફ્લાઈટ શરૂ કરવા માટે સૂચના આપવામાં આવે તેવી રજૂઆત સી.આર. પાટીલે કરી હતી.

ગત ૨જી જુલાઈનાં રોજ કેન્દ્રીય ઉડ્ડયન મંત્રી રામમોહન નાયડુ સાથે કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી. આર. પાટિલની મીટિંગ યોજાઈ હતી. મીટિંગમાં સી.આર. પાટિલે દિલ્હીથી સુરત અને સુરતથી દિલ્હીની ઈન્ડિગો એરલાઈન્સની બંધ કરી દેવાયેલી ફ્લાઈટ તેમજન દિલ્હીથી સુરત અને સુરતથી બેંગ્લોરની ઈન્ડિયા એક્સપ્રેસની બંધ કરી દેવાયેલી ફ્લાઈટને ફરીથી શરૂ કરવામાં આવે એવી ભારપૂર્વક માંગણી કરી હતી. આ માંગણીને સાંભળ્યા બાદ કેન્દ્રીય મંત્રી રામ મોહન નાયડુએ સુરત એરપોર્ટની બંધ કરી દેવાયેલી બંને ફરીથી ઓપરેટ કરાવવા માટે ખાતરી આપી હતી.

**ઉડ્ડયન મંત્રી રામ મોહન નાયડુને સી.આર. પાટિલે ભારપૂર્વક રજૂઆત કરી જેના પ્રતિસાદમાં સુરતની બંને ફ્લાઇટ શરૂ કરાવવાની ખાતરી અપાઇ**

### સુરત મુંબઇની ફ્લાઇટ શરૂ થાય તેવા ચક્રો ગતિમાન

સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ જરૂર બન્યું છે પરંતુ, સુરતમાં દુબઈ, શારજાહ અને બેંગકોક એમ ત્રણ જ ડેસ્ટિનેશનની ફ્લાઈટ્સ ઓપરેટ થઈ રહી છે. સુરત ઉપરાંત સમગ્ર દક્ષિણ ગુજરાતમાંથી મહિને દહાડે હજારો લોકો મુંબઈથી વિદેશોની ફ્લાઈટ પકડે છે. હાલમાં હાઈવે ખરાબ હોઈ બાયરોડ હાઈવે પરથી મુંબઈ એરપોર્ટ જવામાં ૭થી ૯ કલાક નીકળી જાય છે અને ટ્રેનની ફ્રિક્વન્સી ઓછી છે. આવી સ્થિતિમાં સુરત એરપોર્ટ માટે મુંબઈની ફ્લાઈટનું કનેક્શન અત્યંત જરૂરી છે. મળતી માહિતી મુજબ એક પ્રાઈવેટ એરલાઈન્સ સુરત એરપોર્ટથી મુંબઈની ફ્લાઈટ શરૂ કરવા માટે તૈયારી કરી રહ્યું છે અને સંભવત મોન્સુનના અંતમાં સુરતથી મુંબઈની ફ્લાઈટ શરૂ થાય તેવી શક્યતાઓ નકારી શકાતી નથી.

# MOVIE Time!

## યુદ્ધવિરામ પછી હવે શું ઈરાન પરમાણુબોંબ બનાવશે કે દેશમાં શાસન બદલાશે?

ગુરુવારે, ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લાહ ખામેનીએ સંઘર્ષ સમાપ્ત થયા પછી પહેલી વાર રાષ્ટ્રને સંબોધન કર્યું. પહેલાથી રેકોર્ડ કરાયેલું નિવેદન સરકારી ટીવી ચેનલ પર પ્રસારિત કરવામાં આવ્યું હતું. તેમાં, ખામેનીએ કહ્યું હતું કે તેમના દેશે કતારમાં લશ્કરી મથક પર હુમલો કરીને 'અમેરિકાના મોઢા પર થપ્પડ મારી છે'. આ સાથે, ખામેનીએ અમેરિકાને વધુ હુમલાઓ સામે ચેતવણી પણ આપી હતી.

૧૯ જૂનના રોજ, ઇઝરાયલ સાથેના ૧૨ દિવસના યુદ્ધ પછી તેઓ પહેલી વાર ઈરાનના સરકારી ટીવી પર દેખાયા. ૮૬ વર્ષીય સર્વોચ્ચ નેતાએ મજબૂત દેખાવાનો પ્રયાસ કર્યો, જોકે વિડિઓ અને અવાજમાં તેઓ એક અઠવાડિયા પહેલા કરતા વધુ થાકેલા દેખાતા હતા. બોલતી વખતે, તેમના શબ્દો થોડી વાર ઠોકર ખાધા. ૧૦ મિનિટથી વધુ સમયનું ભાષણ અમેરિકા અને ઇઝરાયલને ચેતવણીઓથી ભરેલું હતું.

ઇઝરાયલના અભિયાનથી સ્પષ્ટ થાય છે કે તેની ગુપ્તચર એજન્સીઓ ઈરાનમાં કેટલી ઘૂસણખોરી ધરાવે છે. ઇઝરાયલે એક જ વારમાં ઈરાનના ટોચના કમાન્ડરો અને પરમાણુ વૈજ્ઞાનિકોને નિશાન બનાવ્યા. આવી સ્થિતિમાં, ખામેનીએ પહેલા શંકાસ્પદ લોકોની ઓળખ કરવી પડશે અને તેમને લશ્કરી સંગઠનોમાંથી હાંકી કાઢવા પડશે. આ વાતાવરણમાં, ઈરાનની સેનામાં વિશ્વાસ જગાડવો એ એક મોટો પડકાર હશે, ખાસ કરીને રિવોલ્યુશનરી ગાર્ડ માટે. જોકે, સેના પાસે અધિકારીઓનું એક મોટું જૂથ છે. કુદ્સ ફોર્સના વડા જનરલ ઇસ્માઇલ કાની આ હુમલાઓમાં બચી ગયા છે.

ખામેની એવું તારણ કાઢી શકે છે કે તેમનો દેશ ફક્ત પરમાણુ બોમ્બ બનાવીને જ પોતાનું રક્ષણ કરી શકે છે, જેમ ઉત્તર કોરિયાએ કર્યું છે. શાંતિપૂર્ણ હેતુઓ માટે પરમાણુ કાર્યક્રમ ચલાવવા છતાં, ઈરાને યુરેનિયમ ૯૦ ટકા સુધી સમૃદ્ધ કર્યું છે, જે શસ્ત્રો બનાવવાની ખૂબ નજીક છે. વિશ્લેષકો માને છે કે ખામેની ફક્ત યુદ્ધ ટાળવા માટે શસ્ત્રો બનાવવાનો વિરોધ કરી રહ્યા હતા. હવે સિસ્ટમની અંદરના લોકો બોમ્બ બનાવવાની માંગ કરી રહ્યા છે. અઝીઝીએ કહ્યું, 'આપણે કદાચ પહેલાથી જ તે રેખા પાર કરી દીધી છે જ્યાં ખામેનીનું વલણ બદલાશે.'

બીજી તરફ, ખામેની અમેરિકા સાથે વાટાઘાટો કરીને પ્રતિબંધોમાંથી થોડી રાહત પણ મેળવી શકે છે. મધ્ય પૂર્વ માટે અમેરિકાના ખાસ દૂત સ્ટીવ વિટકોફે મંગળવારે રાત્રે ફોક્સ ન્યૂઝને જણાવ્યું હતું કે ભવિષ્યમાં વાટાઘાટોની સંભાવના 'વિશ્વાસ-પ્રેરણાદાયક' છે. યુદ્ધથી કંટાળી ગયેલા ઈરાની નેતૃત્વને ઘરેલુ મોરચે પણ મોટી સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે. આંતરરાષ્ટ્રીય પ્રતિબંધો, ભ્રષ્ટાચાર અને ગેરવહીવટને કારણે ઈરાનની અર્થવ્યવસ્થા વર્ષોથી સંઘર્ષ કરી રહી છે. ઘણા મહિનાઓથી, બીમાર પાવર ગ્રીડને ઘણા કલાકો સુધી બ્લેકઆઉટ કરવાની ફરજ પડી છે.

ઇઝરાયલના ખામેનીને હટાવવાના ઈરાદા હોવા છતાં, તેઓ આ યુદ્ધમાં બચી ગયા. જોકે, તેમના પછી ઈરાનમાં શું થશે તે કોઈને ખબર નથી. યુદ્ધને કારણે, ઇસ્લામિક રિપબ્લિક પણ પોતાને બદલવાનું વિચારી શકે છે અને પછી કદાચ વધુ લશ્કરી વહીવટ પણ આવી શકે છે. હાલમાં, શિયા મૌલાના ઇસ્લામિક રિપબ્લિકમાં ટોચ પર છે. તેઓ નાગરિક સરકાર અને લશ્કરી વહીવટ વચ્ચે સીમા રેખા દોરે છે. સરકાર, સેના, ગુપ્તચર તંત્ર, બધું જ તેમના હેઠળ છે અને સર્વોચ્ચ નેતા તરીકે, ખામેનીએ મૌલવીઓની શક્તિનું પ્રતીક છે. તેમના ઉત્તરાધિકારીની પસંદગી માટે શિયા ધર્મગુરુઓની એક પેનલ જવાબદાર છે. ખામેનીના પુત્ર અને આયાતુલ્લાહ રુહોલ્લાહ ખોમેનીના પૌત્ર સહિત અનેક નામોની ચર્ચા થઈ રહી છે. કેટલાક ઉમેદવારો વધુ કડક છે જ્યારે અન્ય સુધારા માટે તૈયાર લાગે છે. જે કોઈ પણ સર્વોચ્ચ નેતા બનશે, એવું લાગે છે કે રિવોલ્યુશનરી ગાર્ડ કમાન્ડરો પાસે હવે પહેલા કરતાં વધુ શક્તિ હશે.

- તંત્રી

**લતાએ દેશભક્તિ ગીત પહેલીવાર દિલ્હી નેશનલ સ્ટેડિયમમાં ભારત-ચીનના યુદ્ધ પછી બે મહિનામાં મધુર કંઠે ગાયું હતું**

# નવરાશમાં લખાયેલું ગીત જ્યારે દેશભક્તિની ઓળખ બન્યું



દેશભરમાં દેશભક્તિ ગીતોનો સિલસિલો મનોજકુમારથી શરૂ કરી અત્યાર સુધી ચાલી રહ્યો છે એકથી એક ચડિયાતા અને આંખમાં આંસુ લાવી દે તેવા દેશભક્તિ ગીતો લખાયા અને નામચિન્હ કલાકારો દ્વારા સુર પણ રેલાયા.

'એ મેરે વતન કે લોગો
જરા આંખ મેં ભરલો પાની
જો શહીદ હુએ હે ઉનકી
જરા યાદ કરો કુરબાની'

આ પંક્તિ માત્ર શબ્દ નથી તે એક વ્યથા છે, એક આભાર છે અને એક શપથ છે - દેશ માટે જીવ ત્યાગી ગયેલા શહીદોને ક્યારેય ન ભૂલવાની.

લતા મંગેશકર દ્વારા મધુર અવાજે સ્વરિત કરાયેલું આ દેશભક્તિ ગીત આપણે સૌ બાળપણથી સાંભળતા આવ્યા છે. આજે પણ એના બોલ સાંભળતા જ આંખો નમ થઈ જાય છે. કહેવાય છે કે આ ગીત ૬૩ વર્ષ જૂનું છે. આ ગીત જ્યારે લતા જીએ પ્રથમ વાર સ્ટેજ પર પ્રસ્તુત કર્યું હતું ત્યારે પંડિત જવાહરલાલ નહેરુની આંખો પણ ભરાઈ આવી હતી. કહેવાય છે કે આ દેશભક્તિ ગીત કઈ એમ જ નહોતું લખાયું. આ ગીત લખવા પાછળ પણ એક નાની



**ઓફ ધ સ્ક્રીન**
**ખ્યાતિ શાહ (સિદ્ધયતિ)**

અને દિલચસ્પ કહાની રહેલી છે.

લતાજીએ આ દેશભક્તિ ગીત ભારત અને ચીન વચ્ચેના યુદ્ધને સમાપ્ત થઈ માત્ર બે જ મહિના થયા હતા અને પહેલીવાર દિલ્હી નેશનલ સ્ટેડિયમમાં સ્વાતંત્ર દિવસો પર પોતાના મધુર કંઠે ગાયં હતું. મીડિયા અનુસાર કહેવાય છે કે આ ગીત સમાપ્ત થતા ચારે બાજુ પૂરા સ્ટેડિયમમાં એકદમ સન્નાટો છવાઈ ગયો હતો અને લોકોની આંખોમાં આંસુ હતા.

આપણે જાણીએ છીએ કે આ દેશભક્તિ ગીત લતાજીના મધુર કંઠે ગવાયેલું છે પરંતુ આપણે શું એ જાણીએ છીએ કે આ હૃદયદ્રાવક ગીતના બોલ લખ્યા છે કોણે?...વાત ૧૯૬૨ની છે...ભારત ચીન યુદ્ધના પડઘા આખા દેશમાં પડતા હતા અને સૈનિકો શહીદ થઈ ગયાની ખબર સતત આવતી રહેતી હતી. આ સાંભળી દેશ તો ખૂબ જ દુ:ખી હતો પરંતુ સાથે સાથે પ્રદીપ નામના કવિ પણ ખૂબ જ દુ:ખી હતા.

કવિનું મન સતત સૈનિકોના વિચારોમાં જ ખોવાયેલું રહેતું. એ દરમિયાન મુંબઈના માહીમમાં સમુદ્ર કિનારે ટહેલતા ટહેલતા ભારતીય સૈનિકો માટે તેમના મનમાં શબ્દ ઉભરતા ગયા. એ શબ્દોને પંક્તિમાં કંડારવા તેમણે કોઈ પાસેથી પેન લઈ સિગરેટના બોક્સ ઉપર આ ગીતની પંક્તિ લખવાની શરૂઆત કરી.

થોડાક જ સમય બાદ કવિ પ્રદીપજીને દિલ્હીના એક ચેરિટી શો પ્રોગ્રામ માટે ગીત લખવાનું કહેવામાં આવ્યું ત્યારે તેમણે સિગરેટના બોક્સ પર લખેલા ગીતના બોલને સંગીત આપવા રામચંદ્રનો સંપર્ક કર્યો. ત્યારબાદ આ ગીતને સંગીત મળ્યું અને લતાજીએ પોતાનો મધુર સ્વર આપ્યો. આજે પણ આખા ભારત વર્ષમાં આ દેશભક્તિ ગીત લોકોના હોઠે તો છે જ અને સૌથી પ્રસિદ્ધ દેશભક્તિ ગીતના રૂપમાં તેની ઓળખ છે.

આ ગીત માત્ર ગીત ન રહ્યું અને તે એક શ્રદ્ધાંજલિ બની ગયું તેમાં એવા શબ્દો છે કે જે આજે પણ દેશપ્રેમી નાગરિકના હૃદયને સ્પર્શી જાય છે. આ એક એવું અનોખું ગીત છે જે સંગીતની મર્યાદાને લાંઘી હૃદયને સ્પર્શે છે. દર વખતે જ્યારે આ ગીત વાગે છે ત્યારે દેશ માટે ગૌરવ અને શહીદોની યાદ વર્તાય છે. એ દેશના યુવાનો માટે પ્રેરણા અને વડીલો માટે એક ગર્વભર્યું સંસ્મરણ છે.

khyati.maniyar8099@gmail.com


**કમલ હાસન તેમના સ્પષ્ટવક્તા સ્વભાવ અને વિવાદાસ્પદ નિવેદનો માટે જાણીતા છે, જે ક્યારેક સાર્વજનિક રોષનું કારણ બને છે**



# વિવાદોથી ઘેરાયાં પછી પણ વિશ્વનાયકનું બિરુદ પામેલા 'ઉલગનાયગન' : કમલ હાસન

કમલ હાસન, ભારતીય સિનેમાના એક દિગ્ગજ અને બહુમુખી પ્રતિભા ધરાવતા કલાકાર છે, જેમનું જીવન અને કારકિર્દી ફિલ્મો, રાજકારણ અને વિવાદોથી ભરપૂર રહી છે. તેમને 'ઉલગનાયગન' - વિશ્વ નાયક તરીકે ઓળખવામાં આવે છે, અને તેમણે અભિનય, દિગ્દર્શન, લેખન, ગાયન અને નૃત્ય સહિત અનેક ક્ષેત્રોમાં યોગદાન આપ્યું છે. તેઓની તાજેતરમાં જ આવેલી ફિલ્મ ઠગ લાઈફ વિવાદોમાં સપડાઈ છે. એક પ્રમોશનલ ઈવેન્ટ દરમિયાન કમલ હાસનની 'કન્નડ ભાષા તમિલમાંથી જન્મી છે' ટિપ્પણીને કારણે કર્ણાટકમાં ભારે વિરોધ થયો છે. કન્નડ તરફી જૂથોએ માફીની માંગ કરી છે અને ફિલ્મ પર પ્રતિબંધ મૂકવાની ધમકી આપી છે. કમલ હાસને માફી માંગવાનો ઈનકાર કર્યો છે, જેના કારણે કર્ણાટકમાં ફિલ્મની રિલીઝ અટકાવવામાં આવી છે.

કમલ હાસન બોલીવુડમાં બહુચર્ચિત મુવી એક દુજે કે લિયેથી ખુબ પ્રખ્યાત થયા હતા. ત્યાર બાદ તેઓએ અમિતાભ બચ્ચન સાથે પણ અનેક ફિલ્મોમાં કામ કર્યું છે. તેઓની આગવી પ્રતિભા અને અદાકારીથી તેઓ લાખો કરોડો લોકોના દિલમાં સ્થાન મેળવી ચુક્યા છે. જો કે હાલ સુધીમાં




**સ્ટાર સ્ટોરિઝ**
**દિગ્વિજય પાઠક**

તેઓની અનેક ફિલ્મો વિવાદોમાં સપડાઈ છે. આ લેખમાં કમલ હાસનના જીવન, અને તેઓ સાથે સંકળાયેલા વિવાદો ઉપરાંત પારિવારિક જીવન અંગે પણ વાત કરીશું.

કમલ હાસનનો જન્મ ૭ નવેમ્બર ૧૯૫૪ ના રોજ પરમકુડી, તમિલનાડુમાં થયો હતો. તેમણે બાળ કલાકાર તરીકે ૧૯૬૦માં ફિલ્મ 'કલતુર કન્નમ્મા' થી પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી. ત્યારથી, તેમણે તમિલ, તેલુગુ, મલયાલમ, કન્નડ અને હિન્દી સહિતની વિવિધ ભાષાઓમાં ૨૦૦થી વધુ ફિલ્મોમાં કામ કર્યું છે. તેમણે ચાર રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર, ૧૯ ફિલ્મફેર પુરસ્કાર અને ફ્રાન્સનો સર્વોચ્ચ નાગરિક સન્માન, ચેવેલિયર ડી લ'ઓર્ડે ડેસ આર્ટસ એટ ડેસ લેટર્સ સહિત અનેક સન્માનો પ્રાપ્ત કર્યા છે. કમલ હસનને ભારત સરકાર દ્વારા ૧૯૯૦માં પદ્મશ્રી અને ૨૦૧૪માં પદ્મ ભૂષણથી પણ સન્માનિત કરવામાં આવ્યા છે.

કમલ હાસનની ઘણી ફિલ્મો તેમની બોલ્ડ થીમ્સ, રાજકીય અને સામાજિક ટિપ્પણીઓ, અથવા ધાર્મિક સંદર્ભોને કારણે વિવાદોમાં ફસાઈ છે. તેમની વિવાદમાં ફસાયેલી ફિલ્મો પર એક નજર:

- થેવર મગન - ૧૯૯૨: આ તમિલ ક્લાસિક ફિલ્મ પર જાતિવાદને મહિમા આપવાનો અને ચોક્કસ સમુદાયને પ્રોત્સાહન આપવાનો આરોપ લાગ્યો હતો, જેના કારણે જાતિ-આધારિત જૂથો દ્વારા વિરોધ થયો હતો.
- હે રામ - ૨૦૦૦ : આ પીરિયડ ડ્રામા ફિલ્મ મહાત્મા ગાંધીની હત્યા અને તેનાથી સંબંધિત પાત્રોના દૃષ્ટિકોણને દર્શાવવા બદલ વિવાદમાં રહી હતી. કેટલાક લોકોએ દાવો કર્યો હતો કે તે ગાંધીજીને નકારાત્મક રીતે રજૂ કરે છે.
- દશાવતારમ - ૨૦૦૮ : આ ફિલ્મ, જેમાં કમલ હાસને ૧૦ અલગ-અલગ ભૂમિકાઓ ભજવી હતી, ધાર્મિક પ્રતીકવાદ અને હિન્દુ માન્યતાઓના ચિત્રણ પર વાંધો ઉઠાવવામાં આવ્યો હતો. તેના પર બે હિન્દુ સંપ્રદાયો વચ્ચે સંઘર્ષ ઉભો કરવાનો આરોપ પણ લાગ્યો હતો.
- વિશ્વરૂપમ ૨૦૧૩: આ ફિલ્મ કમલ હાસનની કારકિર્દીની સૌથી મોટા વિવાદોમાંની એક હતી. આતંકવાદના સંવેદનશીલ વિષયને કારણે ઘણા મુસ્લિમ જૂથોએ તેનો વિરોધ કર્યો હતો, અને દાવો કર્યો હતો કે તે તેમના સમુદાયને નકારાત્મક રીતે દર્શાવે છે. આ ફિલ્મ પર તમિલનાડુમાં અસ્થાયી રૂપે પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો, અને કમલ હાસનને કેટલાક દ્રશ્યો કાપી નાખવા પડ્યા હતા. આ વિવાદ એટલો મોટો હતો કે કમલ હાસને તમિલનાડુ છોડવાની પણ ધમકી આપી હતી.
- ઠગ લાઈફ - ૨૦૨૫ : કમલ હાસનની આગામી ફિલ્મ 'ઠગ લાઈફ'



તાજેતરમાં જ ભાષાકીય વિવાદમાં ફસાઈ છે. એક પ્રમોશનલ ઈવેન્ટ દરમિયાન કમલ હાસનની 'કન્નડ ભાષા તમિલમાંથી જન્મી છે' ટિપ્પણીને કારણે કર્ણાટકમાં ભારે વિરોધ થયો છે. કન્નડ તરફી જૂથોએ માફીની માંગ કરી છે અને ફિલ્મ પર પ્રતિબંધ મૂકવાની ધમકી આપી છે. કમલ હાસને માફી માંગવાનો ઈનકાર કર્યો છે, જેના કારણે કર્ણાટકમાં ફિલ્મની રિલીઝ અટકાવવામાં આવી છે.

કમલ હાસને ૨૦૧૮માં પોતાની રાજકીય પાર્ટી મક્કલ નીધી મયમની સ્થાપના કરી, જેનો અર્થ 'લોકોનું ન્યાય કેન્દ્ર' થાય છે. તેમણે તમિલનાડુના રાજકારણમાં પોતાનું સ્થાન બનાવવાનો પ્રયાસ કર્યો છે, પરંતુ તેમની રાજકીય યાત્રા પણ વિવાદોથી મુક્ત રહી નથી. 'ઠગ લાઈફ' સાથે સંબંધિત કન્નડ ભાષા વિશેની તેમની તાજેતરની ટિપ્પણીએ તેમના રાજકીય કારકિર્દી પર પણ છાયા પાડી છે. તેમના પર પ્રાદેશિક ભાષાની ભાવનાઓને ઠેસ પહોંચાડવાનો આરોપ લાગ્યો છે. શરૂઆતમાં, કમલ હાસને પોતાને ડીએમકે, એઆઈએડીએમકે અને ભાજપના પરંપરાગત દ્રવિડિયન રાજકારણથી અલગ બતાવ્યા હતા. જોકે, સમય જતાં તેમના જોડાણો અને વ્યૂહરચના બદલાતી રહી છે, જેના કારણે ટીકાકારોએ તેમની રાજકીય સ્થિતિની સ્પષ્ટતા પર સવાલ ઉઠાવ્યા છે. કમલ હાસન તેમના સ્પષ્ટવક્તા સ્વભાવ અને વિવાદાસ્પદ નિવેદનો માટે જાણીતા છે, જે ક્યારેક સાર્વજનિક રોષનું કારણ બને છે. કમલ હાસનનું વ્યક્તિગત જીવન પણ સાર્વજનિક ચર્ચાનો વિષય રહ્યું છે. તેમના લગ્નો અને સંબંધો મીડિયામાં હંમેશા છવાયેલા રહ્યા છે. તેમની પુત્રીઓ શ્રુતિ હાસન અને અક્ષરા હાસન પણ અભિનેત્રીઓ છે. કમલ હાસન અનેક પરોપકારી કાર્યોમાં પણ સામેલ છે. તેમના ચાહક ક્લબો રક્તદાન અને આંખ દાન શિબિરોનું આયોજન કરે છે, અને તેઓ શૈક્ષણિક સામગ્રી પણ દાન કરે છે. તેમને તેમના માનવતાવાદી કાર્યો માટે ૨૦૦૪ માં પ્રથમ અબ્રાહમ કોવૂર રાષ્ટ્રીય પુરસ્કાર મળ્યો હતો.

કમલ હાસનને ભારતીય સિનેમામાં નવી ટેકનોલોજી લાવવા માટે પણ ઓળખવામાં આવે છે, જેમ કે ડીજીટલ સિનેમા અને ડીટીએચ પ્રીમિયર. 'વિશ્વરૂપમ' ને ડીટીએચ પર રિલીઝ કરવાનો તેમનો પ્રયાસ પણ થિયેટર માલિકોના વિરોધને કારણે વિવાદમાં આવ્યો હતો. કમલ હાસન એક

**કમલ હાસનને ભારત સરકાર દ્વારા ૧૯૯૦માં પદ્મશ્રી અને ૨૦14માં પદ્મભૂષણથી પણ સન્માનિત કરવામાં આવ્યા છે**

એવા વ્યક્તિત્વ છે જેમણે ભારતીય સિનેમામાં અભૂતપૂર્વ યોગદાન આપ્યું છે, પરંતુ તેમની કારકિર્દી અને જીવન હંમેશા પડકારો અને વિવાદોથી ઘેરાયેલા રહ્યા છે. તેમની બોલ્ડ અને પ્રયોગશીલ કલાકૃતિઓ, તેમજ તેમના નિખાલસ મંતવ્યો, તેમને એક અનોખા અને સતત ચર્ચામાં રહેતા કલાકાર બનાવે છે. બોલીવુડ તેમજ દક્ષિણનું ફિલ્મોમાં તેઓનું અનેરું યોગદાન રહ્યું છે. ફિલ્મોની સાથે સાથે તેઓનું યોગદાન રાજકીય ક્ષેત્રમા, સેવાભાવી ક્ષેત્રમાં પણ અનોખું રહ્યું છે. અને આજે પણ તેઓ લોકોના દિલો ઉપર રાજ કરી રહયા છે. કમલ હાસન એ એક આગવી ઓળખ બનવી ચુક્યા છે જે કદાચ વર્ષોવર્ષ સુધી ચાલશે.

digvijay.pathak@gmail.com

ફિલ્મી ટિટબિટ્સ


રજની

## ઝુંપડપટ્ટીના રૂમ ખરીદવા જેકી શ્રોફ મોઢે માગેલી કિંમત ચૂકવવા તૈયાર




તાજેતરમાં, જેકી હાઉસફુલ-૫ માં પોલીસ અધિકારીની ભૂમિકામાં જોવા મળ્યો હતો. જેકી શ્રોફ આજે ઝૂંપડપટ્ટીમાં એક રૂમ ભાડે લેવા માંગે છે અને તેના માટે માંગવામાં આવતી કિંમત ચૂકવવા તૈયાર છે. પરંતુ હજુ પણ જેકી શ્રોફ તે રૂમ મેળવી શકતો નથી. ગ્લેમરની ચમકતી દુનિયામાં પોતાનું ખાસ સ્થાન બનાવનાર જેકી શ્રોફનું જીવન હંમેશા આવું નહોતું. કડવાશ અને ગરીબીમાં બાળપણ વિતાવનાર આ અભિનેતા તેની માતા અને ભાઈ સાથે ઝૂંપડપટ્ટીમાં રહેતો હતો. પરંતુ તેના ભાઈનું ૧૭ વર્ષની ઉંમરે અવસાન થયું, જ્યારે જેકી માત્ર ૧૦ વર્ષનો હતો. જેકીનો ભાઈ જે ઝૂંપડપટ્ટીમાં રહેતો હતો તે રૂમ હજુ પણ ત્યાં છે અને ત્યાં ૪ લોકો રહે છે. જેકી આ રૂમ ભાડે લેવા માંગે છે અને તેના માટે માંગવામાં આવતી કિંમત ચૂકવવા તૈયાર છે. પરંતુ આ રૂમનો માલિક તેને આ રૂમ આપવા તૈયાર નથી. જેકી શ્રોફે તાજેતરમાં વિકી લાલવાણી સાથેની વાતચીતમાં આ વાતનો ખુલાસો કર્યો. જેકી કહે છે, 'હું પ્રયાસ કરી રહ્યો છું, પણ તેઓ મને તે પાછું આપી રહ્યા નથી. તે (મકાનમાલિક) વિચારે છે કે જો તે મને તે આપે તો... હું કહું છું, 'ભાઈ, હું તેને લઈને ભાગીશ નહીં'. આ માણસ મને તે આપી રહ્યો નથી. મેં તેને કહ્યું કે મારા જૂના રૂમ માટે મને જે ભાડું મળી રહ્યું છે, હવે ત્યાં ચાર લોકો રહે છે, મેં તેને કહ્યું કે હું તે ચાર લોકો જેટલું ભાડું ચૂકવીશ. પણ તે ચૂકવવા માંગતો નથી.'

## ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં હજુ કેટલાંક લોકો મને ઉતરતો માને છે : વિક્રાંત મેસ્સી



ફિલ્મ ઈન્ડસ્ટ્રીના નવી પેઢીના એક્ટર્સમાં વિક્રાંત મેસ્સીનું નામ મોખરે છે. સ્ટાર કિડ્સે ક્યારેય ખરાબ વર્તન કર્યું છે કે કેમ? તે અંગે જવાબ આપતાં વિક્રાંતે કહ્યું હતું કે, સંઘર્ષના દિવસોમાં ઘણાં લોકો તેને હિન બતાવવા માગતા હતા. આ વાત માત્ર સ્ટારકિડ્સની નથી. ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં આ પ્રકારના વર્તનને વ્યાપક રીતે જોવાના બદલે કેટલાક લોકોની માનસિકતા સાથે સરખાવવંય જોઈએ. અલગ-અલગ સમયે ઘણાં લોકોએ તેને ઉતારી પાડવાનો પ્રયાસ કર્યો છે. હજુ આજે પણ કેટલાક લોકોએ પોતાના પ્રયાસ છોડ્યા નથી. વિક્રાંતનું માનવું છે કે, જીવનમાં આ પ્રકારના લોકો પણ જરૂરી છે. તેમના કારણે જ પોતાની જાતને સાબિત કરવાની આગ લાગેલી રહે છે. પડકાર આપનારા લોકો જ ના હોય તો બમણા જોરથી કામ કરવાનો ઉત્સાહ આવી શકે નહીં. હકીકતમાં આવા લોકોનો આભાર માનવો જોઈએ. એક્ટર તરીકે પોતાને નાપસંદ કરનારા લોકોના કારણે દુ:ખી થવાનું વિક્રાંતને પસંદ નથી. આ પ્રકારની નકારાત્મકતાથી જ આગળ વધી શકાય છે. એક્ટિંગ વખણાય અને ફિલ્મ સારી ચાલે ત્યારે ટીકાકારોને જવાબ મળી જ જાય છે.

## હું સ્ટાર નથી અને ક્યારેય બનીશ નહીં, મારું નામ ખાન નથી : રામ કપૂર



અભિનેતા રામ કપૂર થોડા મહિના પહેલા તેમના જબરદસ્ત શારીરિક પરિવર્તન અને વજન ઘટાડવા માટે હેડલાઈન્સમાં આવ્યા હતા. થોડા સમય પછી, નેટીઝન્સના એક વર્ગે દાવો કર્યો કે તેમણે વજન ઘટાડવા માટે ઓઝેમ્પિકનો ઉપયોગ કર્યો હતો. આ એક દવા છે જે ડાયાબિટીસના દર્દીઓને આપવામાં આવે છે. જોકે, રામ કપૂરે દાવો કર્યો છે કે તેમણે ફક્ત તેમની જીવનશૈલી બદલીને કોઈપણ સર્જરી વિના વજન ઘટાડ્યું છે. પરંતુ તાજેતરના એક ઈન્ટરવ્યુમાં, જ્યારે તેમને ફરી એકવાર ઓઝેમ્પિકના ઉપયોગ વિશે પ્રશ્ન કરવામાં આવ્યો, ત્યારે તેમણે એક અસ્પષ્ટ જવાબ આપ્યો. રામ કપૂર પર ફિલ્મોમાં કામ મેળવવા માટે પોતાનું પરિવર્તન કરવાનો આરોપ લાગી રહ્યો છે. આનો જવાબ આપતા રામ કપૂરે કહ્યું, 'આવું કહેવું ખોટું છે. મેં પહેલા પણ વજન ઘટાડ્યું છે'. ફરાહ ખાનના વ્લોગમાં અભિનેતાએ કહ્યું, 'હું સ્ટાર નથી, હું ક્યારેય નહીં બનીશ, મારું નામ ખાન નથી. પરંતુ હું કામમાં મોટો હોઉં કે નાનો, મને કામ મળે છે. મેં કામ મેળવવા માટે વજન ઘટાડ્યું નથી'.

## પ્રિયંકા ચોપરાએ 'પાકિસ્તાની' ફિલ્મ નિર્માતા સાથે તસવીર શેર કરતાં વિવાદ સર્જાયો



પ્રિયંકાએ પોતે તેના ઈન્સ્ટાગ્રામ પર તેની તસવીરો શેર કરી છે. ખરેખર, પ્રિયંકા આ દિવસોમાં તેની આગામી ફિલ્મ 'હેડ્સ ઓફ ટેસ્ટ' ની રિલીઝની તૈયારી કરી રહી છે. ફિલ્મની રિલીઝ પહેલા, તેનો પ્રીમિયર યોજાઈ રહ્યો છે. પાકિસ્તાની ફિલ્મ નિર્માતા અને પત્રકાર શર્મીન ઓબેદ-ચિનોય પણ આ પ્રીમિયરમાં હાજર રહ્યા હતા. પ્રિયંકા ચોપરા, જે તેની ફિલ્મ હેડ્સ ઓફ સ્ટેટના પ્રમોશનમાં વ્યસ્ત છે, તેણે તેના ઈન્સ્ટાગ્રામ પર કેટલીક તસવીરો શેર કરી છે. આ તસવીરોમાં, પાકિસ્તાની-કેનેડિયન ફિલ્મ નિર્માતા શર્મીન ઓબેદ ચિનોય, દિગ્દર્શક મીરા નાયર અને તેની મેનેજર અંજુલા આચાર્ય પણ પ્રિયંકા ચોપરા સાથે પોઝ આપતા જોવા મળે છે. આ તસવીરો શેર કરતા પ્રિયંકા ચોપરાએ લખ્યું, 'ઓગસ્ટની સાથે વિતાવેલ એક અદ્ભુત બપોર.' આ સાથે, પ્રિયંકા ચોપરાએ તેના ઈન્સ્ટાગ્રામ પર કેટલીક અન્ય તસવીરો પણ શેર કરી અને લખ્યું, 'મજા. બોર્ડરલેસ બ્રંચ.' હવે પાકિસ્તાની ફિલ્મ નિર્માતા સાથે પ્રિયંકાની આ તસવીર વાયરલ થઈ રહી છે.

ટોમ ક્રુઝના વાસ્તવિક અને અદ્ભુત બ્રેથ ટેકિંગ સ્ટંટ્સ તથા ઉત્કૃષ્ટ પર્ફોર્મન્સની સાતત્યતાએ લોકોના માનસ પર એક ઊંડી છાપ છોડી

# મિશન ઇમ્પોસિબલ ધ ફાઈનલ રેકનિંગ

## એક રસપ્રદ ફિલ્મ શ્રેણીનો અંત કે પછી નવી શરૂઆત



હોલિવૂડ હોરાઈઝન

મનિષ શેઠ

ટોમ ક્રુઝની 'મિશન ઈમ્પોસિબલ' સિરીઝ ૧૯૯૬ની ટીવી શ્રેણીથી શરૂ થઈને આજ સુધી એક આઈકોનિક સ્પાય-એક્શન ફ્રેન્ચાઈઝ બની છે, ૧૯૯૬ની પહેલી ફિલ્મથી લઈને ૨૦૨૩ની 'ડેડ રેકનિંગ - પાર્ટ ૧' સુધીની સફરમાં દરેક ફિલ્મે એક ટ્રેન્ડ સેટ કર્યો છે. દરેક સિક્વલમાં એક નવો દુશ્મન, નવા મિત્રો, નવો સંઘર્ષ અને આધુનિક ટેક્નોલોજીકલ ડેન્જર, ની રજૂઆત આ સિક્વલને બધાથી અલગ બનાવે છે. ટોમ ક્રુઝના વાસ્તવિક અને અદ્ભુત બ્રેથ ટેકિંગ સ્ટંટસ તથા ઉત્કૃષ્ટ પર્ફોર્મન્સની સાતત્યતાએ લોકોના માનસ પર એક ઊંડી છાપ છોડી છે.

ટોમ ક્રુઝની ફિલ્મ 'મિશન ઈમ્પોસિબલ-ધ ફાયનલ રેકનિંગ ' એક સાહસિક કવિતા છે. એની દરેક મોમેન્ટ અને મુવમેન્ટ એક સ્કુલ છે. ડેડ રેકનિંગ અને ફાઈનલ રેકનિંગ માં સિક્વલની દરેક ફિલ્મોના પાત્રોનું પુનરાગમન. લુથર સ્ટિકેલ, ઈથેનનો સૌથી જૂનો મિત્ર અને ટેક વિશારદ હોવા સાથે સંવેદનશીલ પણ છે. બેનજી ડન હવે ટીમમેટ છે. ઈલસા ફોસ્ટ ભૂતકાળમાં ક્યારેક મિત્ર તો ક્યારેક ગ્રે-કેરેક્ટર રહી છે. ઈલસાનું મૃત્યુ કથાનકમાં અસમંજસની સ્થિતિ ઊભી કરે છે. ગેબ્રિયલ, એ ફક્ત વિલન નથી, પણ ઈથેનના ભૂતકાળનું એક અલગ સ્વરૂપ છે. અલ્ગ્રેઈસ, એક નવી એન્ટ્રી છતાં ફિલ્મની યુએસપી છે. એ સૂચવે છે કે હવે મિશન ઈમ્પોસિબલ ફક્ત એજન્ટ્સની ટીમ નથી રહી. સંભવ છે એ ઈથેનનો ઉત્તરાધિકારી હોઈ શકે. કોઈ નવી સિક્વલ કે ફ્રેન્ચાઈઝમાં - નવા સ્વરૂપે.

દરેકનું પુનરાગમન એ દર્શાવે છે કે ફાઈનલ રેકનિંગ, એ છેલ્લું મિશન ઈથેનના સંપૂર્ણ જીવન, સંબંધો અને મૂલ્યોની કસોટી છે. આ એક સંકલન છે - સર્કલ પૂર્ણ થવાની તૈયારી છે. કથાના દરેક અધ્યાયના ભૂલાયેલા, દુ:ખદ, કે અધૂરા પૃષ્ઠો હવે અંતિમ તબક્કે એક પૃષ્ઠ પર પૂર્ણાહુતિ માટે કે નવી શરૂઆત માટે એકત્ર થયા છે. વર્તમાનને નવું સ્વરૂપ આપી રહ્યા છે અને ભવિષ્યને આકાર આપી રહ્યા છે.

૫ ફાયનલ રેકનિંગ - અંતિમ અધ્યાય તરીકે આ સિક્વલનાં શૂટિંગ, સ્ટન્ટ્સ અને પાત્રો વચ્ચેની ઊંડી કેમિસ્ટ્રી વિશે જાણીએ.

- અસાધારણ સ્ટન્ટ્સઃ જીવના જોખમે છલાંગ -ફિલ્મના એક દ્રશ્યમાં ટોમે નોર્વેનાં ડ્રેકન્સબર્ગ પર્વતની ટોચ પરથી, પેરાશૂટ જમ્પ કરી પર્વતોની વચ્ચે ઉડતા એક બાય-પ્લેનને પકડી એમાં લટકવાનું હતું.

આ ગજબનાક સ્ટંટની ખાસિયત એ હતી કે એ દ્રશ્યનાં શુટિંગ માટે ટોમ ક્રુઝની જિદ હતી કે કોઈ ગ્રીનસ્કીન નહીં, કોઈ ડુપ્લિકેટ નહિ- બધું લાઈવ શૂટ થવું જોઈએ. કોઈ વીએફએક્સકે ડુપ્લીકેટ વિના. આ ફીલને કેપ્ચર કરવા માટે મહિનાઓ સુધી બેઝ-જમ્પ તાલીમ, જીપીએસ-ટ્રેક કરેલા ડ્રોન અને બહુવિધ એરિયલ કેમેરા સિસ્ટમનો ઉપયોગ કરી ટોમ ક્રુઝે કોરિયોગ્રાફિંગ, આઈમેક્સ રિગિંગ અને સહનશક્તિ માટેની તાલીમ લીધી; રિહર્સલ દરમિયાન ટોમ ક્રુઝ એકાદ-બે વાર બેભાન પણ થઈ ગયા પણ બધા સ્ટંટસ પોતે જાતે જ કરવાની જિદ ન છોડી.અને શુટિંગ દરમિયાન કર્યા પણ ખરા,

- ટ્રેનટોપ કોમ્બેટઃ - ટોમ ક્રુઝ અને એસાય મોરાલેસ વચ્ચે થયેલી ટ્રેન પરની આ ફાઈટ જરા હટકે કહી શકાય કેમકે એ ફાઈટનાં શુટિંગ માટે ખાસ રિયલ સાઈઝની ટ્રેન બનાવવામાં આવી અને ખાણમાં એક્સિડન્ટ કરાવવામાં આવ્યો. આખું દ્રશ્ય હાથમાં કેમેરા લઈને શૂટ થયું અને ક્રૂએ પણ પુર ઝડપે દોડતી ટ્રેનની છત પર ફાઈટ કરનાર પાત્રો સાથે રહીને એક્શન ની મુમેન્ટસ કેપ્ચર કરી. એક્શન પેક લાઈવ સિનેમાનું આ હતું એક જીવંત ઉદાહરણ.

- અંડરવોટર ડ્રામા - ફરતી સબમરીન સેટ સાથે ૮.૫ મિલિયન લિટર ટાંકીમાં ફિલ્માવવામાં આવ્યું., આ અન્ડર વોટર ડ્રામા દરમિયાન લાંબો સમય પાણીમાં અંદર જ રહેવાનું હતું, શ્વાસ રૂંધાઈ જવાનું જોખમ હતું છતાં પણ ટોમ ક્રુઝે ડુપ્લિકેટ ના પાડી અને ૧૨૫ પાઉન્ડ વજનનો ડાઈવિંગ સૂટ પહેરી, પ્રતિબંધિત રેગ્યુલેટર પાછળ શ્વાસ રોકી રાખી, સંપૂર્ણ દ્રશ્ય પોતે જ કર્યું. એક પણ શબ્દ વિના, માત્ર અભિનય- એક્શન કદાચ આવી જ પળો અને કામ પ્રત્યેનું સમર્પણ જ ફિલ્મને અને કલાકારને બધાથી અલગ બનાવે છે.

ટોમ અને હેલીનું એરપોર્ટ પર - યાદગાર ઈન્ટરેકશન- શાબ્દિક સંવાદો નહીવત પણ મૌન ની ભાષાએ એકબીજાને ઘણું બધું કહી દીધું અને સમજાવી દીધું. આ હતું એક સબ મિશન - એક ચાવી મેળવવા માટેની પકડાપકડી, કથિત બોમ્બને નિષ્ક્રિય કરવા માટેની રેસ - લ્યુથર સાથેનો સંપર્ક તથા એક રહસ્યમયી એન્ટીટીનાં પડછાયા દ્વારા સંચાલિત અને સંકલિત થયેલી ઘટનાઓ, આ સિક્વન્સની કોરિયોગ્રાફી, ટોમ અને એલીના આ દ્રશ્યને વધુ યાદગાર અને નોખી બનાવે છે. હેલી એટવેલે તો ગર્ભાવસ્થાનાં અંતિમ દિવસો હોવા છતાં ફાઈટ દ્રશ્યો શૂટ કર્યા - આખી ટીમ માટે તે એક પ્રેરણાદાયક અને લાગણીશીલ અનુભૂતિ હતી.

'ધ ફાઈનલ રેકનિંગ' - 'જરા હટકે!!

અગાઉની તમામ ફિલ્મો કરતા વ્હેંત ઊંચા સ્ટંટસ, ટેકનિકલી એડવાન્સ્ડ - LiDAR, IMAX કેમેરા, ડ્રોન શૂટિંગ જેવી નવીનતમ ટેકનોલોજીનો ઉપયોગ, અંતિમ ફિલ્મ હોવાની પ્રતીતિ કરાવતા સંવાદ અને ઘટનાઓ, ફ્લેશબેક ટૂ કરંટ અર્થાત જૂના પાત્રોનું પુનરાગમન, બધાનું એક સાથે હોવું, મૌન-અભિનય ની સંવેદનશીલતા.

**સિગ્નેચર**

Final Reckoning સિક્વલની વિદાયનો દસ્તાવેજ છે. એમાં એક્શન છે, લાગણીઓ છે, એક તદન અલાયદો અપ્રોચ છે. ફાઈનલ રેકનિંગને છેલ્લું મિશન કહેવું કે નવી શરૂઆત?

manbhavee@gmail.com

# આરજે અભિનવ - મિમિક્રી અને કોમિક કન્ટેન્ટનો કિંગ

ઇન્ફ્લૂએન્સર્સ

મયૂરી જાદવ શાહ

ડિજિટલ યુગમાં જ્યારે લોકો મિનિટોમાં મજા શોધે છે, ત્યારે એવા ઘણા કન્ટેન્ટ ક્રિએટરો છે જે દર્શકોના મનમાં ઘર કરી ગયા છે. એમમાંથી એક છે આરજે અભિનવ - એક એવો યુટ્યુબર અને ઈન્સ્ટાગ્રામ ક્રીએટર જેમણે મિમિક્રી, હ્યુમર અને ક્રિએટિવિટીથી ભરપૂર કન્ટેન્ટ દ્વારા લાખો લોકોને હસાવ્યાં છે.

આરજે અભિનવનું સંપૂર્ણ નામ છે અભિનવ સિંહ ટોમર. તેઓ દિલ્હીમાંથી છે અને તેમણે પોતાની કારકિર્દી રેડિયો જોકી તરીકે શરૂ કરી હતી - જેમાં તેઓએ રેડ એફએમ ૯૩.૫ પર અલગ અલગ અવાજમાં બોલીને શો હાથ ધર્યો હતો. તેમની મિમિક્રી અને અવાજની રમતમાં એટલો વધુ પારંગત હતો કે લોકોએ તરત જ તેમને ઓળખવા લાગ્યા.

આરજે અભિનવના ફેમસ વિડિયો એવા છે જેમા તેઓ બોલીવુડ એક્ટર્સ, રાજકારણીઓ, અને રોજિંદા જીવનના પાત્રોને પોતાના અવાજ અને એક્સપ્રેશનથી જીવંત બનાવે છે. તેઓ હૃતિક રોશન, નાના પાટેકર, શક્તિમાન અને પ્રધાનમંત્રી મોદી જેવા અવાજો કરતી વખતે એટલા પરફેક્ટ લાગે છે કે તમારું હસવાનું બંધ ન થાય!

આરજે અભિનવના કેટલાક ફેમસ વીડિયોઃ

'Shaktimaan as Roommate'

'Nana Patekar as English Teacher'

'What if Bollywood actors were Teachers?'

આ વિડિયોઝ ઈન્સ્ટાગ્રામ અને યુટ્યુબ પર મિલિયન વ્યૂઝ સાથે વાયરલ થયા છે. આજે આરજે અભિનવના ઈન્સ્ટાગ્રામ પર લાખો ફોલોઅર્સ છે અને તેમની દરેક પોસ્ટ મીમ્સ લવર્સ માટે ટ્રિટ હોય છે. આરજે અભિનવ યૂટ્યુબ પર પણ એટલા જ પોપ્યુલર છે જ્યાં તેઓ સ્કિટ્સ, અવાજની રમત અને મજેદાર મોડિફાઈડ સીન્સ દ્વારા યુવાનોમાં લોકપ્રિયતા મેળવી રહ્યા છે. દરેક વીડિયો અનોખો હોય છે અને હંમેશા વાસ્તવિક જીવન સાથે રિલેટ કરી શકાય એવો હોય છે.

આરજે અભિનવની સફળતાનું રહસ્ય એ છે કે તેઓની અંદર અમિત ક્રિએટિવિટી છે, મિમિક્રીમાં અદ્વિતીય કુશળતા છે, એક્સપ્રેશન અને ટાઈમિંગમાં તેઓ માસ્ટર છે અને તેમના તમામ વિડિયોઝમાં ફેમિલી-ફ્રેન્ડલી હ્યુમર જોવા મળે છે, જે કોઈપણ ઉંમરના દર્શકને પસંદ પડે છે. તેમના કન્ટેન્ટમાં ક્યારેય અશ્લીલતા કે દુર્વ્યવહાર જોવા મળતો નથી. તેઓ પોઝિટિવ હાસ્ય સાથે હળવી મજાક કરે છે - જે લોકોને આનંદ આપે છે અને દિવસે એક સ્મિત જરૂર લાવે છે.

આરજે અભિનવ એ યુવાનોએ શીખવાનું છે કે કેવળ ટેલેન્ટ હોય તો સોશિયલ મીડિયા પર જગ્યા બનાવવી સરળ છે - જો તમે ક્રિએટિવ હોવ, નિષ્ઠાવાન હોવ અને એક પરિપક્વ મનોભાવ સાથે આગળ વધો. તેમણે એ સાબિત કર્યું છે કે ઈતથી લઈને કોમિક કન્ટેન્ટ ક્રિએટર બનવાની યાત્રા પણ મજાની અને ઈન્સ્પાયરિંગ હોય શકે છે. આરજે અભિનવ ના દરેક વિડિયોમાં મનોરંજન ઉપરાંત એક પોઝિટિવિટી હોય છે - જે તમે જોયા પછી ખુશ અને હળવા થઈ જાઓ. તેઓ આપણને શીખવે છે કે હાસ્ય એ જિંદગીનું મહત્વનું અંગ છે અને જો તમે લોકોને હસાવી શકો તો એ પણ એક આશીર્વાદ છે.




**આરજે અભિનવના ફેમસ વીડિયો એવા જ છે, જેમાં તેઓ બોલિવૂડ એક્ટર્સ, રાજકારણીઓ અને રોજિંદા જીવનના પાત્રોને પોતાના અવાજ અને એક્સપ્રેશનથી જીવંત બનાવે છે**

jadavvmayuri@gmail.com

# મોના સિંહઃ મને બચાવવા માટે કોઈની જરૂર નથી, આપણે પોતે જ ખુદને બચાવીએ છીએ



પોતાના પહેલા ટીવી શો 'જસ્સી જૈસી કોઈ નહીં'થી બધાના દિલમાં સ્થાન બનાવનારી અભિનેત્રી મોના સિંહે પોતાના બે દાયકાના લાંબા કરિયરમાં ટીવી, ફિલ્મ, ઓટીટીમાં દરેક જગ્યાએ પોતાની છાપ છોડી છે. તાજેતરમાં 'લાલ સિંહ ચઢ્ઢા', 'કાલા પાણી' અને 'મેડ ઈન હેવન'માં પોતાના દમદાર અભિનય માટે પ્રશંસા પામેલી મોના હાલમાં વેબ સિરીઝ 'મિસ્ત્રી'માં એસીપી સેહમત સિદીકીની ભૂમિકામાં જોવા મળી રહી છે. અહીં તેમની સાથેની એક ખાસ વાતચીત છે.

હિન્દી મનોરંજન ઉદ્યોગમાં નાયિકાઓ ગ્લેમર ગર્લ કે સતી-સાવિત્રીના રૂઢિગત ભૂમિકાઓ સુધી સીમિત રહી છે, ત્યારે મોના સિંહે હંમેશા પડદા પર એક મજબૂત કામ કરતી મહિલાની ભૂમિકા ભજવી છે. 'કાલા પાણી'માં ડૉક્ટર હોય કે 'મેડ ઈન હેવન'માં બિઝનેસ વુમન હોય, પહેલા શો 'જસ્સી જૈસી કોઈ નહીં'માં પણ તે સેક્રેટરીની ભૂમિકામાં હતી. મોનાના મતે, પડદા પર મજબૂત મહિલાઓનું પ્રતિનિધિત્વ તેના માટે ખૂબ મહત્વનું છે. તેથી, તેણે ક્યારેય લાક્ષણિક રડતી મહિલાઓની ભૂમિકા ભજવી નથી.

**ઘણી લાક્ષણિક પુત્રવધૂ અને પત્નીની ભૂમિકાઓ નકારી કાઢી**

મોના કહે છે, 'જ્યારે મેં ટીવી પર શરૂઆત કરી ત્યારે મને પણ તે લાક્ષણિક બહુ-બીવી ભૂમિકાઓ ઓફર કરવામાં આવી હતી, પરંતુ મેં ક્યારેય તે કરી ન હતી. મને શરૂઆતથી જ ખબર હતી કે હું શું કરવા માંગતી નથી, તેથી મેં ઘણા શો ના પાડી દીધા, કારણ કે હું પડદા પર એક ગરીબ છોકરી બનવા માંગતી નહોતી. હું નથી ઈચ્છતી કે કોઈ આવીને મને બચાવે. આપણે પોતાને બચાવીએ છીએ, પોતાની સંભાળ રાખીએ છીએ, તેથી મારે આવા પાત્રો કરવા પડ્યા અને હવે ઓટીટી પર પણ એવું જ થઈ રહ્યું છે. આ એક નવો યુગ છે, જ્યાં સ્ત્રી પાત્રોને વધુ નિર્ભય, આત્મવિશ્વાસુ, કાર્યશીલ બનાવવામાં આવી રહ્યા છે. એવું નથી કે જો તમે કાં તો વેમ્પ છો કે નાયિકા, તો તમારું જીવન બરબાદ થઈ ગયું છે. હવે આવી ભૂમિકાઓ બનાવવામાં આવી રહી છે, જેમાં સ્ત્રીના ઘણા શેડ્સ દેખાય છે, જે જૂના સ્ટીરિયોટાઈપ્સને ઘણી હદ સુધી તોડી રહ્યા છે, તેથી હું એક અભિનેતા તરીકે તેનો આનંદ માણી રહી છું.'

> **લાલ સિંહ ચઢ્ઢાનું પાત્ર 'જસ્સી' મારા માટે ખૂબ જ પડકારજનક ભૂમિકા હતી કારણ કે, તેનો દેખાવ એવો હતો કે તમારે વાસ્તવિક દેખાવું પડે**

**હું એક સૈનિકની દીકરી છું, માટે ડરવાનું શીખી જ નથી**

મોના પોતાના આત્મવિશ્વાસુ અને નીડર વ્યક્તિત્વ માટે પોતાના માતાપિતા અને આર્મી પૃષ્ઠભૂમિને શ્રેય આપે છે. મોના કહે છે, 'હું આર્મી પૃષ્ઠભૂમિમાંથી છું. મારી માતા હંમેશા કામ કરતી મહિલા રહી છે. એક આત્મવિશ્વાસુ અને નીડર વ્યક્તિ. મને ક્યારેય કોઈએ કહ્યું નથી કે તું કોઈથી ઓછી છે, તું એક છોકરી છે, તેથી આવું વર્તન ન કર. આ પહેરીશ નહીં. આ રીતે હસતી નહીં. મને યાદ છે જ્યારે મેં મારા માતાપિતાને કહ્યું હતું કે હું મુંબઈ જઈને અભિનેતા બનવા માંગુ છું, ત્યારે તેઓ તરત જ સંમત થયા અને કહ્યું કે તમારે તમારા સપના પૂરા કરવા જોઈએ, કારણ કે અમે કાલે એવું સાંભળવા માંગતા નથી કે બાળકોએ તેમના માતાપિતાને કારણે તેમના સપના પૂરા કર્યા નથી, તેથી મારામાં આ વિશ્વાસ મારી માતા તરફથી આવ્યો છે.

**'લાલ સિંહ ચઢ્ઢા'નું પાત્ર મુશ્કેલ હતું**

મોનાએ પોતાના ૨૨ વર્ષના લાંબા કરિયરમાં ટીવી, ફિલ્મ, ઓટીટી સહિત દરેક માધ્યમમાં વિવિધ પાત્રો ભજવ્યા છે. સૌથી મુશ્કેલ ભૂમિકા કઈ હતી? જ્યારે તેને પૂછવામાં આવ્યું ત્યારે તે કહે છે, 'જસ્સી' મારા માટે ખૂબ જ પડકારજનક ભૂમિકા હતી કારણ કે તેનો દેખાવ એવો હતો, કે તમારે વાસ્તવિક દેખાવું પડે. તમારે લોકોને વિશ્વાસ અપાવવો પડશે કે તે તમારામાંની એક છોકરી છે. આ ઉપરાંત, 'લાલ સિંહ ચઢ્ઢા'નું પાત્ર મારા માટે ખૂબ જ પડકારજનક હતું. તેમાં, મારે ૨૦ વર્ષથી ૪૦ વર્ષ અને પછી ૬૦ વર્ષની મહિલા જેવું દેખાવું હતું, તેથી ૬૦ વર્ષની ઉંમર સુધી, હું મારા માતાપિતા તરફ જોઈ રહી હતી. હું તેમની બોડી લેંગ્વેજ જોઈ રહી હતી, કારણ કે બોલવાની, ચાલવાની રીત બદલાય છે, બધું ધીમું થઈ જાય છે. પછી, મારે મારું વજન પણ ઘણું વધારવું કે ઘટાડવું પડ્યું જેથી હું ૨૦ વર્ષની ઉંમરે પાતળી, ૪૦ વર્ષની ઉંમરે થોડી મજબૂત, પછી ૬૦ વર્ષની ઉંમરે ખૂબ જ નબળી અને બીમાર રહી, તેથી તે શારીરિક રીતે પણ ખૂબ જ મુશ્કેલ ભૂમિકા હતી.'

**મારું વર્ષોથી રેસ્ટોરન્ટ ખોલવાનું સ્વપ્ન હતું**

તાજેતરમાં મોનાએ રેસ્ટોરન્ટ ખોલીને ફૂડ બિઝનેસ તરફ વળ્યા છે. તે આ તરફ કેવી રીતે ઝુકાવ પામી? તે કહે છે, 'હું ઘણા વર્ષોથી તેના વિશે વિચારી રહી હતી, કારણ કે અમારા પંજાબી ઘરોમાં, જાગતાની સાથે જ અમે ખોરાક વિશે વાત કરીએ છીએ. અમે બધા ખોરાકના ખૂબ શોખીન છીએ. અમને રસોઈ બનાવવી, ભોજન પીરસવું, પાર્ટીઓ કરવી ગમે છે, તેથી હું હંમેશા ઈચ્છતી હતી કે મારું પોતાનું એક નાનું કાફે હોય. તેમાં સંગીત હોવું જોઈએ, એક પુસ્તકાલય હોવું જોઈએ, પછી તે કાફેમાંથી રેસ્ટોરન્ટમાં ફેરવાઈ ગયું અને સદભાગ્યે આ વર્ષે આ સ્વપ્ન સાકાર થયું. અમે તેમાં ભારતીય ખોરાક રાખ્યો છે, જે ક્યારેય ફેશનની બહાર નહીં જાય. આ સાથે, અમે બાળપણમાં ખાતા ખોરાકની એક યાદી બનાવવાનો પ્રયાસ કર્યો છે, જ્યારે પપ્પા સેનામાં હતા, ત્યારે તેમને દાર્જિલિંગના મોમોઝ, હિમાચલના સિદુ અને આવી વસ્તુઓ રાખવામાં આવી છે.'

**સંબંધમાં પતિ અને પત્ની બંનેની સમાન ભાગીદારી**

પોતાના જીવનમાં પતિ શ્યામ રાજગોપાલનની ભૂમિકા અને ટેકો અંગેના પ્રશ્ન પર, મોનાએ કહ્યું, 'એ ખૂબ જ મહત્વપૂર્ણ છે કે તમે જે જીવનસાથી પસંદ કરો છો તે સંબંધમાં એટલું જ પાણી રેડે જેટલું તમે રેડી રહ્યા છો. આ રીતે તમારો સંબંધ આગળ વધે છે. તમે સાથે વિકાસ કરો છો, તેથી અમે એકબીજા માટે તે કરીએ છીએ. ખૂબ જ સારી ભાગીદારી, મિત્રતા, સમજણ, એકતા, મને બીજું શું જોઈએ છે. મને શ્યામ તરફથી ઘણો ટેકો મળે છે અને હું પણ તેને એટલો જ ટેકો આપું છું. એવું નથી કે તે મને બદલવાનું કહે છે અથવા હું તેને બદલવાનું કહું છું. અમે એકબીજાને આપણા જેવા છીએ તે રીતે પ્રેમ કરીએ છીએ.'

બીજી ટેસ્ટના બીજા દિવસે ભારત પ્રથમ ઇનિંગમાં ૫૮૭ રનમાં આઉટ

# કેપ્ટન ગિલના ૨૬૯, યશસ્વી અને જાડેજાની અડધી સદી: ઈંગ્લેન્ડના બે બેટ્સમેન શૂન્ય રને આઉટ

## ફાસ્ટ બોલર આકાશદીપ ટેસ્ટે કારકિર્દીમાં હેટ્રિક ચૂક્યો





બર્મિંગહામ, તા.૩

ભારતનો પહેલો દાવ ઈંગ્લેન્ડ સામેની બીજી ટેસ્ટ મેચના બીજા દિવસે ૫૮૭ રનમાં સમેટાયો હતો. ભારત તરફથી કેપ્ટન શુભમન ગિલે શાનદાર પ્રદર્શન કરી ૨૬૯ રન બનાવ્યા. ગિલ ઉપરાંત, રવિન્દ્ર જાડેજા અને ઓપનર યશસ્વી જયસ્વાલે અડધી સદી ફટકારી, જેના કારણે ભારતે ઈંગ્લેન્ડ સામે મોટો સ્કોર બનાવ્યો. ઈંગ્લેન્ડ તરફથી શોએબ બશીરે ત્રણ અને ક્રિસ વોક્સ અને જોશ ટોંગે બે-બે વિકેટ લીધી. બ્રાયડન કાર્સ, બેન સ્ટોક્સ અને જો રૂટને એક-એક વિકેટ મળી. ભારતે બીજા દિવસે પાંચ વિકેટ માટે ૩૧૦ રનથી ઈનિંગ આગળ વધારી. ગિલ અને જાડેજાએ ભારત માટે શાનદાર બેટિંગ કરી અને છઠ્ઠી વિકેટ માટે ૨૦૩ રન ઉમેર્યા. ટોંગે જાડેજાને આઉટ કરીને આ ભાગીદારી તોડી. જાડેજા ૮૯ રન બનાવીને પેવેલિયન પરત ફર્યો. ગિલે વોશિંગ્ટન સુંદર સાથે ઈનિંગ આગળ ધપાવી અને તેની કારકિર્દીની પહેલી બેવડી સદી ફટકારી. ચાના વિરામ પહેલાભારતને સુંદરના રૂપમાં સાતમો ઝટકો લાગ્યો. સુંદર ૪૨ રન બનાવીને આઉટ થયો. ચાના વિરામ પછી, ગિલ આઠમા બેટ્સમેન તરીકે આઉટ થયો. ગિલ આઉટ થયો ત્યારે ભારતનો સ્કોર ૫૭૪ રન હતો. ભારતે ૧૩ રનના અંતરાલમાં તેની વધુ બે વિકેટ ગુમાવી દીધી. ભારત માટે, આકાશ દીપ છ રન બનાવીને અને મોહમ્મદ સિરાજ આઠ રન બનાવીને આઉટ થયા. પ્રસિદ્ધ કૃષ્ણા પાંચ રન બનાવીને અણનમ રહ્યા. ઈંગ્લેન્ડના પ્રથમદાવની ખરાબ શરૂઆત થઇ હતી. આકાશ દીપની એક જ ઓવરમાં બેન ડકેચ અને ઓલી પોપ શૂન્ય રને આઉટ થયા હતા.

વીડિયો વાયરલ થતા ફેન્સ ભડક્યા

# શુભમન ગિલની વિકેટ લેવા માટે ઈંગ્લેન્ડના બોલરે બેઈમાની કરી





બર્મિંગહામ, તા.૩

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે બર્મિંગહામના એજબેસ્ટન ક્રિકેટ ગ્રાઉન્ડ પર બીજી ટેસ્ટ રમાઈ રહી છે. પહેલા દિવસે શુભમન ગિલે શાનદાર સદી ફટકારી હતી, તે પહેલા યશસ્વી જયસ્વાલ (૮૭) એ પણ સારી શરૂઆત આપી હતી પરંતુ તે પોતાની ઈનિંગ્સને સદીમાં ફેરવી શક્યો ન હતો. ઈંગ્લેન્ડના બોલર બ્રાઇડન કાર્સે ગિલને આઉટ કરવા માટે એક હલકુ કૃત્ય કર્યું હતું. પરંતુ ગિલે તેની બેઈમાની પકડી લીધી હતી.ગિલ પહેલા સત્રમાં જ બેટિંગ કરવા આવ્યો હતો, બ્રાઇડન કાર્સે બેઈમાની કરી હતી.આ ૩૪મી ઓવર છે, બ્રાઇડન કાર્સ બોલ ફેંકવા આવી રહ્યો હતો અને શુભમન ગિલ બેટિંગ કરી રહ્યો હતો. પરંતુ રન-અપ દરમિયાન, તેણે ડાબી આંગળીથી બીજી દિશામાં ઈશારો કર્યો. આ કદાચ બેટ્સમેનનું ધ્યાન ભટકાવવા માટે હતું, રસેલે આઈપીએલ ૨૦૧૪ માં શેન વોટસન સાથે આવું જ કંઈક કર્યું હતું. જોકે, ગિલે કાર્સની આ બેઈમાની પકડી, તેણે બોલને રમ્યો નહીં અને બોલ ફેંકાતા પહેલા પાછળ હટી ગયો. . વિડિઓમાં, તમે જોઈ શકો છો કે કાર્સે તેને આઉટ કરવા માટે કેવી રીતે સસ્તી યુક્તિનો આશરો લેવાનો પ્રયાસ કર્યો.

વિમ્બલ્ડન ૨૦૨૫માં ભારતીય ચાહકો માટે બુધવારનો દિવસ નિરાશાજનક રહ્યો

# બોપન્ના અને ગિલ આઉટ : યુકી ભામ્બરી ગેલોવે ડબલ્સના બીજા રાઉન્ડમાં પહોંચ્યા




લંડન,તા.૩

વિમ્બલ્ડન ૨૦૨૫માં ભારતીય ચાહકો માટે બુધવારનો દિવસ ખૂબ જ નિરાશાજનક રહ્યો. બુધવારે શરૂઆતના રાઉન્ડમાં હાર્યા બાદ અનુભવી રોહન બોપન્ના અને તેના સાથી સેન્ડર ગિલ મેન્સ ડબલ્સ ઈવેન્ટમાંથી બહાર ફેંકાઈ ગયા. રોહન બોપન્ના અને સેન્ડર ગિલની જોડી ત્રીજા ક્રમાંકિત જર્મન જોડી કેવિન ક્રાવિટ્ઝ અને ટિમ પ એટ્ઝ સામે એક કલાક અને ચાર મિનિટમાં ૩-૬, ૪-૬થી હારી ગયા બાદ ટુર્નામેન્ટમાંથી બહાર ફેંકાઈ ગઈ. ૨૦૨૫માં બોપન્નાનું પ્રદર્શન મિશ્ર રહ્યું છે. તે અને તેના સાથી એડમ પાવલાસેક ફ્રેન્ચ ઓપનના ત્રીજા રાઉન્ડમાં પહોંચ્યા, પરંતુ બહાર થઈ ગયા. તેણે ઝાંગ શુઆઈ સાથે ઓસ્ટ્રેલિયન ઓપન મિક્સ ડબલ્સના ક્વાર્ટર ફાઈનલમાં પણ જગ્યા બનાવી. ભારતના અન્ય ડબલ્સ સ્ટાર યુકી ભાંબરી અને તેના અમેરિકન પ ાર્ટનર રોબર્ટ ગેલોવેએ ફ્રાન્સના મેન્યુઅલ ગિનાર્ડ અને મોનાકોના રોમેન આર્નેઓડોને સીધા સેટમાં હરાવીને વિમ્બલ્ડન મેન્સ ડબલ્સ સ્પર્ધાના બીજા રાઉન્ડમાં પ્રવેશ કર્યો. ૧૬મી ક્રમાંકિત ભારતીય-અમેરિકન જોડીએ એક કલાક અને ૪૯ મિનિટ ચાલેલા પ્રથમ રાઉન્ડના મુકાબલામાં આર્નેઓડો અને ગિનાર્ડને ૭-૬(૮), ૬-૪થી હરાવ્યા. ભાંબરી સમગ્ર રમત દરમિયાન શાર્પ દેખાતો હતો અને ગેલોવે સાથે સંપૂર્ણ સુમેળમાં હતો કારણ કે આ જોડીએ શરૂઆતથી જ લીડ મેળવી હતી. ભામ્બ્રી અને તેના સાથી પાસે તેમના વિરોધીઓની સર્વિસ તોડવા અને પહેલો સેટ ૭-૫થી જીતવાની તક હતી, પરંતુ એક સમયે બે સેટ પોઈન્ટ હોવા છતાં તેઓ આમ કરવામાં નિષ્ફળ રહ્યા. જોકે, તેણે કોઈ ભૂલ ન કરી અને પહેલો સેટ જીતી લીધો. બીજા સેટમાં ગિનાર્ડને ઈજા થઈ અને તે પીઠ અને ગરદન પકડીને જમીન પર પડી ગયો, પરંતુ તેણે લડવાનું ચાલુ રાખ્યું. ભામ્બ્રી-ગેલોવે તેમની યોજના પર અડગ રહ્યા અને જીત સાથે અંત આવ્યો. ભાંબરી રમત દરમિયાન શાર્પ દેખાતો હતો અને ગેલોવે સાથે સંપૂર્ણ સુમેળમાં હતો કારણ કે આ જોડીએ શરૂઆતથી જ લીડ મેળવી હતી.

પાકિસ્તાનની ટીમ જુનિયર હોકી વર્લ્ડકપ અને એશિયા કપ રમવા માટે ભારત આવશે

# પાકિસ્તાન ટીમને ભારતમાં રમવા માટે ગૃહ મંત્રાલયની બે ટુનર્મિેન્ટમાં રમવા લીલીઝંડી

## પહેલગામમાં ભારતીય પ્રવાસીઓ પર હુમલા બાદ બંને દેશોએ રએકબીજાથી દૂરી બનાવી લીધી હતી



નવી દિલ્હી,તા.૩

પાકિસ્તાન ટીમ માટે મોટા સારા સમાચાર આવ્યા છે. પડોશી દેશની હોકી ટીમને ભારતમાં રમવાની પરવાનગી મળી ગઈ છે. પાકિસ્તાનની ટીમ જુનિયર હોકી વર્લ્ડ કપ અને એશિયા કપ રમવા માટે ભારત આવશે. પાકિસ્તાનને ગૃહ મંત્રાલય અને વિદેશ મંત્રાલય તરફથી ભારત આવવા માટે લીલી ઝંડી પણ મળી ગઈ છે. જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં ભારતીય પ્રવાસીઓ પર થયેલા હુમલા બાદ બંને દેશોએ રમતગમતના મેદાનમાં પણ એકબીજાથી દૂરી બનાવી લીધી હતી. પાકિસ્તાન હોકી ટીમને ભારત આવવાની પરવાનગી મળી ગઈ છે. પડોશી દેશની ટીમ એશિયા કપ અને જુનિયર હોકી વર્લ્ડ કપ માં ભાગ લેવા માટે ભારત આવશે. રમતગમત મંત્રાલયના એક સૂત્ર દ્વારા આ માહિતી આપવામાં આવી છે. સૂત્રએ જણાવ્યું હતું કે, "અમે ભારતની અંદર કોઈપણ આંતરરાષ્ટ્રીય ટુર્નામેન્ટમાં રમનારી કોઈપણ ટીમની વિરુદ્ધમાં નથી. જોકે, ભારત અને પાકિસ્તાન વચ્ચે દ્વિપક્ષીય શ્રેણી એક અલગ બાબત છે. એશિયા કપ ૨૭ ઓગસ્ટથી બિહારના રાજગીરમાં શરૂ થવાનો છે, જેની અંતિમ મેચ ૭ સપ્ટેમ્બરે રમવાની છે. સૂત્રએ વધુમાં જણાવ્યું હતું કે ઓપરેશન સિંદૂરને કારણે એશિયા કપમાં પાકિસ્તાનની ભાગીદારી અંગે શંકા હતી. તેમણે કહ્યું કે પાકિસ્તાનની હોકી ટીમને નવેમ્બર અને ડિસેમ્બરમાં યોજાનારા જુનિયર વર્લ્ડ કપમાં ભાગ લેવાની પણ મંજૂરી આપવામાં આવશે. હોકી ઈન્ડિયાના સચિવે પહેલાથી જ સ્પષ્ટ કરી દીધું છે કે તેઓ ફક્ત સરકાર તરફથી મળેલા આદેશોનું પ ાલન કરશે. તાજેતરમાં, તેમણે એક નિવેદન આપીને કહ્યું હતું કે સરકાર જે પણ નિર્ણય લેશે તે અમારો નિર્ણય હશે. આ નિર્ણય પછી, એવું માનવામાં આવે છે કે ભારત અને પ ાકિસ્તાન વચ્ચે ક્રિકેટના મેદાન પર પણ ટક્કર જોવા મળી શકે છે. આ વર્ષે એશિયા કપનું આયોજન થવાનું છે, જેમાં આ બંને ટીમો એકબીજા સામે રમતી જોઈ શકાશે.

ઈંગ્લેન્ડમાં વૈભવ સૂર્યવંશીનું તોફાન : ૯ છગ્ગા, ૬ ચોગ્ગા સાથે ૮૬ રન બનાવ્યા

# ત્રીજી વનડેમાં ભારતની યુવા ટીમે ઈંગ્લેન્ડને ૪ વિકેટથી હરાવી શ્રેણીમાં ૨-૧ની લીડ મેળવી




લંડન,તા.૩

ભારતની અંડર-૧૯ ટીમ ઈંગ્લેન્ડની અંડર-૧૯ ટીમ સામે ૫ મેચની વનડે શ્રેણી પણ રમી રહી છે. બંને ટીમો વચ્ચે ત્રીજી વનડે મેચ ૨ જુલાઈ, બુધવારના રોજ નોર્થમ્પ્ટનમાં રમાઈ હતી. જેમાં ભારતની યુવા ટીમે ઈંગ્લેન્ડને ૪ વિકેટથી હરાવીને શ્રેણીમાં ૨-૧ની લીડ મેળવી હતી. ભારતે ૪૦ ઓવરમાં ૬ વિકેટ ગુમાવીને ૨૬૯ રનનો લક્ષ્યાંક ૩૪.૩ ઓવરમાં હાંસલ કર્યો. મેચમાં, ૧૪ વર્ષીય વૈભવ સૂર્યવંશીએ ૨૭૭ ના સ્ટ્રાઈક રેટ સાથે ૩૧ બોલમાં ૮૬ રનની ધમાકેદાર ઈનિંગ રમી, જેમાં ૬ ચોગ્ગા અને ૯ છગ્ગાનો સમાવેશ થાય છે. તે અંડર-૧૯ વનડે ઈતિહાસમાં અડધી સદી ફટકારનાર બીજો સૌથી ઝડપી ભારતીય બેટ્સમેન બન્યો. તેણે માત્ર ૨૦ બોલમાં આ સિદ્ધિ મેળવી. જ્યારે નંબર વન હજુ પણ રિષભ પંત છે, જેણે ૨૦૧૬ માં નેપાળ સામે ૧૮ બોલમાં ૫૦ રન બનાવ્યા હતા. જોકે, અંડર-૧૯ માં સૌથી ઝડપી અડધી સદીનો રેકોર્ડ દક્ષિણ આફ્રિકાના સ્ટીવ સ્ટોક્સના નામે છે, જેણે ગયા વર્ષે જાન્યુઆરીમાં સ્કોટલેન્ડ સામે ૧૩ બોલમાં અડધી સદી ફટકારી હતી. વૈભવ સૂર્યવંશીએ ભારતીય અંડર-૧૯ બેટ્સમેન દ્વારા એક ઈનિંગમાં સૌથી વધુ છગ્ગા ફટકારવાનો રેકોર્ડ પણ તોડ્યો. એક ઈનિંગમાં ૯ છગ્ગા ફટકારવા સાથે, વૈભવ હવે સૌથી વધુ છગ્ગા મારનાર ભારતીય બેટ્સમેન બની ગયો છે. આ પહેલા આ રેકોર્ડ મનદીપ સિંહના નામે હતો, વૈભવનું બેટ શ્રેણીમાં સારું પ્રદર્શન કરી રહ્યું છે.

સ્પેનના ઝામોરા પ્રાંતમાં જોટા અને તેના ભાઈનો કાર અકસ્માત થયો હતો : ફૂટબોલરના ભાઇનું પણ મોત

# પોર્ટુગલના ફૂટબોલર જોટાનું અકસ્માતમાં મોત

## ૨૨ જૂને લગ્ન કર્યા હતા :પોર્ટુગીઝ ફૂટબોલરના મૃત્યુથી સમગ્ર વિશ્વ ફૂટબોલમાં શોકની લહેર ફેલાઈ



નવી દિલ્હી,તા.૩

લિવરપૂલના ફૂટબોલ ખેલાડી ડિઓગો જોટાનું કાર અકસ્માતમાં મૃત્યુ થયું. આ ફોરવર્ડ ખેલાડી પ ોર્ટુગલ રાષ્ટ્રીય ટીમમાં ક્રિસ્ટિયાનો રોનાલ્ડોનો સાથી પણ હતો. તેણે તાજેતરમાં જ દેશની જર્સીમાં યુઈએફએ નેશન્સ લીગ જીતી હતી. ગુરુવારે સવારે સ્પેનના ઝામોરા પ્રાંતમાં જોટા અને તેના ભાઈનો કાર અકસ્માત થયો હતો. માર્કાએ અહેવાલ આપ્યો કે અકસ્માતમાં બે લોકોના મોત થયા છે. આ લિવરપૂલ ફૂટબોલરે ગયા મહિને ૨૨ જૂને લગ્ન કર્યા હતા. સ્વાભાવિક રીતે, પોર્ટુગીઝ ફૂટબોલરના મૃ ત્યુથી સમગ્ર વિશ્વ ફૂટબોલમાં શોકની લહેર ફેલાઈ ગઈ છે. આ અકસ્માતમાં જોટાના ભાઈ, ૨૬ વર્ષીય આન્દ્રે સિલ્વાનું પણ મૃત્યુ થયું. તે એક વ્યાવસાયિક ફૂટબોલર પણ હતો. તે પોર્ટુગીઝ સેકન્ડ ડિવિઝન ક્લબ પેનાફિએલ માટે રમ્યો હતો. બીબીસીએ અહેવાલ આપ્યો છે કે આજે ઝામોરા પ્રાંતમાં આ અકસ્માત થયો હતો જ્યારે બે લોકોને લઈ જતી કારના ટાયર અચાનક ફાટી ગયા હતા. ટાયર ફાટ્યું અને કાર રસ્તાની બાજુમાં કોઈ વસ્તુ સાથે અથડાઈ. પછી તેમાં આગ લાગી. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, કાર આગમાં લપ ેટાઈ ગઈ હતી. લિવરપૂલે ૨૦૨૦ માં વોલ્વરહેમ્પ્ટનથી જોટાને મોટા પૈસાના સોદામાં કરારબદ્ધ કર્યો. તે તેના મૃત્યુ સુધી તે ક્લબ માટે ફૂટબોલર હતો. જોટા 'ધ રેડ્સ' માટે ઈંગ્લિશ પ્રીમિયર લીગ (૨૦૨૪-૨૫), એફએ કપ (૨૦૨૨) અને બે લીગ કપ (૨૦૨૨, ૨૦૨૪) જીતનાર ટીમનો સભ્ય હતો. જોટાએ લિવરપૂલ માટે બધી સ્પર્ધાઓમાં ૧૮૨ મેચોમાં ૬૫ ગોલ અને ૨૮ આસિસ્ટ કર્યા છે. પોર્ટુગીઝ ફૂટબોલર તાજેતરના સમયમાં મોહમ્મદ સલાહ સાથે લિવરપૂલના હુમલામાં એક હથિયાર રહ્યો છે. જોટાના મૃત્યુ સાથે એવું લાગ્યું કે જાણે એનફિલ્ડના આકાશમાંથી કોઈ તારો ખરી પડ્યો હોય. જોટા તેની કારકિર્દીના શરૂઆતના દિવસોમાં સ્પેનિશ જાયન્ટ ક્લબ એટલેટિકો મેડ્રિડ માટે પણ રમ્યો હતો. ૧૮ વર્ષીય જોટા ક્લબ ફૂટબોલની સાથે રાષ્ટ્રીય ટીમમાં પણ એટલી જ તેજસ્વી હતી. તેણે પોર્ટુગલ માટે ૪૯ મેચમાં ૧૪ ગોલ કર્યા છે. ગયા મહિને સ્પેનને હરાવીને દેશનું બીજું નેશન્સ લીગ ટાઇટલ જીતનાર ટીમનો મુખ્ય સભ્ય જોટા હતો. યુરોપિયન ફૂટબોલ સમુદાયે ટ્વિટર પર પોસ્ટ કર્યું: "પોર્ટુગલના આંતરરાષ્ટ્રીય અને લિવરપૂલ એફસી ફોરવર્ડ ડિઓગો જોટા અને તેમના ભાઈ આન્દ્રે સિલ્વાના દુઃખદ અવસાન વિશે જાણીને અમને ખૂબ જ દુઃખ થયું છે.

અજબ ગજબ

છત્તીસગઢનું શિમલા કહેવાતા મૈનપાટમાં ચોમાસું આવતાની સાથે જ નજારો રમણીય બની જાય છે

# ચમત્કાર કે વિજ્ઞાન? જ્યાં લોકો પગ મૂકતાની સાથે જ હવામાં કૂદવાનું શરૂ કરે છે






મૈનપાટને છત્તીસગઢનું શિમલા કહેવામાં આવે છે. ચોમાસુ આવતાની સાથે જ અહીંનો નજારો રમણીય બની જાય છે. આ જ કારણ છે કે લોકો વરસાદની ઋતુમાં મૈનપાટની મુલાકાત લેવા આવે છે અને અહીંની સુંદર ખીણો સાથે થોડો સમય વિતાવે છે. અહીં પ્રવાસીઓ માટે એક સારું પર્યટન સ્થળ છે. આજે અમે તમને આવા જ એક પર્યટન સ્થળ વિશે જણાવવા જઈ રહ્યા છીએ, જે મૈનપાટની કળણવાળી ભૂમિ છે, જેને જલજલી પણ કહેવામાં આવે છે. તે એક અનોખી જગ્યા છે જ્યાં જમીન કૂદી પડે છે. સુરગુજા વિભાગના મુખ્ય મથક અંબિકાપુરથી ૪૫ કિમી દૂર એક ઊંચા પર્વત પર સ્થિત મૈનપાટની કળણવાળી ભૂમિમાં જમીન ગાદલાની જેમ કૂદી પડે છે. એવું લાગે છે કે તે કૂદકા મારતી ભૂમિ છે, કળણવાળી ભૂમિ પર પગ મૂકતાની સાથે જ જમીન સ્પોન્જની જેમ ડૂબવા લાગે છે. પ્રવાસીઓ આ ભૂમિ પર ખૂબ કૂદી પડે છે અને આનંદ માણે છે.આવી સ્થિતિમાં, જિલ્લાના મૈનપાટમાં કુદરતના ઘણા રહસ્યો છુપાયેલા છે. અહીંનો કળણવાળો વિસ્તાર ફક્ત પ્રવાસીઓને આકર્ષે છે જ નહીં પ રંતુ વૈજ્ઞાનિકો માટે સંશોધનનો વિષય પણ છે. જ્યારે તમે તેના પર પગ મુકો છો ત્યારે અહીંની જમીન ડૂબી જાય છે અને લોકો ઉપર કૂદી પડે છે. આ જ કારણ છે કે દેશ-વિદેશના પ્રવાસીઓ અહીં જલજલીના ઉછળતા મેદાનને જોવા માટે આવે છે અને સ્પોન્જી મેદાનમાં ખૂબ આનંદ માણે છે. લોકો અહીં ઉછળતા મેદાન અને અદ્ભુત રહસ્ય જોવા માટે આવે છે, પરંતુ આજ સુધી કોઈ વૈજ્ઞાનિકે આ જમીન કેવી રીતે ઉછળતી હશે તેના પર સંશોધન કર્યું નથી.વરસાદમાં મેદાન કાદવથી ઢંકાયેલું છે અને પ્રવાસીઓ આ મેદાન પર આનંદ માણતા જોવા મળે છે. જ્યારે લોકલ ૧૮ એ અન્ય રાજ્યોના પ્રવાસીઓ સાથે વાત કરી, .કુમાર કહે છે કે તે ઘણા દિવસોથી આ સાંભળતો હતો, યુટ્યુબ પર જોતો હતો, મોબાઈલ પર કેટલીક જગ્યાએ તે દેખાતું હતું. અહીં કંપન છે. જમીન કળણવાળી છે, જો લોકો અહીં આવીને એક કે બે વાર આ રીતે કૂદી પડે છે, તો ખૂબ કંપન થાય છે, કારણ કે આ જોવાલાયક સ્થળ છે, આ કારણે કુમાર બિહારથી તેને જોવા આવ્યો હતો,મેં યુટ્યુબ પર જે જોયું તે મૈનપટમાં જોવા મળ્યું. મેં યુટ્યુબ પર કળણવાળી જમીનનું કંપન જોયું હતું. જ્યારે હું રૂબરૂ કળણવાળી જમીન પર પહોંચ્યો ત્યારે મને અનેક ગણું વધુ કંપન લાગ્યું પણ જ્યારે હું અહીં આવ્યો ત્યારે મને લાગ્યું કે ના, વાસ્તવિકતા અહીં છે, તેથી કંપન ખૂબ વધારે છે, બિહારના પ્રવાસીઓને દલદલી આવવાનો ખરેખર આનંદ આવ્યો. તેમણે સાંભળ્યું હતું તેના કરતાં પણ વધુ આનંદ થયો. તેઓ ઘણા ગણા ખુશ હતા. તે એક સારું પર્યટન સ્થળ છે. પ્રવાસીએ શું કહ્યું તે જાણો, તેમણે કહ્યું કે તેમાં થોડું કૂદકો મારવાથી કે ચાલવાથી, આખા જળાશય અને કળણવાળો વિસ્તાર જે ખૂબ કૂદકો મારે છે, તે જોવા માટે એક સ્થળ છે, લોકો આવે છે, તે સારું છે, મને પણ તે જોવાનું ગમ્યું, મેં તેને મોબાઈલ પર જોઈને માહિતી મેળવી.

### દેશના ૮ મુખ્ય શહેરોમાં ૧.૭ લાખ ઘરોનું વેચાણ

# NCR એ અલ્ટ્રા લક્ઝરી સેગમેન્ટમાં મુંબઈને પાછળ છોડ્યું

## કુલ ઘર વેચાણમાંથી ૪૯ ટકા ૧ કરોડ રૂપિયા અને તેનાથી વધુ કિંમતના હતા, જ્યારે ૫૧ ટકા ઘર ૧ કરોડ રૂપિયાથી ઓછી કિંમતના



નવી દિલ્હી, તા.૩

વર્ષ ૨૦૨૫ ના પ્રથમ ૬ મહિનામાં, દેશના ટોચના ૮ શહેરોમાં કુલ ૧,૭૦,૨૦૧ ઘરોનું વેચાણ થયું, જે ગયા વર્ષના પ્રથમ છ મહિના કરતા ૨ ટકા ઓછું છે. નાઈટ ફ્રેંક ઈન્ડિયાના તાજેતરના અહેવાલમાં આ માહિતી પ્રકાશમાં આવી છે. જોકે, તાજેતરના આંકડા સતત ખરીદી દર્શાવે છે. આ સમયગાળા દરમિયાન, મુંબઈમાં સૌથી વધુ ૪૭,૦૭૫ ઘરો વેચાયા, ત્યારબાદ દિલ્હી-NCRમાં ૨૬,૭૯૫ અને બેંગલુરુમાં ૨૬,૫૯૯ ઘરો વેચાયા. પ્રથમ છ મહિનામાં પ્રીમિયમ સેગમેન્ટના ઘરોનું વેચાણ મજબૂત રહ્યું, જેમાં રૂ. ૧ કરોડથી વધુ કિંમતના ઘરોમાં વાર્ષિક ધોરણે ૧૭% નો વધારો નોંધાયો.કુલ ઘર વેચાણમાંથી ૪૯ ટકા ઘર ૧ કરોડ રૂપિયા અને તેનાથી વધુ કિંમતના હતા, જ્યારે ૫૧ ટકા ઘર ૧ કરોડ રૂપિયાથી ઓછી કિંમતના હતા.કુલ ઘર વેચાણમાંથી ૪૯ ટકા ઘર ૧ કરોડ રૂપિયા અને તેનાથી વધુ કિંમતના હતા, જ્યારે ૫૧ ટકા ઘર ૧ કરોડ રૂપિયાથી ઓછી કિંમતના હતા.

અહેવાલ મુજબ, એકમોની સંખ્યાની દ્રષ્ટિએ મુંબઈ સૌથી મોટું હાઉસિંગ બજાર રહ્યું, જેમાં વેચાણ વાર્ષિક ધોરણે સ્થિર રહ્યું. જ્યારે, દ્રાઈમાં ૮% નો ઘટાડો નોંધાયો છે. કોલકાતામાં ઘરોના વેચાણમાં ૧૧% નો ઘટાડો થયો છે. જ્યારે ચેન્નાઈ, ૧૨% ના વધારા સાથે, એકમાત્ર શહેર હતું જ્યાં વેચાણમાં મોટો ઉછાળો જોવા મળ્યો છે. તે જ સમયે, અમદાવાદમાં ૯૩૭૦ ઘરો વેચાયા હતા, જે ગયા વર્ષની સરખામણીમાં લગભગ સ્થિર રહ્યા. નાઈટ ફ્રેન્કના ડેટા દર્શાવે છે કે કુલ ઘર વેચાણમાંથી ૪૯ ટકા ઘર ૧ કરોડ રૂપિયા અને તેનાથી વધુ કિંમતના હતા, જ્યારે ૫૧ ટકા ઘર ૧ કરોડ રૂપિયાથી ઓછી કિંમતના હતા.

નાઈટ ફ્રેંક ઈન્ડિયા દ્વારા ૩ જુલાઈના રોજ બહાર પાડવામાં આવેલા એક અહેવાલમાં જણાવાયું છે કે ૧ થી ૫ કરોડ રૂપિયાની શ્રેણીમાં વેચાયેલા ઘરોની સૌથી વધુ સંખ્યા ૭૫,૦૪૨ હતી, ત્યારબાદ ૫૦ લાખ રૂપિયાથી ૧ કરોડ રૂપિયાની શ્રેણીમાં ૪૮,૯૭૨ ઘર અને ૫૦ લાખ રૂપિયાથી ઓછી કિંમતના ૩૭,૭૯૬ ઘર વેચાયા હતા. દ્રાઈએ અલ્ટ્રા-લક્ઝરી સેગમેન્ટમાં સૌથી વધુ વેચાણ નોંધાવ્યું હતું, જેમાં ૧૦ થી ૨૦ કરોડ રૂપિયાની શ્રેણીમાં ૧૦૫૫ ઘર અને ૫૦ કરોડ રૂપિયાથી વધુ કિંમતના ૧૫૮ ઘર હતા. એનસીઆરએ આ સેગમેન્ટમાં મુંબઈને પણ પાછળ છોડી દીધું. અહેવાલમાં જણાવાયું છે કે મુંબઈમાં ૨૦ થી ૫૦ કરોડ રૂપિયાની શ્રેણીમાં ૧૨૪ એકમો વેચાયા હતા. નાઈટ ફ્રેન્કના ડેટા દર્શાવે છે કે કુલ ઘર વેચાણમાંથી ૪૯ ટકા ઘર ૧ કરોડ રૂપિયા અને તેનાથી વધુ કિંમતના હતા, જ્યારે ૫૧ ટકા ઘર ૧ કરોડ રૂપિયાથી ઓછી કિંમતના હતા.

દિલ્હી-દ્રાઈમાં ૨૬,૭૯૫ અને બેંગલુરુમાં ૨૬,૫૯૯ ઘરો વેચાયા. પ્રથમ છ મહિનામાં પ્રીમિયમ સેગમેન્ટના ઘરોનું વેચાણ મજબૂત રહ્યું, જેમાં રૂ. ૧ કરોડથી વધુ કિંમતના ઘરોમાં વાર્ષિક ધોરણે ૧૭% નો વધારો નોંધાયો.

### મજબૂત સ્થાનિક માંગને કારણે અર્થતંત્રના વિકાસની ધારણા

# નાણાવર્ષ ૨૬માં ભારતની અર્થવ્યવસ્થા ૬.૪-૬.૭ ટકાના દરે વધવાની શક્યતા



નવી દિલ્હી, તા.૩

CIIના પ્રમુખ રાજીવ મેમાનીએ જણાવ્યું હતું કે, મજબૂત સ્થાનિક માંગને કારણે ભારતીય અર્થતંત્રમાં ૬.૪-૬.૭ ટકાનો વિકાસ થવાની ધારણા છે, જ્યારે ભૂ-રાજકીય અનિશ્ચિતતા નકારાત્મક જોખમો ઉભા કરે છે. CIIના પ્રમુખ પછી પત્રકાર પરિષદને સંબોધતા, મેમાનીએ અવલોકન કર્યું કે સારા ચોમાસાની આગાહી, રિઝર્વ બેંકના CRR ઘટાડાથી ઉદભવતી તરલતા અને વ્યાજ દરમાં ઘટાડો જેવા પરિબળો દેશના આર્થિક વિકાસને ટેકો આપશે.

ગયા મહિને, કેન્દ્રીય બેંકે કેશ રિઝર્વ રેશિયો (CRR)માં ૧૦૦ બેસિસ પોઈન્ટનો ઘટાડો કરવાની જાહેરાત કરી હતી, જેનાથી અર્થતંત્રના ઉત્પાદક ક્ષેત્રોને ધિરાણ આપવા માટે બેંકિંગ સિસ્ટમમાં રૂ. ૨.૫ લાખ કરોડની તરલતા ખુલશે. બેન્ચમાર્ક વ્યાજ દર ૫૦ બેસિસ પોઈન્ટ ઘટાડીને ૫.૫ ટકા કરવામાં આવ્યો હતો. અમે ૬.૪ થી ૬.૭ ટકાની રેન્જમાં (આર્થિક વૃદ્ધિ) અપેક્ષા રાખીએ છીએ, ભારત માટે CIIના કુલ સ્થાનિક વૃદ્ધિ (GDP) આગાહી અંગેના પ્રશ્નના જવાબમાં જણાવ્યું હતું. કેટલાક સ્પષ્ટ જોખમો હોવાનું અવલોકન કરતાં, તેમણે કહ્યું, આમાંના ઘણા બાહ્ય વેપાર જોખમ સાથે સંબંધિત છે. મને લાગે છે કે તેમાંના ઘણાને ધ્યાનમાં લેવામાં આવ્યા છે, અને કેટલાક ફાયદા પણ છે. તેથી આશા છે કે તેમને સંતુલિત કરવામાં આવશે. CIIના દ્રષ્ટિકોણથી અમે ૬.૪ થી ૬.૭ ટકા વૃદ્ધિ જોઈ રહ્યા છીએ. વૃદ્ધિ માટેના જોખમો સમાન રીતે સંતુલિત છે, અને ભૌગોલિક રાજકીય અનિશ્ચિતતા નકારાત્મક જોખમો ઉભા કરે છે જ્યારે મજબૂત સ્થાનિક માંગ એક ફાયદો છે.

### રિયલ્ટી અને બેંકિંગ શેર ૧% ઘટ્યા

# સેન્સેક્સ ૧૭૦ પોઈન્ટ ઘટીને ૮૩,૨૩૯ પર બંધ: નિફ્ટી પણ ૪૮ પોઈન્ટ ગગડ્યો



મુંબઈ, તા.૩

સેન્સેક્સ ૧૭૦ પોઈન્ટ ઘટીને ૮૩,૨૩૯ પર બંધ થયો. નિફ્ટી પણ ૪૮ પોઈન્ટ ઘટીને ૨૫,૪૦૫ પર બંધ થયો. સેન્સેક્સના ૩૦ શેરોમાંથી ૨૦ શેરો ઘટાડા સાથે બંધ થયા. કોટક મહિન્દ્રા બેંક, બજાજ ફિનસર્વ અને અદાણી પોર્ટ્સમાં ઘટાડો થયો. મારુતિ, ઈન્ફોસિસ અને એનટીપીસીમાં ખરીદી જોવા મળી. નિફ્ટીના ૫૦ શેરોમાંથી ૩૨ શેરોમાં ઘટાડો થયો અને ૧૭ શેરોમાં વધારો રહ્યો. જ્યારે એક શેરમાં પણ કોઈ ફેરફાર થયો નહીં. NSEના મેટલ, રિયલ્ટી અને સરકારી બેંકિંગ શેરોમાં ૧% સુધીનો ઘટાડો થયો. મીડિયા, FMCG, ઓટો અને ફાર્મા શેરોમાં વધારો થયો.

**નિફ્ટીના ૫૦ શેરોમાંથી ૩૨ શેરોમાં ઘટાડો થયો અને ૧૭ શેરોમાં વધારો**

એશિયન બજારોમાં જાપાનનો નિક્કી ૦.૦૭૫% ઘટીને ૩૯,૭૩૩ પર અને કોરિયાનો કોસ્પી ૦.૯૨% વધીને ૩,૧૦૩ પર ટ્રેડ કરી રહ્યો છે.હોંગકોંગનો હેંગ સેંગ ઈન્ડેક્સ ૧.૦૮% ઘટીને ૨૩,૯૯૧ પર અને ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ ૦.૦૭૪% વધીને ૩,૪૫૭ પર બંધ રહ્યો હતો.૨ જુલાઈના રોજ અમેરિકાનો ડાઉ જોન્સ ૦.૦૨૪% ઘટીને ૪૪,૪૮૪ પર બંધ થયો. દરમિયાન નાસ્ડેક કમ્પોઝિટ ૦.૯૪% ઘટીને ૨૦,૩૯૩ પર અને S&P ૫૦૦ ૦.૪૭% ઘટીને ૬,૨૨૭ પર બંધ થયો. ૨ જુલાઈના રોજ, વિદેશી રોકાણકારો (FII)એ રોકડ સેગમેન્ટમાં રૂ. ૩,૫૩૧.૭૯ કરોડના શેર વેચ્યા હતા. તે જ સમયે સ્થાનિક રોકાણકારો (DII) એ રૂ. ૩,૮૦૭.૭૯ કરોડના શેર ખરીદ્યા હતા.

જૂન મહિનામાં વિદેશી રોકાણકારો દ્વારા ચોખ્ખી ખરીદી રૂ. ૭,૪૮૮.૯૮ કરોડની રહી હતી. તે જ સમયે, સ્થાનિક રોકાણકારોએ ૫ ણ મહિનામાં રૂ. ૭૨,૬૭૩.૯૧ કરોડની ચોખ્ખી ખરીદી કરી હતી. મે મહિનામાં વિદેશી રોકાણકારો દ્વારા ચોખ્ખી ખરીદી રૂ. ૧૧,૭૭૩.૨૫ કરોડની રહી હતી. તે જ સમયે, સ્થાનિક રોકાણકારોએ પણ મહિનામાં રૂ. ૬૭,૬૪૨.૩૪ કરોડની ચોખ્ખી ખરીદી કરી હતી.ગઈકાલે શેરબજારમાં ૨૮૮ પોઈન્ટનો ઘટાડો થયો હતોસેન્સેક્સ ૨૮૮ પોઈન્ટ ઘટીને ૮૩,૪૧૦ પર બંધ થયો. નિફ્ટી પણ ૮૮ પોઈન્ટ ઘટીને ૨૫,૪૫૩ પર બંધ થયો હતો.

# જીવન વીમા કંપનીઓ જાગૃતિ અભિયાનમાં રૂ. ૪૫૦ કરોડનો ખર્ચ કરશે

મુંબઈ, તા.૩

વીમા કંપનીઓના પ્રવેશમાં ઘટાડા સામે ઝઝૂમી રહી છે, ત્યારે બુધવારે જીવન વીમા કંપનીઓએ ત્રણ વર્ષના મલ્ટીમીડિયા જાગૃતિ અભિયાન પર ઓછામાં ઓછા રૂ. ૪૫૦ કરોડ ખર્ચવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. વીમા જાગૃતિ સમિતિએ 'સબસે પહેલે જીવન વીમા' થીમ સાથે આ અભિયાન શરૂ કર્યું હતું, જેમાં તમામ જીવન વીમા કંપનીઓ પાસેથી તેમની પ્રીમિયમ આવકના આધારે યોગદાન લેવામાં આવશે. અમે દર વર્ષે ઓછામાં ઓછા રૂા. ૧૫૦-૧૬૦ કરોડ ખર્ચ કરીશું, અને ઓછામાં ઓછા ત્રણ વર્ષ સુધી આ ઝુંબેશ ચલાવવા માટે અમારી પ્રતિબદ્ધતાઓ છે," કાઉન્સિલના ચેરમેન કમલેશ રાવે અહીં પત્રકારોને જણાવ્યું. નોંધનીય છે કે છેલ્લા કેટલાક વર્ષોથી વીમાનો વ્યાપ ઘટ્યો છે, અને કંપનીઓ દ્વારા એકત્રિત કરાયેલ એકંદર પ્રીમિયમ નાણાકીય વર્ષ ૨૫માં જીડીપીના ૩.૨ ટકા રહ્યું છે જે નાણાકીય વર્ષ ૨૩માં ૪ ટકા અને નાણાકીય વર્ષ ૨૪માં ૩.૭ ટકા હતું. ભારત હજુ ઘૂસણખોરીના દૃષ્ટિકોણથી વિશ્વનું ૧૦મું સૌથી મોટું બજાર છે, પરંતુ નિયમનકાર ઈરડાઈના સભ્ય (જીવન) સ્વામીનાથન ઐયરે જણાવ્યું હતું કે આપણે હજી ઘણી લાંબી મજલ કાપવાની છે. તેમણે કહ્યું કે ૧૪૦ કરોડ લોકોમાંથી માત્ર ૩૬ કરોડ લોકો પાસે જ વીમા કવર છે, અને ઉમેર્યું કે મોટા શહેરોમાં સ્થળાંતર લોકોને નાણાકીય નબળાઈઓનો સામનો કરવો પડે છે, જેના કારણે વીમો જરૂરી બને છે.

### સર્વે મુજબ એક વર્ષના સમયગાળામાં ઉત્પાદન સ્તર માટેના અંદાજ અંગે આશાવાદ

# વ્યવસાયમાં તીવ્ર ઉછાળાને કારણે ભારતીય સેવા ક્ષેત્રનો વિકાસ ઉચ્ચતમ સ્તરને સ્પર્શ્યા

## ભારતીય સેવા ક્ષેત્રના સતત વિસ્તરણની ભરતી પર સકારાત્મક અસર પડી



નવી દિલ્હી, તા.૩

એક માસિક સર્વેક્ષણમાં જણાવાયું છે કે, આંતરરાષ્ટ્રીય વેચાણમાં મજબૂત વિસ્તરણ અને રોજગાર સર્જનને કારણે જૂન મહિનામાં ભારતીય સેવા ક્ષેત્રનો વિકાસ દસ મહિનાની ટોચે પહોંચ્યો હતો, જે સકારાત્મક માંગના વલણો અને વેચાણમાં સતત સુધારા વચ્ચે છે. નવા બિઝનેસ ઓર્ડરમાં તીવ્ર વધારાને કારણે, મોસમી રીતે સમાયોજિત HSBC ઈન્ડિયા સર્વિસીસ PMI બિઝનેસ એક્ટિવિટી ઈન્ડેક્સ મે મહિનામાં ૫૮.૮ થી વધીને જૂનમાં ૬૦.૪ થયો.પરચેઝિંગ મેનેજર્સ ઈન્ડેક્સ (PMI) ની ભાષામાં, ૫૦ થી ઉપરનો સ્કોર વિસ્તરણ દર્શાવે છે, જ્યારે ૫૦ થી નીચેનો સ્કોર સંકોચન દર્શાવે છે.

નવા સ્થાનિક ઓર્ડરમાં તીવ્ર વધારાને કારણે સર્વિસિસ પીએમઆઈ બિઝનેસ એક્ટિવિટી ઈન્ડેક્સ દસ મહિનાની ટોચે હતો. નવા નિકાસ ઓર્ડરમાં પણ વધારો થયો, જોકે તે નરમ ગતિએ થયો. માર્જિનમાં સુધારો થયો, કારણ કે ઈનપુટ ખર્ચમાં વધારો આઉટપુટ ચાર્જ કરતા ઓછો હતો, HSBCના ચીફ ઈન્ડિયા ઈકોનોમિસ્ટ પ્રાંજુલ ભંડારીએ જણાવ્યું હતું.

ઓગસ્ટ ૨૦૨૪ પછી નવા ઓર્ડર સૌથી ઝડપી દરે વધ્યા. સ્થાનિક બજારની સતત મજબૂતાઈ અને નવા નિકાસ વ્યવસાયમાં નોંધપાત્ર વધારાથી સેવા કંપનીઓને સૌથી વધુ ફાયદો થયો. પેનલના સભ્યોના મતે, ખાસ કરીને એશિયન, મધ્ય પૂર્વીય અને યુએસ બજારોમાંથી વિદેશી માંગમાં સુધારો થયો છે. ભારતીય સેવા ક્ષેત્રના સતત વિસ્તરણની ભરતી પર સકારાત્મક અસર પડી. જૂનમાં સતત ૩૭મા મહિને રોજગારમાં વધારો થયો, મે મહિનાના રેકોર્ડ કરતાં ધીમો હોવા છતાં રોજગાર વૃદ્ધિનો દર તેના લાંબા ગાળાના સરેરાશ કરતાં વધુ રહ્યો. ભાવ મોરચે સર્વેમાં જણાવાયું છે કે, ગ્રાહક સેવાઓ શ્રેણીમાં ખર્ચનું દબાણ સૌથી વધુ તીવ્ર હતું, જ્યારે આઉટપુટ ચાર્જમાં સૌથી ઝડપી વધારો ફાઈનાન્સ અને વીમા ક્ષેત્રમાં નોંધવામાં આવ્યો હતો. સર્વે મુજબ, એક વર્ષના સમયગાળામાં ઉત્પાદન સ્તર માટેના અંદાજ અંગે આશાવાદ જળવાઈ રહ્યો હતો, ૧૮ ટકા સેવા પ્રદાતાઓએ વૃદ્ધિની આગાહી કરી હતી. જોકે, ઉત્સાહિત કંપનીઓનો આ પ્રમાણ ૨૦૨૨ ના મધ્યભાગ પછી સૌથી નીચો હતો. તેથી, વિશ્વાસનું એકંદર સ્તર ઘટી ગયું અને તેની લાંબા ગાળાની સરેરાશથી નીચે હતું. સેવા પ્રદાતાઓ ભવિષ્યના વિકાસ અંગે આશાવાદી રહ્યા, જોકે તેમનો વિશ્વાસ થોડો ઓછો થયો. દરમિયાન, HSBC ઈન્ડિયા કમ્પોઝિટ PMI આઉટપુટ ઈન્ડેક્સ મે મહિનામાં ૫૯.૩ થી વધીને જૂનમાં ૬૧ થયો, જે ૧૪ મહિનામાં સૌથી ઝડપી વિસ્તરણ દર દર્શાવે છે.

### સંસ્થાકીય રોકાણ 33 ટકા ઘટીને $1.69 બિલિયન

# વિદેશી ભંડોળનો પ્રવાહ ઘટ્યો, રિયલ એસ્ટેટમાં સંસ્થાકીય રોકાણમાં ઘટાડો

નવી દિલ્હી, તા.૩

કોલિયર્સના અહેવાલ મુજબ, વૈશ્વિક અનિશ્ચિતતાઓ વચ્ચે, એપ્રિલ-જૂન ૨૦૨૫ દરમિયાન સંસ્થાકીય રોકાણ ૩૩ ટકા ઘટીને $1.69 બિલિયન થયું. વિદેશી રોકાણકારો સાવધ દેખાયા. તે જ સમયે, સ્થાનિક રોકાણકારોએ બજારમાં વિશ્વાસ વ્યક્ત કર્યો અને એપ્રિલ-જૂન ક્વાર્ટરમાં $642.8 મિલિયનનું રોકાણ કર્યું, જે ૩૨ ટકાનો વધારો દર્શાવે છે.

વૈશ્વિક રાજકીય અને આર્થિક અનિશ્ચિતતાઓને કારણે એપ્રિલ-જૂન ૨૦૨૫ દરમિયાન ભારતમાં રિયલ એસ્ટેટમાં સંસ્થાકીય રોકાણમાં ઘટાડો થયો છે. આનો અર્થ એ થયો કે દેશમાં રિયલ એસ્ટેટ ક્ષેત્ર (જેમ કે મોલ, ઓફિસ, હાઉસિંગ પ્રોજેક્ટ્સ વગેરે) માં મોટી નાણાકીય સંસ્થાઓ દ્વારા કરવામાં આવેલ રોકાણ પહેલા કરતા ઓછું થઈ ગયું છે. રિયલ એસ્ટેટ કન્સલ્ટન્ટ કોલિયર્સના એક અહેવાલમાં આ માહિતી આપવામાં આવી છે. એપ્રિલ-જૂન ૨૦૨૫ માં સંસ્થાકીય રોકાણ ૩૩ ટકા ઘટીને $1.69 બિલિયન થયું. ગયા વર્ષના સમાન સમયગાળામાં તે ૨.૫૩ બિલિયન હતું. આ ઘટાડાનું મુખ્ય કારણ વિદેશી ભંડોળમાં લગભગ ૫૦ ટકાનો ઘટાડો હતો, જે $2,046.8 મિલિયનથી ઘટીને $1,048.4 મિલિયન થયું.


I KUMARI Sujata W/O, Sunil Kumar Sinha R/o Quarter No. 1/3, Gujarat Refinery Township, PO: Jawaharnagar, Dist. Vadodara - 391320. Gujarat have changed my name to Sujata Kumari Sinha.


# આમોદમાં ઉભરાતી ગટરોની પાલિકા દ્વારા સફાઈ કામગીરી



ભરૂચ,તા.૩

આમોદના મારૂવાસ વિસ્તારમા છેલ્લા એક મહિનાથી ભુગર્ભ ગટરો ઉભરાવાની સમસ્યા બની હતી. જેથી સ્થાનિક મહિલાઓ આમોદ પાલિકા કચેરીમા મોરચો લઈ જઈ મુખ્ય અધિકારી પંકજ નાયકને ઉગ્ર રજુઆત કરી હતી. જેના સમાચાર પ્રસારીત થતાં આમોદ નગરપાલિકાના મુખ્ય અધિકારી દ્વારા ઉભરાતી ગટરોની સમસ્યાનું નિરાકરણ કરવા માટે તાત્કાલીક સફાઈ કામદારો મોકલ્યા હતા જે મારુવાસ વિસ્તારની ભુગર્ભ ગટરમાંથી પ્લાસ્ટિકના બોટલ, દડા તેમજ કપડાના ડૂચા નીકળ્યા હતાં. જ્યારે દરબારી હોલ પાસે ગટરની પાઈપોમાંથી પ્લાસ્ટિકની ગ્લાસો, ચમચીઓ તેમજ કંતાન જેવા મટીરીયલથી ભુગર્ભ ગટરની લાઈનમાં બુચ વાગી ગયું હતું જેથી પાણીનો નિકાલ ના થવાથી ભુગર્ભ ગટરો ઉભરાઈ રહી હતી નગરપાલિકાના ભૂગર્ભ ગટરની સફાઈ કરતા કામદારો દ્વારા ગટર સફાઈ કરવામા આવતાં સમસ્યાનું નિરાકરણ આવ્યું હતું. નગરપાલિકાના સેનેટરી ઈન્સ્પેક્ટરે નગરજનોને અપીલ કરતા જણાવ્યું હતું કે તમારા ઘરના ભૂગર્ભ કનેક્શનવાળી જગ્યાએ લોખંડની જાળી મૂકો જેથી આવી વસ્તુઓ પાઈપમા જાય નહીં અને તમને અને બીજા કોઈ તકલીફમા મુકાય નહીં.


**જાહેર નોટીસ**

**મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ,વડોદરા શહેર પશ્ચિમ ની કોર્ટ**

**જન્મ/મરણ નોંધણી અરજી નં.૨૦/૨૦૨૫**

અરજદાર:-પટેલ ડાહ્યાભાઈ મયુરભાઈ
સામાવાળા:-જન્મ-મરણ સબરજીસ્ટ્રારશ્રી,વડોદરા મ્યુનીસિપલ કોર્પોરેશન
જન્મ મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ આથી લાગતા વળગતા ઇસમોને આપી જણાવવાનુ કે, અરજદાર પટેલ ડાહ્યાભાઈ મયુરભાઈ ના પુત્ર નામે નિતીનકુમાર નો જન્મ તા.૧૮/૦૮/૧૯૯૩ ના રોજ અકોટા, વડોદરા મુકામે થયેલ પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે તેમના જન્મની નોંધણી વડોદરા મ્યુનીસિપલ કોર્પોરેશનના સંબંધીત જન્મ મરણ સબરજીસ્ટ્રારની કચેરી ખાતે કરવાની રહી ગયેલ હોઈ જન્મની નોંધ કરાવવા અરજી કરેલ છે.આ અરજીના અનુસંધાનમા કોઈ ઈસમને વાંધો યા તકરાર હોય તો આ જાહેર નોટિસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસમા અત્રેની કોર્ટમા જરૂરી પૂરાવા સાથે વાંધો રજુ કરવો અન્યથા આગળ ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામા આવશે. જેની લાગતા વળગતા તમામ ઇસમોએ નોંધ લેવી.આજ તા. /૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

(સિક્કો)

સહી- અવાચ્ય
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
અને
/મામલતદાર વડોદરા શહેર(પશ્ચિમ)



**જીલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમીશન. વડોદરા.**

'' ગ્રાહક ભવન '', પ્રેરક બંગલોની બાજુમાં, કારેલીબાગ, વડોદરા.૩૯૦૦૧૮.
ફોન નં.૦૨૬૫-૨૪૬૫૧૬૯ ઈ-મેઈલઃ cdrfvadodaramain@gmail.com

**ફરિયાદીઃ ગ્રાહક સુરક્ષા જાગૃતિ મંચ. દરખાસ્ત નંબરઃ- 74/2025 થી 82/2025**

સામાવાળાઓઃ- (૧) છીતાભાઈ ભીખાભાઈ પટેલ,(૨) પ્રદિપભાઈ છીતાભાઈ પટેલ,(૩) ભરતભાઈ છીતાભાઈ પટેલ. ૧ થી ૩ રહે; ટીંબા ખડકી, ગોરવા,વડોદરા-૩૯૦૦૧૬. (૪) કાશુભાઈ મનોરભાઈ પટેલ (૫) સુરેશભાઈ કાશુભાઈ પટેલ,(૬) મિતેશભાઈ કાશુભાઈ પટેલ, ૪ થી ૬ રહે; ટાંકીવાળું ફળિયું,ગોરવા,વડોદરા-૩૯૦૦૧૬.ઉપરોક્ત ૧ થી ૬ જમીન માલિકોના કુલમુખત્યાર નં.(૭) રૂપેશભાઈ નરહરીભાઈ પટેલ,રહે; ૧૫,પરિશ્રમ સોસાયટી, સુભાનપુરા,વડોદરા-૩૯૦૦૨૩ (૮) સત્યમ કોર્પોરેશન બિલ્ડર્સ એ નામની ભાગીદારી પેઢી. ૫૫, વિષ્ણુકુંજ સોસાયટી, ગોત્રી રોડ, વડોદરા-૩૯૦૦૨૧. (૯) પરેશ મનીલાલ શાહ, રહે; ૧૮-એ, સૈની સોસાયટી નં-૨, સુભાનપુરા.વડોદરા-૩૯૦૦૨૩ (૧૦) મૈયત કનુભાઈ એમ.પટેલના વારસદાર અંજુબેન કનુભાઈ પટેલ. ૩૧/૨, અર્બુદાનગર સોસાયટી,આત્મજ્યોતિ આશ્રમ પાસે, હલોસપાર્ક, વડોદરા-૩૯૦૦૨૩.(૧૧) કૈલાસબેન કનૈયાલાલ પટેલ. ૬૨, વિષ્ણુકુંજ સોસાયટી પાર્ટ-૧, ગોત્રી રોડ, વડોદરા-૩૯૦૦૨૧ (૧૨) અંજનાબેન પ્રમુખલાલ પટેલ. ૯૮, જનતાનગર સોસાયટી, ઘટલોડીયા રોડ,સપ્તમાતા મંદિર તા.કડી,જી.મહેસાણા-૩૮૨૭૧૫ (૧૩) મૈયત અશોકભાઈ કદમના કાયદેસરના વારસદાર તથા ભાગીદાર અંજલિબેન અશોકભાઈ કદમ. ૫૫, વિષ્ણુકુંજ સોસાયટી વિભાગ-૨, ટી.બી.હોસ્પીટલ પાસે, ગોત્રી રોડ, વડોદરા-૩૯૦૦૨૧ (૧૪) અનિરૂધ્ધ અશોકભાઈ કદમ. ૫૫, વિષ્ણુકુંજ સોસાયટી વિભાગ-૨, ટી.બી.હોસ્પીટલ પાસે, ગોત્રી રોડ, વડોદરા-૩૯૦૦૨૧ (૧૫) રમીલાબેન સુરેશભાઈ શાહ.૬૮-બી, ગંગા જમના સોસાયટી, સુભાનપુરા, વડોદરા-૩૯૦૦૨૩.

**જાહેર નોટીસ**

ઉપરના ફરિયાદીએ જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ આયોગ વડોદરા (એડીશનલ) સમક્ષ ઉપરના નંબરની દરખાસ્ત તમો સામાવાળાઓ વિરૂધ્ધ દાખલ કરેલ છે. મજકુર નંબરવાળી દરખાસ્ત માં તમો સામાવાળાઓ નં.૧ થી ૧૫ ને દરખાસ્ત માં જણાવેલ સરનામે નામ.આયોગ દ્વારા નોટીસ દ્વારા બજાવવાનો પ્રયત્ન કરવા છતાં તમોને નોટીસ બજેલ નથી. આથી આ જાહેર નોટીસથી તમો સામાવાળાઓ નં. ૧ થી ૧૫ ને જણાવવામાં આવે છે કે સદરહું ફરિયાદની સુનાવણી આગામી તા. 02/08/2025 ના રોજ રાખવામાં આવેલ છે. તો તમો સામાવાળાઓ નં. ૧ થી ૧૫ એ ઉપરની તારીખે ૧૨:૦૦ કલાકે નામદાર જિલ્લા ગ્રાહક આયોગ, વડોદરા (એડીશનલ), "ગ્રાહક ભવન" પ્રેરક બંગલોની બાજુમાં, કારેલીબાગ, વડોદરા ખાતે જાતે અથવા વકીલશ્રી મારફતે અચૂક હાજર રહેવું, જો તેમ કરવામાં કસૂર કરશો તો ન્યાયના હિતમાં યોગ્ય તે હુકમ કરવામાં આવશે. જેથી આપને નામ.આયોગ સમક્ષ હાજર રહેવા સદર નોટીસથી જણાવવામાં આવે છે.

**મદદનીશ નિયામક** જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમીશન(એડીશનલ),વડોદરા



**પશ્ચિમ રેલવે-અમદાવાદ**

**૧૧ કિલોવોટ એચટી અને એલટી ટ્રેક ક્રોસિંગ અને વીજળીકરણ અને યાંત્રિક સુવિધાઓમાં ફેરફાર**

વિદ્યુત વિભાગ (બાંધકામ); ઇ-ટેન્ડર સૂચના નં-EL/C/ADI/GS/290/2025-26; (૧) કાર્યનું નામ તેના સ્થાન સાથે: ૧૧ કિલોવોટ એચટી અને એલટી ટ્રેક ક્રોસિંગમાં ફેરફાર અને એસ અને ટી માળખા / ટીઆરડી / અન્ય સેવા ઈમારતો / સ્ટાફ ક્વાર્ટર્સ, પ્લેટફોર્મ, કવર શેડનું વિદ્યુતીકરણ, ગેરતપુર - સાણંદ (૩૮.૨૦ કિમી) (અમદાવાદ બાયપાસ) વચ્ચે ચોથી લાઈનના જોડાણમાં પંપ સેટ અને યાંત્રિક સુવિધાઓ પૂરી પાડવી; (૨) કામનો અંદાજિત ખર્ચ: રૂ. ૫,૦૪,૩૯,૭૯૬/-; (૩) જમા કરાવવાની બાના ની રકમ: IREPS પોર્ટલ પર ઉલ્લેખિત મુજબ; (૪) બોલી રજૂ કરવાની અને ખોલવાની તારીખ અને સમય: IREPS પોર્ટલ પર ઉલ્લેખિત મુજબ; (૫) ટેન્ડર ફી: IREPS પોર્ટલ પર ઉલ્લેખિત મુજબ; (૬) કામ પૂર્ણ કરવાનો સમયગાળો: ૨૪ મહિના; (૭) વેબસાઇટ વિગતો અને નોટિસ બોર્ડ જ્યાં ટેન્ડરની વિગતો જોઈ શકાય છે અને ઓફિસનું સરનામું: www.ireps.gov.in નોટિસ બોર્ડ અને ડેપ્યુટી ચીફ ઇલેક્ટ્રિકલ એન્જિનિયર (બાંધકામ)નું કાર્યાલય, પશ્ચિમ રેલવે, નિર્માણ ભવન-અસારવા, અમદાવાદ (ગુજરાત-૩૮૨૩૪૫).

CPM – 020

અમને લાઈક કરો: facebook.com/WesternRly



**પશ્ચિમ રેલવે-વડોદરા ડિવિઝન**

**"કેટરિંગ, મલ્ટી પર્પઝ સ્ટોલ અને વોટર વેન્ડિંગ મશીન" કોન્ટ્રાક્ટ માટે ઈ-હરાજી**

"કેટરિંગ, મલ્ટી પર્પઝ સ્ટોલ અને વોટર વેન્ડિંગ મશીન" કોન્ટ્રાક્ટ માટે ઈ-હરાજી **23.07.2025** ના રોજ યોજાશે. ઈ-હરાજી **23.07.2025** ના રોજ **10:00** કલાકે શરૂ થશે. કેટલોગ પહેલેથી જ **www.ireps.gov.in** વેબસાઇટ પર પ્રકાશિત કરવામાં આવેલ છે. વિગતો નીચે જણાવ્યા મુજબ છે:

| કેટલોગ નં | કોન્ટ્રેક્ટનો પ્રકાર | કોન્ટ્રેક્ટનો સમયગાળો |
|---|---|---|
| CTG-MPS-WVM-202 | કેટરિંગ | 05 વર્ષ |

| લોટ નં. | | લોટ નં. | |
|---|---|---|---|
| 1 | Catg-BRC-KIM-GMU-3-22-1 (કેટરિંગ-જનરલ માઈનર યુનિટ (જીએમયુ) | 13 | Catg-BRC-GTE-GMU-47-25-1 (કેટરિંગ-જનરલ માઈનર યુનિટ (જીએમયુ) |
| 2 | Catg-BRC-URN-GMU-40-25-1 (કેટરિંગ-જનરલ માઈનર યુનિટ (જીએમયુ) | 14 | Catg-BRC-KANJ-GMU-50-25-1 (કેટરિંગ-જનરલ માઈનર યુનિટ (જીએમયુ) |
| 3 | Catg-BRC-CBY-GMU-24-22-1 (કેટરિંગ-જનરલ માઈનર યુનિટ (જીએમયુ) | 15 | Catg-BRC-ITA-GMU-11-22-1 (કેટરિંગ-જનરલ માઈનર યુનિટ (જીએમયુ) |
| 4 | Catg-BRC-PLJ-GMU-37-25-1 (કેટરિંગ-જનરલ માઈનર યુનિટ (જીએમયુ) | 16 | Catg-BRC-PAO-GMU-41-25-1 (કેટરિંગ-જનરલ માઈનર યુનિટ (જીએમયુ) |
| 5 | Catg-BRC-KSB-GMU-39-25-1 (કેટરિંગ-જનરલ માઈનર યુનિટ (જીએમયુ) | 17 | Catg-BRC-NEP-GMU-49-25-1 (કેટરિંગ-જનરલ માઈનર યુનિટ (જીએમયુ) |
| 6 | Catg-BRC-DRL-GMU-44-25-1 (કેટરિંગ-જનરલ માઈનર યુનિટ (જીએમયુ) | 18 | Catg-BRC-VS-GMU-13-22-1 (કેટરિંગ-જનરલ માઈનર યુનિટ (જીએમયુ) |
| 7 | Catg-BRC-ARPR-GMU-45-25-1 (કેટરિંગ-જનરલ માઈનર યુનિટ (જીએમયુ) | 19 | Catg-BRC-KSE-GMU-42-25-1 (કેટરિંગ-જનરલ માઈનર યુનિટ (જીએમયુ) |
| 8 | Catg-BRC-NDR-GMU-17-22-1 (કેટરિંગ-જનરલ માઈનર યુનિટ (જીએમયુ) | 20 | Catg-BRC-UMH-GMU-43-25-1 (કેટરિંગ-જનરલ માઈનર યુનિટ (જીએમયુ) |
| 9 | Catg-BRC-BDE-GMU-27-22-1 (કેટરિંગ-જનરલ માઈનર યુનિટ (જીએમયુ) | 21 | Catg-BRC-PTD-GMU-23-22-1 (કેટરિંગ-જનરલ માઈનર યુનિટ (જીએમયુ) |
| 10 | Catg-BRC-PAVI-GMU-46-25-1 (કેટરિંગ-જનરલ માઈનર યુનિટ (જીએમયુ) | 22 | Catg-BRC-CTD-GMU-29-22-1 (કેટરિંગ-જનરલ માઈનર યુનિટ (જીએમયુ) |
| 11 | Catg-BRC-VS-GMU-12-22-1 (કેટરિંગ-જનરલ માઈનર યુનિટ (જીએમયુ) | 23 | Catg-BRC-GER-GMU-22-22-1 (કેટરિંગ-જનરલ માઈનર યુનિટ (જીએમયુ) |
| 12 | Catg-BRC-NIU-GMU-38-25-1 (કેટરિંગ-જનરલ માઈનર યુનિટ (જીએમયુ) | | |

| કેટલોગ નં | કોન્ટ્રેક્ટનો પ્રકાર | કોન્ટ્રેક્ટનો સમયગાળો |
|---|---|---|
| CTG-MPS-WVM-202 | વોટર વેન્ડિંગ મશિન | 05 વર્ષ |

| લોટ નં. | | લોટ નં. | |
|---|---|---|---|
| 24 | MSS-BRC-CYI-WVM-28-25-1 (વિવિધ-સ્થિર-સેવાઓ - પાણી વેન્ડિંગ મશીનો) | 30 | MSS-BRC-KSB-WVM-31-25-1 (વિવિધ-સ્થિર-સેવાઓ - પાણી વેન્ડિંગ મશીનો) |
| 25 | MSS-BRC-KIM-WVM-30-25-1 (વિવિધ-સ્થિર-સેવાઓ - પાણી વેન્ડિંગ મશીનો) | 31 | MSS-BRC-MYG-WVM-33-25-1 (વિવિધ-સ્થિર-સેવાઓ - પાણી વેન્ડિંગ મશીનો) |
| 26 | MSS-BRC-ANND-WVM-36-25-1 (વિવિધ-સ્થિર-સેવાઓ - પાણી વેન્ડિંગ મશીનો) | 32 | MSS-BRC-AKV-WVM-35-25-1 (વિવિધ-સ્થિર-સેવાઓ - પાણી વેન્ડિંગ મશીનો) |
| 27 | MSS-BRC-PTD-WVM-29-25-1 (વિવિધ-સ્થિર-સેવાઓ - પાણી વેન્ડિંગ મશીનો) | 33 | MSS-BRC-BH-WVM-37-25-1 (વિવિધ-સ્થિર-સેવાઓ - પાણી વેન્ડિંગ મશીનો) |
| 28 | MSS-BRC-DB-WVM-32-25-1 (વિવિધ-સ્થિર-સેવાઓ - પાણી વેન્ડિંગ મશીનો) | 34 | MSS-BRC-GDA-WVM-38-25-1 (વિવિધ-સ્થિર-સેવાઓ - પાણી વેન્ડિંગ મશીનો) |
| 29 | MSS-BRC-ND-WVM-39-25-2 (વિવિધ-સ્થિર-સેવાઓ - પાણી વેન્ડિંગ મશીનો) | 35 | MSS-BRC-EKNR-WVM-47-25-1 (વિવિધ-સ્થિર-સેવાઓ - પાણી વેન્ડિંગ મશીનો) |

| કેટલોગ નં | કોન્ટ્રેક્ટનો પ્રકાર | કોન્ટ્રેક્ટનો સમયગાળો |
|---|---|---|
| CTG-MPS-WVM-202 | મલ્ટી પર્પજ સ્ટોલ | 05 વર્ષ |

| | |
|---|---|
| 36 | MPS-BRC-EKNR-MPS-3-24-1 (એમપીએસ- મલ્ટીપર્પજ સ્ટોલસ) |

ડિવિઝનલ રેલવે મેનેજરની ઓફિસ, કોમર્શિયલ શાખા, પ્રતાપનગર, વડોદરા- 390004

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly 092



सत्यमेव जयते
ગુજરાત સરકાર

# સશક્ત સરપંચ, સુશાસિત પંચાયત



નવા ચૂંટાયેલ **સરપંચશ્રીઓ** અને **સદસ્યશ્રીઓનો**

# અભિવાદન સમારોહ

:: સમારોહના અધ્યક્ષ ::

## શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ

માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

:: પ્રેરક ઉપસ્થિતિ ::

## શ્રી સી.આર.પાટીલ

માનનીય કેન્દ્રીય મંત્રી, જલ શક્તિ મંત્રાલય, ભારત

- પંચાયત વિભાગના વિવિધ વિકાસ કામો માટે ₹૧૨૦૦ કરોડથી વધુ ગ્રાન્ટની ફાળવણી
- તાજેતરમાં પૂર્ણ થયેલ ગ્રામ પંચાયત ચૂંટણીમાં ૫૬ મહિલા સમરસ ગ્રામ પંચાયત જાહેર
- ૪,૮૭૬ નવા ચૂંટાયેલા સરપંચશ્રીઓ - ૬૦૦ મહિલા સમરસ ગ્રામ પંચાયત સભ્યશ્રીઓ કાર્યક્રમમાં જોડાશે
- ૭૬૧ સમરસ ગ્રામ પંચાયતો માટે "સમરસ ગ્રામ યોજના" અંતર્ગત ₹૩૫ કરોડથી વધુ પ્રોત્સાહક ગ્રાન્ટની ફાળવણી

**તારીખ : ૪-૭-૨૦૨૫, શુક્રવાર - સમય : બપોરે ૨-૦૦ વાગે - સ્થળ : મહાત્મા મંદિર, ગાંધીનગર.**



CMOGuj CMOGuj CMOGujarat CMOGujarat

### વિધાનસભા ચૂંટણી પહેલાં ૧૧ વિપક્ષી દળોના આક્ષેપ

# બિહારમાં ૨ કરોડ મતદારોને વૉટર લિસ્ટમાંથી કાઢી નાખવાનો કારસો

### ગઠબંધનના નેતાઓએ મુખ્ય ચૂંટણી કમિશનરને સંયુક્ત મેમોરેન્ડમ સુપરત



પટણા, તા.૩

બિહારમાં પ્રસ્તાવિત વિધાનસભા ચૂંટણી પહેલા ચૂંટણી પંચ દ્વારા કરવામાં આવી રહેલી સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન પ્રક્રિયાનો બુધવારે ૧૧ વિપક્ષી દળોએ સખત વિરોધ કર્યો હતો. આ દળોએ ચૂંટણી પંચના અધિકારીઓ સાથે મુલાકાત કરીને આરોપ લગાવ્યો કે, આ પ્રક્રિયા વંચિત વર્ગોને નિશાન બનાવી રહી છે અને તેના કારણે લાખો વાસ્તવિક મતદારોના નામ વોટર લિસ્ટમાંથી દૂર થઈ શકે છે. કોંગ્રેસ, RJD, ભાકપા, માકપા, માકપા(માલે)-લિબરેશન, સપા અને NCP (શરદ પવાર જૂથ) સહિત I.N.D.I.A. ગઠબંધનના નેતાઓએ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સાથે મુલાકાત કરી અને એક સંયુક્ત મેમોરેન્ડમ સુપરત કર્યું. વિપક્ષી દળોએ આરોપ લગાવ્યો છે કે, આ પ્રક્રિયાથી બિહારના હાંસિયા પર ઊભેલા લાખો લોકોના નામ વોટર લિસ્ટમાંથી હટાવવામાં આવી શકે છે. મતદારો પાસે ખુદના અને તેમના માતા-પિતાના જન્મ પ્રમાણપત્રો રજૂ કરવાનું કહેવું એ માત્ર જટિલ અને અન્યાયી જ નથી પણ ૮.૧ કરોડ મતદારો પર વધુ પડતો બોજ છે.

ચૂંટણી પંચે પ્રસ્તાવ મૂક્યો છે કે, જે ૨૦૦૩ના વોટર લિસ્ટમાં નોંધાયેલા લોકોને જ મતદાર ગણવામાં આવશે, જ્યારે બાકીના લોકોએ ફરીથી નોંધણી માટે દસ્તાવેજો આપવા પડશે.

### ટેલિગ્રાફ કાયદાના નિયમનું ઉલ્લંઘન

# ફોન ટેપિંગ ગોપનીયતાના અધિકારનું ઉલ્લંઘન : મદ્રાસ હાઈકોર્ટનો ચુકાદો

### કેન્દ્ર સરકારના આદેશને રદ કર્યો હતો

ચેન્નાઈ, તા.૩

મદ્રાસ હાઈકોર્ટે ફોન ટેપિંગને ગોપનીયતાના અધિકારનું ઉલ્લંઘન ગણાવતો ચુકાદો જાહેર કર્યો હતો. ઉચ્ચ ન્યાયાલયે જણાવ્યું કે, જ્યાં સુધી કાયદાકીય રીતે સ્થાપિત પ્રક્રિયા હેઠળ ફોન ટેપિંગને યોગ્ય ના ઠેરવવામાં આવે ત્યાં સુધી તે પ્રાઈવસીનું ઉલ્લંઘન છે. મદ્રાસ હાઈકોર્ટના જસ્ટિસ એન આનંદ વેંકટેશે જણાવ્યું કે, ગોપનીયતાનો અધિકાર હવે બંધારણના અનુચ્છેદ-૨૧ અંતર્ગત જીવવાનો અધિકાર અને વ્યક્તિગત સ્વતંત્રતાની ખાતરીનો અભિન્ન હિસ્સો છે. વધુમાં જજે ઉમેર્યું કે, ટેલિગ્રાફ કાયદાની કલમ ૫(૨) જાહેર કટોકટીની પરિસ્થિતિમાં અથવા સુરક્ષાના હિતને ધ્યાનમાં રાખીને ફોન ટેપિંગની સત્તા આપે છે. આ બંને પરિસ્થિતિ ગુપ્ત સ્થિતિ ના કહેવાય અને વ્યક્તિ માટે આ પૈકી કોઈ એક સ્થિતિ સ્પષ્ટ લાગુ થતી હોય છે. એવરોન એજ્યુકેશન લિમિટેડના મેનેજિંગ ડાયરેક્ટર પી કિશોરે દાખલ કરાયેલી અરજીને સ્વીકારતા જજે કેન્દ્ર સરકારના આદેશને રદ કર્યો હતો. કેન્દ્ર સરકારે આયકર વિભાગના સહાયક કમિશ્નરની સંડોવણી ધરાવતા લાંચ અને ભ્રષ્ટાચાર કેસના સંદર્ભમાં અરજદારનો મોબાઈલ ટેપિંગનો આદેશ આપ્યો હતો. આ કેસની તપાસ સીબીઆઈ કરી રહ્યું હતું. આ કેસમાં ઓગસ્ટ ૨૦૧૧ના કેન્દ્ર દ્વારા અપાયેલો આદેશ જાહેર કટોકટી કે સુરક્ષાના દાયરામાં આવતો નહીં હોવાનું કોર્ટે સ્પષ્ટપણે જણાવ્યું હતું. જજે વધુમાં જણાવ્યું કે, સત્તાધીશોએ નિયત સમયમર્યાદામાં રિવ્યુ કમિટી સમક્ષ ટેપ કરેલી સામગ્રી રજૂ નહીં કરીને ટેલિગ્રાફ કાયદાના નિયમ ૪૧૯-એ(૧૭)નું પણ ઉલ્લંઘન કર્યું હતું.

### ડબલ એન્જિનવાળા મધ્યપ્રદેશમાં ફરી શર્મનાક ઘટના સામે આવી

# પત્ની અને બાળકો સામે ખેડૂતને નગ્ન કરી ઝાડ સાથે બાંધી માર મારતાં મોત

### ૨૦૦૩માં આ જ તત્ત્વોએ મારા સસરાની પણ હત્યા કરી હતી



નવી દિલ્હી, તા.૩

મધ્ય પ્રદેશના છતરપુર જિલ્લાના બમીઠા પોલીસ સ્ટેશન હેઠળ ખૈરી ગામમાં દબંગો દ્વારા ખેડૂત સાથે બર્બરતા કરવામાં આવી હતી. આ લોકોએ ખેડૂતને નગ્ન કરીને ઝાડ સાથે બાંધ્યો અને બાદમાં તેને એટલો માર માર્યો કે તેનું મોત થઈ ગયું. આ મામલે પોલીસે ત્રણ મહિલા સહિત નવ લોકો સામે ગુનો દાખલ કર્યો છે. તેમાંથી ૬ લોકોની ધરપકડ કરી લેવાઈ છે. ખેડૂતની પત્નીએ પોલીસે જણાવ્યું કે, '૨૦૦૩માં આ અસામાજિક તત્ત્વોએ મારા સસરાની પણ હત્યા કરી દીધી હતી.'

મળતી માહિતી મુજબ, બમીઠાના ખૈરી ગામ નિવાસી શંકર પટેલ પત્ની અને બે છોકરાઓ સાથે ખેતરમાં એક ઢોર હાંકી રહ્યા હતા. આ દરમિયાન દબંગ નાનેલાલ પટેલ સાથે રકઝક થઈ હતી. નારાજ નોનેના સ્વજને શંકરને ત્યાં જ એક ઝાડ સાથે નગ્ન કરીને બાંધ્યો અને દંડા વડે તેને ત્યાં સુધી માર્યો જ્યાં સુધી તેનું મોત ન થઈ ગયું. એસપી વિદિતા ડાગરે જણાવ્યું કે, આ કેસ પોલીસે નોને પટલ, રામ પ્યારે પટેલ, કિશોરી લાલ પટલે, સખી પટેલ, અનીતા પટેલ, રાજકુમારી પટેલની ધરપકડ કરી લીધી છે. જોકે, હજુ સુધી ત્રણ આરોપી ફરાર છે. ખેડૂતની પત્નીએ પોલીસે જણાવ્યું કે, '૨૦૦૩માં આ અસામાજિક તત્ત્વોએ મારા સસરાની પણ હત્યા કરી દીધી હતી.'

## અરાઉન્ડ ધ વર્લ્ડ

### માલીમાં અલ કાયદાએ ૩ ભારતીયો નાગરિકોનું અપહરણ કર્યું

નવી દિલ્હી : પશ્ચિમ આફ્રિકન દેશ માલીમાં થયેલા આતંકવાદી હુમલા દરમિયાન ત્રણ ભારતીય નાગરિકોનું અપહરણ કરવામાં આવ્યું છે. ભારત સરકારે આ ઘટના પર ઊંડી ચિંતા વ્યક્ત કરી છે અને માલી સરકારને તેમની તાત્કાલિક અને સુરક્ષિત મુક્તિ સુનિશ્ચિત કરવા માટે તમામ જરૂરી પગલાં લેવાની અપીલ કરી છે૧ જુલાઈના રોજ કેટલાક સશસ્ત્ર હુમલાખોરોએ માલીના કાયસમાં ડાયમંડ સિમેન્ટ ફેક્ટરી પર સંયુક્ત રીતે હુમલો કર્યો અને ત્યાં કામ કરતા ત્રણ ભારતીય નાગરિકોનું અપહરણ કર્યું હતું. અલ-કાયદા સાથે જોડાયેલા સંગઠન 'જમાત નુસરત અલ-ઈસ્લામ વાલ મુસ્લિમીન'એ માલીમાં આ અપહરણ અને અન્ય હુમલાઓની જવાબદારી સ્વીકારી છે.

### કોઈ વાતે ઠપકો આપતાં ગુસ્સામાં નોકરે માતા-દીકરાની હત્યા કરી

નવી દિલ્હી : દક્ષિણ દિલ્હીના લાજપત નગર-૧ માં ડબલ મર્ડરનો કિસ્સો સામે આવ્યો છે. એક જ ઘરમાં માતા અને પુત્રની ગળું કાપીને ક્રૂરતાપૂર્વક હત્યા કરવામાં આવી હતી. મૃતકોની ઓળખ ૪૨ વર્ષીય રુચિકા અને તેના ૧૪ વર્ષીય પુત્ર ક્રિશ તરીકે થઈ છે. આ ઘટનાએ વિસ્તારમાં સનસનાટી મચાવી દીધી છે. પોલીસે આ કેસમાં નોકરની ધરપકડ કરી છે. નોકરનું નામ મુકેશ છે. તે બિહારનો રહેવાસી છે. પૂછપરછ દરમિયાન નોકરે કબૂલાત કરી કે, 'રુચિકાએ કોઈ વાતનો ઠપકો આપતા, ગુસ્સો આવ્યો હોવાથી મેં ગુસ્સામાં બંનેની હત્યા કરી છે.' દરવાજો તોડ્યા પછી જ્યારે મહિલાના પતિ અને પોલીસ ટીમ ઘરમાં પ્રવેશી ત્યારે મહિલાનો મૃતદેહ બેડરૂમમાં મળી આવ્યો હતો.

### યુક્રેન સામે યુદ્ધમાં રશિયન નેવીના ડેપ્યુટી હેડ મિખાઇલ ગુડકોવનું મોત

મોસ્કો : રશિયાના રક્ષા મંત્રાલયે ગુરુવારે (૩ જુલાઈ) પુષ્ટિ કરી છે કે, TASS સરકારી સમાચાર એજન્સી અનુસાર રશિયાની નૌસેનાના ઉપપ્રમુખ મેજર જનરલ મિખાઈલ ગુડકોવનું રશિયાના કુર્સ્ક વિસ્તારમાં સરહદી ક્ષેત્રમાં મોત થયું છે. કુર્સ્કમાં યુક્રેનની સેના સામે લડાઈ લડનારી બ્રિગેડનું અગાઉ ગુડકોવ નેતૃત્વ કર્યું હતું. ગુડકોવના મૃત્યુનો પ્રારંભિક અહેવાલ દૂર પૂર્વીય રશિયન ક્ષેત્રના ગવર્નર ઓલેગ કોઝેમ્યાકો તરફથી આવ્યો હતો, જેમણે ગુરુવારે તેની જાહેરાત કરી હતી. આ લેખ છેં દ્વારા તૈયાર અને અનુવાદિત કરવામાં આવ્યો હતો. આ મામલે એક સંપાદક દ્વારા તેની સમીક્ષા કરવામાં આવી હતી.

### USમાં ભારતીય જ્વેલર્સ પર લુંટારુ ત્રાટક્યા, લાખોના દાગીનાની લૂંટ

સનીવેલ : કેલિફોર્નિયાના સનીવેલમાં એક ગુજરાતી જ્વેલર્સને ત્યાં લૂંટ કરવામાં આવી હતી. લૂંટારાઓ ફિલ્મી ઢબે આવ્યા અને ગાડી સીધી જ દુકાનની અંદર ઘુસાડી દીધી. માત્ર ૯૦ સેકન્ડમાં તો લાખોના દાગીના લૂંટીને ફરાર પણ થઈ ગયા. ધોળા દિવસે આ થયેલી લૂંટના કારણે સ્થાનિકો અને દુકાનદારોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. મળતી માહિતી મુજબ, રવિવારે (૨૯ જૂન) લગભગ બપોરે ૨:૪૫ (ત્યાંનો સમય) વાગ્યે ઈસ્ટ અલ કેમિનો રીઅલ પર આવેલી ગુજરાતી માલિકની મનીષા જ્વેલર્સ નામની દુકાનને લૂંટારાઓએ નિશાનો બનાવી હતી. આ સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થઈ હતી. આ ફૂટેજમાં જોવા મળ્યું કે, લૂંટારાઓ ગાડીમાં આવે છે અને ગાડી સીધી દુકાનની અંદર ઘુસાડી દે છે.

### કેદારનાથમાં ૪૦ લોકોનું રેસ્ક્યૂ કરવામાં આવ્યું

# હિમાચલ પ્રદેશમાં આભ ફાટતાં અત્યાર સુધી ૬૨ લોકોનાં મોત, ૫૬ લોકો ગુમ

### ૧૦૩ લોકો ઈજાગ્રસ્ત, ૮૪ પશુઓનું મૃત્યુ, ૨૨૩ ઘરોને વ્યાપક નુકસાન



દેહરાદુન, તા.૩

ઉત્તરાખંડના રુદ્રપ્રયાગ જિલ્લામાં કેદારનાથ ધામ પરથી પરત ફરી રહેલા ૪૦ યાત્રાળુઓ સોનપ્રયાગ સ્લાઈડ ઝોનમાં ફસાયા હતા. જેમને રેસ્ક્યુ કરવામાં આવ્યા છે. ભારે વરસાદના કારણે સોનપ્રયાગ નજીક સ્લાઈડ ઝોનમાં અચાનક ભૂસ્ખલન થયુ હતું. જેના લીધે ૪૦ યાત્રાળુઓ ફસાઈ ગયા હતા.

દુર્ઘટનાની જાણકારી મળતાં જ તૈનાત એસડીઆરએફના જવાન ઘટનાસ્થળે પહોંચ્યા હતાં. એસડીઆરએફની ટીમે યાત્રાળુઓ સુધી સુરક્ષિત માર્ગ બનાવી તેમને સફળતાપૂર્વક સ્લાઈડ ઝોનમાંથી બહાર કાઢ્યા હતા. તમામ યાત્રાળુઓ મોડી રાત્રે ૧- વાગ્યે સ્લાઈડ ઝોનમાં ફસાયા હતા. ગત રવિવારે ભારે વરસાદ અને ભૂસ્ખલનની આશંકા વચ્ચે ચારધામ યાત્રા એક દિવસ માટે અટકાવી દેવામાં આવી હતી. લોકોની સુરક્ષા માટે સાવચેતીના પગલાં લેવાયા હતા. બાદમાં સોમવારે યાત્રા ફરી શરુ થઈ હતી. જેમાં ગઈકાલે ધોધમાર વરસાદ વરસતાં ઠેર-ઠેર ભૂસ્ખલનની ઘટના બની હતી.

હિમાચલ પ્રદેશમાં ભારે વરસાદના કારણે જનજીવન ખોરવાઈ ગયું છે. રાજ્ય ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના ડેટા અનુસાર, ૨૦ જૂનથી અત્યાર સુધીમાં હિમાચલ પ્રદેશમાં કુલ ૬૩ લોકોએ જીવ ગુમાવ્યા છે અને ૫૬ લોકો ગુમ છે. ૧૦૩ લોકો ઈજાગ્રસ્ત થયા છે, ૮૪ પશુઓ મૃત્યુ પામ્યા છે અને ૨૨૩ ઘરોને નુકસાન થયું છે. મંડીમાં જ ૧૩ લોકોના મોત થયા છે. જ્યારે ૨૯ લોકો ગુમ છે. થુનાગમાં પાંચ, કરસોગમાં એક અને ગોહરમાં સાત લોકોએ જીવ ગુમાવ્યા છે. આ સિવાય જોગિન્દ્રનગરના સ્વાંજમાંથી બે મૃતદેહો મળી આવ્યા છે. હિમાચલ પ્રદેશમાં સોમવારે રાત્રે આભ ફાટ્યું હતું. જેના લીધે ૧૦૦થી વધુ રસ્તાઓ ધોવાઈ ગયા છે. ભૂસ્ખલનના કારણે વાહન વ્યવહાર ખોરવાયો છે.

### ભક્તો વરસાદથી બચવા તંબુ નીચે હતા

# બાગેશ્વર ધામમાં તંબુ તૂટી પડતાં મોટી દુર્ઘટના : ૧નું મોત, ૪ ઘાયલ

### ઘાયલો છતરપુર જિલ્લા હોસ્પિટલમાં દાખલ

છતરપુર, તા.૩

મધ્યપ્રદેશના છતરપુર જિલ્લામાં આવેલા વિશ્વ પ્રસિદ્ધ બાગેશ્વર ધામ ગઢ પરિસરમાં ગુરુવારે સવારે બનેલી એક દુઃખદ ઘટનામાં, તંબુ તૂટી પડતાં એક ભક્તનું મોત નીપજ્યું હતું. જ્યારે ૩ થી ૪ અન્ય લોકો ઘાયલ થયા હતા. આ ઘટના સવારે ૭ વાગ્યે આરતી પછી બની હતી, જ્યારે ભક્તો વરસાદથી બચવા માટે તંબુ નીચે એકઠા થયા હતા.

મૃતકની ઓળખ ઉત્તર પ્રદેશના અયોધ્યાના રહેવાસી શ્યામલાલ કૌશલ તરીકે થઈ છે. તેમના જમાઈ રાજેશ કુમાર કૌશલે જણાવ્યું હતું કે તંબુમાંથી લોખંડનો એંગલ માથામાં વાગતાં શ્યામલાલનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું. આ અકસ્માતમાં રાજેશ કુમાર કૌશલ અને સૌમ્યા, પારુલ અને ઉન્નતી સહિત ૩ થી ૪ અન્ય પરિવારના સભ્યો ઘાયલ થયા છે. તમામ ઘાયલોને છતરપુર જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

રાજેશે જણાવ્યું હતું કે તેઓ બુધવારે રાત્રે તેમના પરિવારના ૬ સભ્યો સાથે અયોધ્યાથી બાગેશ્વર ધામ પહોંચ્યા હતા.

શુક્રવારે ધામના પીઠાધીશેશ્વર ધીરેન્દ્ર શાસ્ત્રીનો જન્મદિવસ છે અને તેઓ ગુરુવારે સવારે તેમને મળવા આવ્યા હતા. જિલ્લા હોસ્પિટલના ડૉ. નરેશ ત્રિપાઠીએ જણાવ્યું હતું કે મૃતકને બાગેશ્વર ધામથી લાવવામાં આવ્યો હતો અને પરિવારના સભ્યોએ કહ્યું છે કે આ અકસ્માત તંબુ તૂટી પડવાને કારણે થયો હતો. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી દીધો છે અને કેસની તપાસ શરૂ કરી છે.

### મહિલાના બેંક ખાતાઓ અને જમા રકમ વિશે માહિતી એકઠી કરી

# સુપ્રીમ કોર્ટનાં મહિલા વકીલને ૯ દિવસ ડિજિટલ અરેસ્ટ કરી રૂ.૩ કરોડ પડાવ્યા

### ઠગો દ્વારા પૈસા ભાડાના ખાતામાં ટ્રાન્સફર કરાવવામાં આવ્યા



નવી દિલ્હી, તા.૩

સાઈબર ક્રિમિનલ્સે નોઈડા સેક્ટર-૪૭માં રહેનારી સુપ્રીમ કોર્ટની વકીલ રહી ચૂકેલી વૃદ્ધ મહિલાને ૯ દિવસ સુધી ડિજિટલ અરેસ્ટ કરીને ૩ કરોડ ૨૯ લાખ રૂપિયા ઠગી લીધા. આરોપીઓએ તેમની પાસે દિલ્હી, મહારાષ્ટ્ર અને કોલકાતામાં ખોલવામાં આવેલા બેંક અકાઉન્ટમાં પૈસા ટ્રાન્સફર કરાવ્યા. એવી આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે કે, આ પૈસા ભાડાના ખાતામાં ટ્રાન્સફર કરાવવામાં આવ્યા છે.

પૂછપરછમાં સામે આવ્યું છે કે, આ સાઈબર ક્રિમિનલ્સે મહિલાને ૧૬ જૂનથી ૨૪ જૂન સુધી ડિજિટલ અરેસ્ટ કરીને રાખી હતી. તેમણે મહિલાના બેંક ખાતાઓ અને તેમાં જમા થયેલી રકમ વિશે માહિતી એકઠી કરી. મહિલાને તેની એફડી તોડીને બધી રકમ તેમના દ્વારા જણાવવામાં આવેલા ખાતામાં ટ્રાન્સફર કરવાનું કહ્યું. આ ઠગોએ વચન આપ્યું હતું કે તપાસ પછી સમગ્ર રકમ મૂળ ખાતામાં પાછી આવી જશે. મહિલાને લાગ્યું કે તે ખરેખર કોઈ મોટી મુશ્કેલીમાં ફસાઈ ગઈ છે અને પોલીસ અધિકારીઓ તેને કેસમાંથી બહાર નીકળવામાં મદદ કરી રહ્યા છે. જાળમાં ફસાયા બાદ મહિલાએ પાંચ હપ્તામાં લગભગ ૩ કરોડ ૨૫ લાખ રૂપિયા ઠગો દ્વારા ઉલ્લેખિત ખાતામાં ટ્રાન્સફર કરી દીધા હતા.

### સ્કાય ડાઈવિંગ માટે લઈ જતું વિમાન તૂટી પડ્યું

# લૅન્ડિંગ દરમિયાન વિમાન રનવે પર રોકાવવાની જગ્યાએ દીવાલ તોડી ક્રેશ

### ન્યૂજર્સી એરપોર્ટ પર ટેકઓફ સમયે અકસ્માતની ઘટના



ન્યૂજર્સી, તા.૩

અમદાવાદથી લંડન જઈ રહેલું એર ઈન્ડિયાનું વિમાન અકસ્માતને હજુ એક મહિનો પણ વીત્યો નથી કે ત્યાં વધુ એક પ્લેન ક્રેશ થતા થતાં બચ્યું છે.

અમેરિકાના ન્યૂ જર્સી શહેરના એરપોર્ટ પર આ અકસ્માતની ઘટના સામે આવી. એવું કહેવાય છે કે લેન્ડિંગ દરમિયાન વિમાન પર પાઈલોટ કાબૂ ખોઈ બેઠા ને તે રનવે પર રોકાવવાની જગ્યાએ દીવાલ તોડીને બહાર નીકળી ક્રેશ થઈ ગયું. જો કે રાહતના સમાચાર એ રહ્યા કે પ્લેન ક્રેશ છતાં તેમાં આગ ન લાગી. પ્લેનને નુકસાન પહોંચ્યું પરંતુ ઈમરજન્સી ટીમોએ તરત જ ઘટનાસ્થળે પહોંચીને મુસાફરોને બહાર કાઢ્યા. પાંચ મુસાફરોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

રિપોર્ટ્સમાં કહેવાયું છે કે આ સ્કાઈડાઈવિંગ પ્લેન ગુરુવારે સવારે ન્યૂજર્સી એરપોર્ટ પર રનવેની બહાર નીકળી ગયું. તેમાં ૧૫ મુસાફરો સવાર હતા. ગ્લોસ્ટર કાઉન્ટી ઈમરજન્સી મેનેજમેન્ટે કહ્યું કે, મનુરો ટાઉનશિપના ક્રાસ કીઝ એરપોર્ટ પર ઈમરજન્સી એલર્ટ બાદ રાહત અને બચાવ કાર્ય ચલાવવામાં આવ્યું. પ્લેન ક્રેશ બાદ બહાર મેદાની વિસ્તારમાં ઝાડ નીચે ફસાઈ ગયું. સ્પીડ ધીરે ધીરે ઓછી થવાના કારણે તેને વધુ નુકસાન પહોંચ્યું નહીં.

### રશિયા-યુક્રેન, ઈઝરાયલ-ઈરાનના તણાવ વચ્ચે ચોંકાવનારો અહેવાલ

# ચીન, પેન્ટાગોન કરતાં પણ ૧૦ ગણું મોટું મિલિટરી શહેર બનાવી રહ્યું છે

### જેનો ઉપયોગ પરમાણુ યુદ્ધની સ્થિતિમાં કમાન્ડ સેન્ટર તરીકે થશે



બેઈજીંગ, તા.૩

રશિયા-યુક્રેન, ઈઝરાયલ-ઈરાન યુદ્ધ અને ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ ચાલી રહ્યો છે. આ દરમિયાન ચીન પેન્ટાગોન કરતા ૧૦ ગણું મોટું મિલિટરી શહેર બનાવવાની તૈયારી કરી રહ્યું છે. એક અહેવાલ અનુસાર, ચીન બેઈજિંગ નજીક એક વિશાળ મિલિટરી શહેર બનાવી રહ્યું છે જે અમેરિકાના પેન્ટાગોન કરતા કદમાં દસ ગણું મોટું હોવાનું કહેવાય છે. તેને બેઈજિંગ મિલિટરી સિટી કહેવામાં આવી રહ્યું છે. તે બેઈજિંગ શહેરથી લગભગ ૩૨ કિલોમીટર દક્ષિણપશ્ચિમમાં સ્થિત છે. તેનો વિસ્તાર લગભગ ૪ કિલોમીટર પહોળો છે અને તેમાં એક બંકર પણ શામેલ છે, જેનો ઉપયોગ પરમાણુ યુદ્ધની સ્થિતિમાં કમાન્ડ સેન્ટર તરીકે થશે.

અહેવાલો અનુસાર, વર્ષ ૨૦૨૨માં બેઈજિંગ નજીકના વિસ્તારોમાં રહેણાંક ઈમારતો અને ખુલ્લું મેદાન હતું, ૨૦૨૪ના મધ્ય સુધીમાં આખો વિસ્તાર સાફ કરી દેવામાં આવ્યો હતો.

### પ્રદૂષણને રોકવા માટે

# દિલ્હીમાં જૂના વાહનને પેટ્રોલ ન આપવાના નિર્ણય પર ભાજપ સરકારનો યુ-ટર્ન

### ૬૨ લાખ વાહનો ફરી રસ્તા પર જોવા મળશે

નવી દિલ્હી,તા.૩

પ્રદૂષણને રોકવા માટે દિલ્હી સરકારે કોર્ટના આદેશનો ઉલ્લેખ કરીને પેટ્રોલ પંપોને જૂના વાહનોને ઈંધણ આપવાનો ઈનકાર કરવાનો નિર્દેશ આપ્યો હતો. આ સાથે, એવું પણ કહેવામાં આવ્યું હતું કે આવા વાહનો જપ્ત કરવામાં આવશે. સરકારના આ નિર્દેશથી દિલ્હીના ૬૨ લાખ વાહનોને અસર થવાની ધારણા હતી, પરંતુ હવે સરકાર તેના નિર્દેશથી યુ-ટર્ન લઈ રહી હોય તેવું લાગે છે. દિલ્હીના પર્યાવરણ મંત્રી મનજિન્દર સિંહ સિરસાએ એર ક્વોલિટી મેનેજમેન્ટ કમિશનને પત્ર લખીને નિર્દેશ નંબર ૮૯ ના અમલીકરણને રોકવા માટે કહ્યું છે. આ નિર્દેશ અંતિમ જીવન વાહનોમાં બળતણ ભરવા પર પ્રતિબંધ મૂકે છે. હવે તેમણે એક પત્ર લખીને કહ્યું છે કે અમે કમિશનને વિનંતી કરીએ છીએ કે જ્યાં સુધી સમગ્ર ઓટોમેટિક નંબર પ્લેટ રેકગ્નિશન સિસ્ટમ લાગુ ન થાય ત્યાં સુધી તાત્કાલિક અસરથી નિર્દેશ નંબર ૮૯ નો અમલ બંધ કરવામાં આવે. અમને વિશ્વાસ છે કે દિલ્હી સરકારના ચાલી રહેલા બહુપક્ષીય પ્રયાસોથી હવાની ગુણવત્તામાં નોંધપાત્ર સુધારો થશે. મનજિન્દર સિંહ સિરસાએ જણાવ્યું હતું કે અમે એર ક્વોલિટી મેનેજમેન્ટ કમિશનને જણાવ્યું છે કે જે ઓટોમેટિક નંબર પ્લેટ રેકગ્નિશન કેમેરા સ્થાપિત કરવામાં આવ્યા છે તે મજબૂત સિસ્ટમ નથી અને તેમની સાથે હજુ પણ ઘણા પડકારો છે.

### સાલિયાનના પિતાએ બોમ્બે હાઈકોર્ટમાં અરજી દાખલ કરી હતી

# આદિત્ય ઠાકરેને આખરે ચર્ચાસ્પદ દિશા સાલિયાન મૃત્યુ કેસમાં ક્લીનચિટ મળી

### દિશાના મૃત્યુમાં કોઈપણ પ્રકારની શંકાને અવકાશ નથી



મુંબઈ, તા.૩

મહારાષ્ટ્ર સરકારના વકીલોએ બોમ્બે હાઈકોર્ટમાં સ્પષ્ટ કર્યું કે દિશા સાલિયાનના મૃત્યુના કેસમાં કોઈ શંકાસ્પદ માહિતી નથી. આ આત્મહત્યાનો કેસ છે. ફિલ્મ અભિનેતા સુશાંત સિંહ રાજપૂતની ભૂતપૂર્વ મેનેજર દિશા સાલિયાનનું ૯ જૂન, ૨૦૨૦ ના રોજ મલાડમાં એક ઈમારતના ૧૨મા માળેથી પડી જવાથી મૃત્યુ થયું હતું. દિશા સાલિયાનના પિતાએ આ સંદર્ભમાં બોમ્બે હાઈકોર્ટમાં અરજી દાખલ કરી હતી અને માંગ કરી હતી કે આ કેસની તપાસ મુંબઈ પોલીસની એસઆઈટી (સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ) અથવા CBI દ્વારા કરવામાં આવે. હવે મહારાષ્ટ્ર સરકારે બોમ્બે હાઈકોર્ટને જણાવ્યું હતું કે દિશા સાલિયાન (૨૮) ના મૃત્યુમાં કોઈપણ પ્રકારની શંકાને અવકાશ નથી. આ ઉપરાંત, આદિત્ય ઠાકરે પણ નિર્દોષ છે.

દિશાના પિતા કહે છે કે તેમની પુત્રી પર ક્રૂરતાપૂર્વક બળાત્કાર કરવામાં આવ્યો હતો અને પછી તેની હત્યા કરવામાં આવી હતી.

શહેરોનું તાપમાન (મહત્તમ)

| 31.8° | 30.2° | 30.2° | 32.2° |
|---|---|---|---|
| અમદાવાદ | વડોદરા | સુરત | રાજકોટ |

હવામાન વિભાગ: શહેરમાં ગુરૂવારે મહત્તમ તાપમાનનો પારો ૩૦.૨ ડિગ્રીએ રહ્યો હતો. જ્યારે ન્યુનત્તમ તાપમાન ૨૪.૬ ડિગ્રી રહ્યું હતું. દિવસ દરમિયાન દક્ષિણ-પશ્ચિમ દિશામાં પવનની ગતિ ૧૦ કિલોમીટર પ્રતિ કલાકની રહી હતી.

નિડર અને નિષ્પક્ષ
લોકસત્તા જનસત્તા

### રતનમહાલ અભ્યારણ્યમાં છેલ્લાં કેટલાંક સમયથી વાઘની ચહલપહલના પુરાવા મળતાં વનવિભાગ સતર્ક બન્યો

# વાઘ આવ્યો રે વાઘ..!!

### ટાઈગરની કાળજી લેવા જંગલ વિસ્તારમાં વન વિભાગના અધિકારીઓની મૂવમેન્ટ વધતાં અનેક તર્કવિતર્ક



અલ્કેશ વ્યાસ, વડોદરા

ગુજરાતના છેવાડે આવેલા દાહોદ જિલ્લાના રતનમહાલ અભ્યારણ્યમાં એકાદ મહિના પહેલા એક વાઘ (ટાઈગર) જોવા મળતા પ્રાણીપ્રેમીઓ, સંશોધકો, ફોરેસ્ટરો અને વન વિભાગના અધિકારીઓમાં રોમાંચ ફેલાયો હતો.

વાસ્તવમાં છેલ્લા ઘણા મહિનાઓથી રતનમહાલમાં ટાઈગરની મુવમેન્ટના પુરાવા મળી રહ્યા છે. આપણા માટે ખુશીની વાત એ છે કે, ગુજરાતમાં જોવા મળેલો આ પહેલો ટાઈગર છે. વન વિભાગના અધિકારીઓનું કહેવુ છે કે, મધ્યપ્રદેશના કોઈ ટાઈગર રિઝર્વમાંથી શિકાર અથવા પાણીની તલાશમાં વાઘ રતનમહાલના જંગલમાં આવ્યો હોવો જોઈએ. ખેર, ભારતમાં ટાઈગરની ગણતરી ઈન્ડેન્જર સ્પિસિસ એટલે કે, લુપ્તપ્રાય પ્રજાતિમાં થાય છે. જેથી તેમની સુરક્ષામાં કોઈ કચાશ રાખવી ગંભીર બેદરકારી ગણાય. અને એટલે જ રતનમહાલમાં વાઘની લટાર મારવાના પુરાવા મળતાની સાથે વન વિભાગના કર્મચારીઓ અને અધિકારીઓમાં ચિંતાનું મોજુ ફરી વળ્યુ છે. એમની ચિંતા પણ વાજબી છે કારણ કે, રતનમહાલ અભ્યારણ્ય હજી ટાઈગરને સાચવી શકે અથવા એની સલામતી સુનિશ્ચિત કરી શકે તેટલુ સક્ષમ નથી. અને એટલે જ જ્યારથી અહીં ટાઈગરની મુવમેન્ટના પુરાવા મળ્યા છે ત્યારથી વન વિભાગના અધિકારીઓ એલર્ટ થઈ ગયા છે. છેલ્લા કેટલાક દિવસોથી વન વિભાગના અધિકારીઓ રતનમહાલના જંગલમાં ટાઈગરની સુરક્ષા સુનિશ્ચિત કરવાની કવાયત કરી રહ્યા છે. અધિકારીઓની ભાષામાં એને ટાઈગરની કાળજી રાખવી એવું કહેવાય. ટાઈગરની કાળજી રાખવાના કેટલાક ચેક લિસ્ટ હોય છે. જેમાં જંગલ વિસ્તારમાં ખુલ્લા કૂવાના ઢાંકણા લગાવવા. ખુલ્લા ખાડા પૂરી દેવા. એના માટે ફુડ ચેનલ ઉભી કરવી. જેવી બીજી ઘણી બાબતોનું ધ્યાન રાખવાનું હોય છે. રતનમહાલ અભ્યારણ્યમાં પણ હાલમાં એવી જ નાની-મોટી કામગીરી ચાલી રહી છે. કેટલાક અધિકારીઓ એને તકેદારીના પગલા સ્વરૂપે મુલવી રહ્યા છે. ખેર, હાલમાં રતનમહાલમાં એકપણ ટાઈગરની મુવમેન્ટ નથી તેવુ વન વિભાગના અધિકારીનું કહેવુ છે.

## રતનમહાલના આદિવાસી વિસ્તારોમાં અફવાના બજાર ગરમ

વાઘ આવ્યો રે વાઘ..!! એવી વાર્તા તમે બાળપણમાં સાંભળી હશે. આ વાર્તા હાલ રતનમહાલના જંગલમાં સાર્થક થતી દેખાઈ રહી છે. મૂળ વાત એવી છે કે, રતનમહાલના જંગલમાં ટાઈગરની મુવમેન્ટ દેખાયા પછી આસપાસના આદિવાસી વિસ્તારમાં એવી અફવા ફેલાઈ છે કે, અહીં હવે ટાઈગર રિઝર્વ બનશે અને કેટલાક ગામના ખેડૂતોની જમીન સરકાર લઈ લશે. જંગલ વિસ્તારમાં આવી અફવા દાવાનળની જેમ ફેલાઈ રહી છે. અને હવે આદિવાસીઓ અહીં આંદોલન કરવાના મૂડમાં દેખાઈ રહ્યા છે. સંભવિત ટાઈગર રિઝર્વના વિરોધમાં રતનમહાલમાં આદિવાસી આંદોલન શરૂ થાય તેવી આશંકા ઉભી થઈ છે. રતનમહાલની આસપાસના ગામોના સપોર્ટમાં આદિવાસીઓની મહાપંચાયત બોલાવવાની વાતો થઈ રહી છે. ચાર રાજ્યોનો આદિવાસી સમાજ અહીં એકઠો થાય તેવી સંભાવના જતાવાઈ રહી છે. જોકે, રતનમહાલમાં ટાઈગર રિઝર્વ બનાવવાની વાતમાં હજી કોઈ તથ્ય હોય તેમ જણાતુ નથી.

## વર્ષ ૨૦૧૯માં મહિસાગર જિલ્લામાં ટાઈગર દેખાયો હતો

વર્ષ ૨૦૧૯ના ફેબ્રુઆરી મહિનામાં મહિસાગર જિલ્લામાં ટાઈગર જોવા મળ્યો હતો. તે વખતે તેની સંતરામપુરથી કડાણા વચ્ચેના ૨૫ કિલોમીટરના એરિયામાં એની મુવમેન્ટ જોવા મળી હતી. ૬ ફેબ્રુઆરીના રોજ એક પ્રાથમિક સ્કૂલના પ્રિન્સીપાલે પોતાના મોબાઈલમાં ટાઈગરનો વિડિયો ઉતાર્યો હતો. જોકે, ટાઈગરની મુવમેન્ટના પુરાવા મેળવવા માટે વન વિભાગના લગભગ ૨૦૦ કર્મચારીઓએ જંગલ વિસ્તારમાં સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતુ. અને ટાઈગરને સ્પોટ કરવા માટે ફોરેસ્ટ એરિયામાં નાઈટ વિઝન કેમેરા ગોઠવ્યા હતા. જેમાં ટાઈગરના મુવમેન્ટની તસવીરો પુરાવા તરીકે મળી હતી. જોકે, થોડા જ દિવસોમાં મહિસાગર જિલ્લાના જંગલ વિસ્તારમાંથી ટાઈગરની લાશ મળી આવી હતી. આ વાતને છ વર્ષનો સમયગાળો વિતી ચુક્યો છે. હવે ફરી એકવાર ગુજરાતમાં ટાઈગરના મુવમેન્ટના પુરાવા મળ્યા છે. એક મહિના પહેલા ટાઈગરની મુવમેન્ટ રતનમહાલના જંગલમાં જોવા મળી છે.

## આખાય ભારત દેશમાં કુલ ૩૧૬૭ ટાઈગર છે

ભારત દેશમાં ટાઈગરને લુપ્તપ્રાય પ્રજાતિ માનવામાં આવે છે. વર્ષ ૨૦૨૨માં થયેલી ગણતરી અનુસાર ભારતમાં ટાઈગરની કુલ સંખ્યા ૩૧૬૭ છે. ભારતમાં કુલ ૫૭ જેટલા ટાઈગર રિઝર્વ ફોરેસ્ટ છે. જોકે, ગુજરાતમાં હજીસુધી એકપણ ટાઈગર રિઝર્વ નથી. અને એનુ સીધુ કારણ એ છે કે, ગુજરાતમાં એકપણ ટાઈગર નથી. આપણા રાજ્યમાં ટાઈગરને જોવો હોય તો જંગલમાં નહીં પણ પ્રાણી સંગ્રહાલયમાં જવુ પડે તેવો ઘાટ છે. જોકે, આપણી પાસે ટાઈગરની સરખામણીમાં એશિયાટિક લાયન છે. ગીરના સિંહ ગુજરાતની સાચી ઓળખ છે.

## કોઈપણ જંગલને ટાઈગર રિઝર્વ ઘોષિત કરવું આસાન નથી

દેવગઢ બારિયા અને એની આસપાસના આદિવાસી વિસ્તારોમાં એવી અફવા ફેલાઈ છે કે, રતનમહાલને ટાઈગર રિઝર્વ ઘોષિત કરવામાં આવશે. જોકે, આ વાતમાં કોઈ તથ્ય હોય એવુ જણાતુ નથી. હકીકતમાં કોઈપણ જંગલને ટાઈગર રિઝર્વ ઘોષિત કરવુ હોય તો એક જટિલ પ્રક્રિયા પૂર્ણ કરવી પડે છે. હકીકતમાં ટાઈગર રિઝર્વ માટે રાજ્ય સરકારે પ્રસ્તાવ રજૂ કરવો પડે છે. અને એમાં નેશનલ ટાઈગર કન્ઝર્વેશન ઓથોરિટીની મંજૂરી લેવી પડે છે. જે બિલકુલ આસાન નથી. રતનમહાલના જંગલને ટાઈગર રિઝર્વ ઘોષિત કરવા માટે સરકારે કોઈ પ્રસ્તાવ રજૂ કર્યો હોય એવા કોઈ અહેવાલ સમાચાર માધ્યમોમાં આવ્યા નથી.

### પોલીસને કોઈ માહિતી આપે તો પોલીસ કામગીરી કરશે જ તે માત્ર એક ભ્રમ

# 100 પોલીસ કંટ્રોલ રૂમના ભરોસે ના રહેશો!

### ૧૦૦ નંબર પર ફોન કરીને જો મદદની આશા રાખતા હોવ તો નિરાશ થવું પડશે

## ફતેગંજ બ્રિજ પર ૨૪ કલાકથી બાઈક બિનવારસી પડી હોવાની જાણ કરાઈ, પરંતુ પોલીસને તેની કંઈ પડી નથી

વડોદરા, તા. ૩

કાયદો ,વ્યવસ્થા અને નાગરિકોની સુરક્ષા માટે સદાય તૈનાત હોવાના દાવા કરતી શહેર પોલીસને જો કોઈ વ્યકિત કોઈ જાણકારી આપે કે મદદ માટે ફોન કરે તો પોલીસ તુરંત બ્હારે દોડી આવશે તેવું કોઈ શહેરીજન જો માનતું



## ક્વિક રિસ્પોન્સમાં પોલીસ ફેલ

**કંટ્રોલને પ્રથમ કોલ 4.42 સાંજે**

**કંટ્રોલનો રિપ્લાય 5.11 સાંજે**

**બિનવારસી બાઈક ત્યાંને ત્યાં 6.05 સાંજે**

હોય તો તેમની આ માન્યતા માત્ર એક ગેરસમજ સાબિત થશે તેની પ્રતિતી કરાવતો વધુ એક કિસ્સો સપાટી પર આવ્યો છે. શહેરના ફતેગંજ બ્રિજ પર છેલ્લા ૨૪ કલાકથી એક બાઈક બિનવારસી પડી હોવાની એક જાગૃત નાગરિકે શહેર પોલીસ કન્ટ્રોલ રૂમમાં જાણ કરી હતી પરંતુ આ જાણકારી બાદ પણ પોલીસે જાણ કરનાર નાગરિકની પુછપરછ કરી હતી પરંતુ બાઈક મોડી સાંજ સુધી ત્યાં જ પડી રહેતાં શહેરીજનો પોલીસને કોઈ જાણકારી આપવામાં શા માટે ખચકાય છે તેનો જવાબ પણ આ કિસ્સાથી મળી ગયો છે.

શહેરના પુર્વ અને પશ્ચિમ વિસ્તારને જોડતા અને વાહનવ્યહારથી ભરચક એવા ફતેગંજ બ્રિજના ટોપ પર સીધા રોડ પર ગઈ કાલથી જીજે-૦૬-ઓપી-૯૮૩૯ નંબરની યામાહા યામાહા કંપનીની એફ ઝેડ હાઈસ્પીડ બાઈક કેશ બેરિયર પાસે સાઈડ સ્ટેન્ડ કરીને પાર્ક કરાયેલી હાલતમાં પડી રહી છે. આ બ્રિજ પરથી રોજ અવરજવર કરતાં શહેરના એક જાગૃત નાગરીકે ગઈ કાલે સાંજે બાઈકને બ્રિજ પર આ રીતે પાર્ક કરેલી જોઈ હતી જેથી તેમને વિચાર્યું હતું કે બાઈકમાં કદાચ કોઈ ટેકનીકલ ખામી થઈ હશે અથવા તો પેટ્રોલ ખલાસ થયું હશે જેથી બાઈકચાલક આ રીતે તેનું વાહન છોડીને ગયો હશે. ત્યારબાદ રાત્રે પરત જતી વખતે પણ આ બાઈક તેમણે બ્રિજ પર પડેલી જોતાં તેમને નવાઈ લાગી હતી પરંતુ વરસાદના કારણે બાઈકચાલક કદાચ આવી શક્યો નહી હોય તે માની તે રવાના થયા હતા.

જોકે ત્યારબાદ આજે સાંજે આ જાગૃત નાગરીક ફરી કારેલીબાગથી ફતેગંજ તરફ બ્રિજ પરથ જતાં તેમણે બાઈકને ત્યાં જ બિનવારસી હાલતમાં પડેલી જોતાં તેમણે બપોરે ૪.૪૫ વાગે શહેર પોલીસ કન્ટ્રોલ રૂમમાં ફોન કરી જાણ કરી હતી કે ફતેગંજ બ્રિજ પર એક બાઈક બિનવારસી હાલતમાં ગઈ કાલથી બિનવારસી હાલતમાં પડી રહી છે તો તેની તપાસ કરો અને આ માહિતી આપ્યા બાદ તે ત્યાંથી રવાના થયા હતા. જોકે આ માહિતી મળ્યા બાદ તુરંત કામગીરી કરવાના બદલે પોલીસે જાગૃત નાગરિકને બ્રિજ પર પડેલી બાઈકનો નંબર શું છે ? તમે હજુ સુધી ત્યાં ઉભા રહ્યા છો કે નીકળી ગયા છો? પોલીસની કોઈ ગાડી ત્યાં આવી છે? તેવી પૂછપરછ કરી હતી. જોકે જાગૃત નાગરીકે તે પોલીસને જાણ કરવાની ફરજ નિભાવી રવાના થયા છે તેમ જણાવ્યું હતું. બીજીતરફ આ સમગ્ર ઘટનાક્રમની 'લોકસત્તા જનસત્તા'ને માહિતી મળી હતી અને જાગૃત પ્રહરીની ફરજ નિભાવતા 'લોકસત્તા-જનસત્તા' દ્વારા બ્રિજ પર તપાસ કરવામાં આવી હતી જેમાં નવાઈ વચ્ચે સાંજે ૬.૦૫ વાગ્યા સુધી બાઈક એ જ અવસ્થામાં બ્રિજ પર પડી રહી હોવાનું નજરે ચઢ્યું હતું. આ કિસ્સા બાદ એ વાત ચોક્કસ છે કે તાત્કાલિક મદદ માટે કે જાણકારી આપવા માટે જો કોઈ વ્યકિત પોલીસ કન્ટ્રોલ રૂમમાં ૧૦૦ નંબર ફોન કર્યા બાદ મદદની આશા રાખતો હોય તો તેને નિરાશ જ થવું પડશે. આ બ્રિજ પરથી હજારો લોકો અવરજવર કરે છે અને તેઓએ પણ આ બાઈકને બિનવારસી પડેલી જોઈ હશે પરંતુ તે પૈકીના કોઈએ પણ પોલીસને કેમ જાણ ના કરી તેનો જવાબ પણ ઉક્ત કિસ્સા પરથી જ મળી ગયો છે.

## બાઈકની નંબરપ્લેટ બોગસ હોવાની શક્યતા

ફતેગંજ બ્રિજ પર છેલ્લા ૨૪ કલાકથી બિનવારસી હાલતમાં પડેલી બાઈક કોની માલિકીની છે તેની જાણકારી મેળવવા માટે બાઈકના આરટીઓ રજીસ્ટ્રેશન નંબરથી કેન્દ્ર સરકારની એમ પરિવહન એપમાં નંબર નાખી વિગતો મેળવવાનો પ્રયાસ કરાયો હતો પરંતુ આ નંબર અસ્તિત્વમાં નથી તેવો મેસેજ આવતા આ બાઈકની નંબર પ્લેટ કદાચ બોગસ હોવાનું અને તે શક્યત ચોરીની હોવાની પણ શંકા સેવાઈ રહી છે.

### વોર્ડમાં મેયરને ઘેર્યા બાદ હવે પાલિકામાં પણ મેયરને ઘેરવાનો તખ્તો ઘડાયો

# મેયરની ગેરહાજરીમાં શાસકપક્ષના નેતા-દંડકે રિવ્યૂ બેઠક લેતાં ભાજપમાં ભડકો

## શાસકપક્ષના નેતાએ કોના આદેશથી આ બેઠક લીધી તે યક્ષપ્રશ્ન

## ભાજપના શાસનમાં ભાજપના જ મેયરને બદનામ કરવા ભાજપનું જ એક જૂથ સક્રિય?

વડોદરા, તા. ૩

વડોદરા મહાનગરપાલિકામાં એક બાદ એક વિવાદ સપાટી ઉપર આવી રહ્યા છે. મહાનગરપાલિકાની ચૂંટણીની તૈયારીઓ કરવામાં આવી રહી છે તેવામાં વડોદરા શહેરમાં એકબીજાને નીચા પાડવા તેમજ ટાંટિયાખેંચમાં ભાજપના જ કેટલાક લોકો જોતરાઈ ગયા છે. હંમેશા વિવાદોમાં રહેતા મેયરને તેઓના જ વોર્ડમાં ઘેરવાના કારસા બાદ હવે મહાનગરપાલિકામાં પણ તેઓને ઘેરવાનો તખ્તો ઘડી દેવામાં આવ્યો હોય તેમ લાગી રહ્યું છે. હાલમાં મેયર વડોદરામાં હાજર નથી ત્યારે તેઓની ગેરહાજરીમાં કોર્પોરેશનમાં આજે શાસક પક્ષના નેતા અને દંડક દ્વારા અધિકારીઓની રીવ્યુ બેઠક લેવામાં આવી હતી. જેમાં પાંચ વર્ષ દરમિયાન થયેલી કામગીરી અને બાકી કામગીરી અંગેની સમીક્ષા કરવામાં આવી હતી. જો કે મેયરની ગેરહાજરીમાં આ બેઠક યોજાતા ભાજપમાં જ ભડકો જોવા મળી રહ્યો છે.

વડોદરા મહાનગરપલિકા એ રાજકારણનું સમરાંગણ બની ગયું છે. રોજેરોજ કોર્પોરેશન કોઈક ના કોઈક મુદે વિવાદોમાં આવી રહ્યું છે. છેલ્લા ૩ દિવસથી વડોદરાના પ્રથમ નાગરિક મેયરને તેઓના જ વોર્ડમાં ઘેરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. તેઓના વોર્ડમાં વિવિધ વિસ્તારોમાં નાગરિકો દ્વારા સમસ્યાઓના બહાને મેયર ઉપર માછલાં ધોવામાં આવી રહ્યા છે. મેયરને બદનામ કરવા અને નીચા દેખાડવા માટે એક કોર્પોરેટર અને તેની પાછળ મોટા નેતાની સંડોવણી હોવાની ચર્ચા ચાલી રહી છે તેવામાં મેયરને વોર્ડમાં ઘેર્યા બાદ કોર્પોરેશનમાં જ ઘેરવાનો પણ તખ્તો તૈયાર થઈ ગયો હોય તેવું આજની ઘટના બાદ લાગી રહ્યું છે. આજે કોર્પોરેશનમાં અધિકારીઓ સાથે ભાજપના શાસક પક્ષના નેતા મનોજ પટેલ અને દંડક શૈલેષ પાટીલ દ્વારા સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં તમામ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત હતા જેઓ પાસેથી પાંચ વર્ષ દરમિયાન થયેલી કામગીરી અને બાકી રહેલી કામગીરી અંગેની જાણકારી લેવામાં આવી હતી. મેયરની ગેરહાજરીમાં શાસકપક્ષના નેતાએ રીવ્યુ બેઠક બોલાવતા ભાજપમાં જ ભડકો જોવા મળી રહ્યો છે. કારણ કે શાસક પક્ષના નેતાએ કઈ રૂએ આ બેઠક બોલાવી હતી તેની ચર્ચા હાલ ચાલી રહી છે. ત્યારે ખુબ ભાજપમાં જ આ ચર્ચાએ ભારે જોર પકડ્યું છે.

### અધૂરી રહેલી મંછા પૂરી કરવા માટે નેતાનાં પેંતરા

# બે વર્ષથી પાલિકાની પક્ષની કેબિનમાં પગ નહીં મૂકનાર નેતા પક્ષની તાકાતનો પરચો વ્યક્તિગત તાકાત માટે કરી રહ્યા છે?

## પક્ષના આદેશનું નામ ધરી મેયરનું અપમાન કરવાનો પ્રયાસ?

વડોદરા, તા. ૩

વડોદરા મહાનગરપાલિકામાં પોતાની મંછા પુરી ન થતા શાસક પક્ષના નેતા અવારનવાર આવા પેંતરા કરી રહ્યા હોવાની ચર્ચા પાલિકામાં ચાલી રહી છે. મનોજ પટેલને ચેરમેન બનવાની ભરપૂર ઈચ્છા હતી પરંતુ તે પૂર્ણ ન થતા હવે તેઓ પોતાની વ્યક્તિગત તાકાતનો પરચો બતાવી રહ્યો હોવાની ચર્ચા ચાલી રહી છે.

વડોદરા મહાનગરપલિકામાં પ્રથમ અઢી વર્ષની ટર્મ પૂર્ણ થયા બાદ બીજી ટર્મમાં નેતા મનોજ પટેલને સ્થાયી સમિતિના ચેરમેન બનવાની તીવ્ર ઈચ્છા હતી. જો કે પાર્ટીએ તેઓની આ ઈચ્છા ફળીભૂત કરી ન હતી અને તેઓને શાસકપક્ષના નેતા બનાવાયા હતા. નેતા બન્યા બાદ પાલિકા કચેરીમાં તેઓને કેબિનની ફાળવણી કરવામાં આવી હતી. જો કે તેઓને ચેરમેનની સમકક્ષ કેબીન બનાવવી હતી. તેના પ્રયાસો પણ કરવામાં આવ્યા પરંતુ તેઓના આ પ્રયાસો પૂર્ણ ન થયા. જો કે તે મંછા પૂર્ણ ન થતા તેઓ છેલ્લા બે વર્ષથી તેઓને જે કેબીન ફાળવવામાં આવી હતી તેમાં પણ બે વર્ષથી પગ મુક્યો નથી. પક્ષના એન્ટ તરીકે આપવામાં આવેલી કેબીન સ્વીકારી પક્ષની આબરૂ સાચવવાના બદલે નેતા તેઓનો ત્યાગ કરીને બેઠા છે. તો જો એટલી જ ત્યાગની ભાવના હોત તો તેઓને ફાળવવામાં આવેલી ગાડી પણ ત્યાગ કરી દેવો જોઈતો હતો જે કર્યો નથી તેવી પણ ચર્ચા ભાજપમાં ચાલી રહી છે. આ દરમિયાન આજે પક્ષના નેતાના પદનો ઉપયોગ કરવાના બદલે તેનો દુરુપયોગ કરીને પાલિકામાં બોલાવવામાં વેલી બેઠક માત્રને માત્ર મેયરને નીચા દેખાડવા માટેની હોવાનું ભાજપમાં જ ચર્ચાઈ રહ્યું છે. ત્યારે એવી પણ ચર્ચા ચાલી રહી છે કે, પક્ષના આદેશ બાદ આ બેઠક શું મેયરનું અપમાન કરવા માટે બોલાવવામાં આવી હતી?

## ખાલી મીટિંગો જ કરશો કે કામ પણ કરશો? : વિપક્ષના નેતા

શાસકપક્ષના નેતાએ અધિકારીઓ સાથે કરેલી સમીક્ષા બેઠક અંગે વિપક્ષના નેતા ચંદ્રકાન્ત શ્રીવાસ્તવે જણાવ્યું હતું કે, સામાન્ય રીતે આવી બેઠક મેયરની અધ્યક્ષતામાં થતી હોય છે. પરંતુ લોકોએ ૩૦ વર્ષ સત્તા આપી છે તો શું મિટિંગો જ કર્યા કરશો કે કામ પણ કરશો? શહેરમાં અનેક સમસ્યાઓ છે તેને હાલ કરવાના બદલે મારું તમારું કરવા માટે આ બેઠકો બોલાવાઈ રહી હોય એમ લાગે છે. શહેરમાં પાણીની સમસ્યા છે, ખાડાઓ છે આ સમસ્યાઓ દૂર કરવા ઉપર ધ્યાન કેન્દ્રિત કરો.

## લોકો સુધી પહોંચવા શું-શું કામ થયા તેની માહિતી માટે મીટિંગ હતી : શહેર પ્રમુખ

ભાજપના શહેર પ્રમુખ ડો. જયપ્રકાશ સોનીએ આ અંગે જણાવ્યું હતું કે, આગમિસ અમયમાં જયારે ચૂંટણી આવી રહી છે ત્યારે લોકો સમક્ષ ભાજપે હાલ સુધુ શું શું કામ કાર્ય છે અને આગામી સમયમાં કયા કામો કરીશું તે અંગેનો ડેટા મેળવવાની જવાબદારી અમે શાસકપક્ષના નેતાને સોંપી હતી. તેઓ દ્વારા આ મિટિંગ બોલાવવામાં આવી હતી પરંતુ તેને બેઠકનું નામ આપી દેવામાં આવ્યું છે. પાલિકાએ શું શું કામ કર્યા છે તે માહિતી એકત્રિત કરવા અને હવે પછીનો એક્શન પ્લાન કરવા માટેની આ ઔપચારિક મિટિંગ હતી.

## પાલિકામાં મેયરનો કંટ્રોલ નથી તે સાબિત કરવા બેઠક થઇ?

મહાનગરપાલિકામાં શાસકપક્ષના નેતા દ્વારા અધિકારીઓની સમીક્ષા બેઠક બોલાવવામાં આવી હતી અને પાંચ વર્ષ દરમિયાન થયેલી કામગીરી અંગેની ચર્ચા કરી હતી. આ ઉપરાંત કઈ કામગીરી બાકી છે તે અંગેની પણ માહિતી મેળવી હતી. મેયરને બદનામ કરવા અને નીચા દેખાડવા માટે એક જૂથ સક્રિય થયું છે. ત્યારે શું આ બેઠક પાલિકામાં પણ મેયરનો કંટ્રોલ નથી તે સાબિત કરવા માટે બોલાવવામાં આવી હતી? તેવી ચર્ચાએ જોર પકડ્યું છે. આ બેઠક એવા સમયે બોલાવવામાં આવી છે જયારે મેયર વડોદરામાં હાજર નથી ત્યારે આ અંગે અનેક તર્ક વિતર્ક ચાલી રહ્યા છે.

## શાસકપક્ષના નેતાનો હોદ્દો બંધારણીય નથી, આમ બેઠક ન બોલાવી શકે

શાસકપક્ષના નેતાનો હોદ્દો એ મહાનગરપાલિકામાં બંધારણીય હોદ્દો કહી શકાય નહીં. જીપીએમસી એકટના જાણકારોના જણાવ્યા મુજબ આ હોદ્દો એ પક્ષનો આંતરિક હોદ્દો કહી શકાય. જે બંધારણીય હોદ્દો નથી. કાયદા મુજબ આ હોદેદારો આવી બેઠક બોલાવી શકે નહીં.

## અધિકારીઓ કયા હોદ્દાની રૂએ બેઠકમાં ગયા? મેયર ખુલાસો પૂછે તેવી શક્યતા

શાસકપક્ષના નેતા એ બંધારણીય હોદ્દો નાતી ત્યારે તેઓ દ્વારા બોલાવાયેલી બેઠકમાં તમામ વિભાગના અધિકારીઓ હાજર રહયા હતા. ત્યારે આ અધિકારીઓ પણ કયા હોદ્દાની રૂએ બોલાવેલી આ બેઠકમાં ઉપસ્થિત રહ્યા તે પણ એક પ્રશ્ન છે. મેયર હાલમાં દિલ્હી ખાતે એક કાર્યક્રમમાં હાજરી આપવા ગયા છે ત્યારે તેઓના પરત આવ્યા બાદ અધિકારીઓ પાસે આ અંગેનો ખુલાસો માંગવામાં આવે તેવી પણ શક્યતાઓ જણાઈ રહી છે.